بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**અહલે સુન્નત વ જમાઅત**

# برکاتِ خواجہ
# બરકાતે ખ્વાજા

**ચા'ને મસ્લકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર**

**માસિક** બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ
બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ


**બરકાતે ખ્વાજા** (માસિક)

**તા. ૦૧–માર્ચ–૨૦૦૮**

**સફરુલ મુઝફ્ફર–રબીઉલ અવ્વલ શરીફ**

**હિજરી સન : ૧૪૨૯**

**વર્ષ : ૦૫, અંક : ૦૩, સળંગ અંક : ૫૧**


**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**


**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફય્ઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫–૦૦ |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦–૦૦ |
| વિદેશ માટે | £ | 15–00 |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦–૦૦ |
| આજીવન | રૂા. | ૩૦૦૦–૦૦ |
| વિદેશ માટે પેટ્રન | £ | 150–00 |
| વિદેશ માટે આજીવન | £ | 250–00 |


**★ માનદ તંત્રી ★**

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc)


## અર્શ કી અક્લ દંગ હે, ચર્ખ મેં આસમાન હે

અર્શ કી અક્લ દંગ હે, ચર્ખ મેં આસમાન હે
જાને મુરાદ અબ કિધર હાય ! તેરા મકાન હે
અર્શ પે તાઝા છેળ છાળ ફર્શ પે તુર્ફા ધૂમ–ધામ
કાન જિધર લગાઈએ તેરી હી દાસ્તાન હે
મુઝ સા સિયાહકાર કૌન ઉનસા શફીઅ હે કહાં
ફિર વો તુઝી કો ભૂલ જાએ દિલ યે તેરા ગુમાન હે
વો જો ન થે તો કુછ ન થા વો જો ન હો તો કુછ ન હો
જાન હે વો જહાન કી, જાન હે તો જહાન હે
પેશે નજર વો નૌબહાર સજદે કો દિલ હે બેક઼રાર
રોકિએ સર કો રોકિએ હાં યહી તો ઈમ્તેહાન હે
બારે જલાલ ઉઠા લિયા ગરચે કલેજા શક઼ હૂઆ
યૂં તો યે માહ સબ્ઝ રંગ નજરોં મેં ધાન પાન હે
ખૌફ ન રખ **'રઝા'** ઝરા તૂ તો હે અબ્દે મુસ્તફા
તેરે લિએ અમાન હે તેરે લિએ અમાન હે

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહકોને નમ્ર ગુઝારિશ !**

**બરકાતે ખ્વાજા (માસિક) અંગેની કોઈ પણ ફરિયાદ માટે ફોન કે પત્ર વ્યવહાર કરો તો આપનો ગ્રાહક નંબર અવશ્ય લખો. તેમજ દરેક ગ્રાહક પોતાનો ફોન નંબર લખી મોકલે અથવા ફોનથી જણાવે એવી વિનંતિ** *–તંત્રી*

web. : www.barkatekhwaja.net

**નોંધ** **આ સાથેના વર્તુળમાં લાલ ચોકડી હોય તો સમજવું કે તમારું લવાજમ પૂરું થયું છે. તો જલ્દીથી મોકલાવી દેવું.**

બરકાતે ખ્વાજા (માસિક) માર્ચ–૨૦૦૮
વર્ષ : ૦૫ અંક : ૦૩ સળંગ અંક : ૫૧


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **મીલાદુન્નબી ﷺ મો'મિન તથા મુનાફિકને પહેચાનવાની એક તક!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી *(તંત્રી લેખ)* | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૦ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | **અઝ** : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૨ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ (ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૫. | રહમતે દારૈન ﷺના શયદાઈ | **રજૂકર્તા** : ફરજાના સાજિદ પટેલ–દયાદરા | ૧૬ |
| ૦૬. | SIOની "ઈસ્લામિક નોલેજ ટેસ્ટ" પુસ્તિકાના ભીતરમાં ડોકિયું ! | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી | ૧૮ |
| ૦૭. | કહેવાતા 'અહલે હદીષ'નો હદીષોથી જ ફરાર ?! | **રજૂકર્તા** : જનાબ ઝહીર દહેગામી *(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયહ્–મુબારકપુર, યુ.પી.)* | ૨૩ |
| ૦૮. | પાકીઝા ઈસ્લામી સમાજ રચનાની જરૂરત અને આપણે ! | **રજૂકર્તા** : મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ | ૨૭ |
| ૦૯. | **સમગ્ર વિશ્વમાં અમેરિકાએ આચરેલા અમાનુષી ત્રાસવાદની ઝલક** | **કાર્યાલય** | ૩૧ |
| ૧૦. | પેપ્સી અને કોકાકોલામાં સુવ્વરના માંસનો અર્ક (Extract) એક સિદ્ધ હકીકત....!! | **રજૂકર્તા** ફારૂકભાઈ મિસ્ટર (વાનકુવર, કેનેડા) **અનુવાદક** : ઈસ્માઈલ વલી સાલેહ–દયાદરા | ૩૬ |
| ૧૧. | ઈસ્લામી પર્દો અને પશ્ચિમી દિમાગોના ખોટા વહેમો | **રજૂકર્તા** : મુહમ્મદ અલ્તાફહુસૈન ચાંચવેલી *(મુતઅલ્લિમ અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારક)* | ૩૭ |
| ૧૨. | ઈસ્લામમાં સ્ત્રી અધિકાર તથા માનવહક્કોનું મહત્વ અને વર્તમાન જગત! | **અઝ** : મુનવ્વર ઈકબાલ પટેલ હલદરવી *(મુતઅલ્લિમ : દા.ઉ. કાદરિય્યહ ગરીબ નવાઝ,સા. આફ્રિકા)* | ૪૧ |
| ૧૩. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |

# મીલાદુન્નબી ﷺ મો'મિન તથા મુનાફિકને પહેચાનવાની એક તક !

તંત્રી લેખ

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ**
**સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં !**

**હે ખુશ અકીદા સુન્નીઓ !** આખી જિંદગી સજદામાં સર રાખીને અલ્લાહનો શુક્ર અદા કરો છતાં પણ અલ્લાહનો શુક્ર તમે નથી અદા કરી શક્તા ! એવાં એવાં મહાન એહસાનો રબ તઆલાએ આપણા પર કર્યા છે, અને સૌથી મહાન એહસાન કે આપણને તેના પ્યારા મહબૂબ ﷺના જાંનિષાર ઉમ્મતી બનાવ્યા તથા આપની મહોબ્બતમાં સર્વસ્વ કુર્બાન કરવાનો જઝબો આપણા દિલોમાં ભરી આપ્યો. ખુશ અકીદા હોવા પર મારા તરફથી મુબારકબાદ લો ! ખુશ રહો ! બંને જહાનમાં તમે આબાદ છો !

## ★ રબ જેને મહાન કહે તેની મહાનતાને કોણ માપી શકે ?! ★

રબ તઆલાએ આપણને હાથ આપ્યા, પગ આપ્યા, નાક, કાન, જીભ, દિમાગ તથા જાત જાતની શક્તિ તથા સમજ અતા કરી, સાથો સાથ આપણી આસપાસ, ઉપર નીચે ફેલાયેલી આ સૃષ્ટિમાં અગણિત નઅમતો ફેલાવી દીધી, આ જમીન પર ખેંચાયેલી હરીયાળી ચાદરો, આ રંગબેરંગી સુગંધીદાર ફૂલો તથા વિવિધ સ્વાદવાળા તથા સત્વવાળાં ફળોના બગીચાઓ, આ પાણીનાં સરોવરો અને મનમોહક દશ્યો ખડાં કરતા ધોધ તથા આકાશને આંબતા પહાડો અને વિવિધ અનુભવો કરાવતી ઋતુઓ.... શું શું નથી આ જગતમાં...! પણ છતાંય રબ્બે કરીમે આટલુ બધું આપ્યા છતાં એ નથી ફર્માવ્યું કે, ''હે લોકો ! મેં તમારા પર એહસાન કર્યું ! આટલી મહાન તથા દિલો જિગરને સુકૂન બખ્શનારી નેઅમતો અર્પણ કરી છતાં રબ્બે કરીમે નથી ફર્માવ્યું કે, તમારા પર એહસાન કર્યું ! પણ વિચારો કે એ કેવી મહાન નેઅમત હશે કે જેને અર્પણ કરવાના સાથોસાથ ખુદા ખૂદ એ રીતે કહે છે કે, ''હે લોકો ! મેં તમારા પર 'મહાન એહસાન' કર્યું !'' સાંભળો ! જો દિલ દિમાગને હાજર કરીને સાંભળે તો જેના દિમાગમાં રજમાત્ર પણ બદ્અકીદગીનો છાંટો હોય તો તે પણ ધોવાઈ જાય એવું આ ફર્માન છે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ ''બેશક ! અલ્લાહનું 'મહાન એહસાન' થયું મુસલમાનો પર કે એમનામાં એમનામાંથી જ એક રસૂલ મોકલ્યા.'' *(સૂ. આલે ઈમરાન, પા.૪, રુકૂઅ–૧૭)*

હે લોકો ! કાંઈક સમજો ! આ જગત કેટલું વિશાળ છે, કેટલી જમીન, કેટલી નદીઓ, કેટલી અનાજ, તેલ વગેરેની પેદાશ તથા કેટલી મિલ્કતો, દૌલતો, ખૂબસૂરતી તથા અગણિત સંપત્તિઓ આ જગતમાં છે. કોઈ એક ટુકડા જમીનનો, કોઈ ફેકટરીનો, એક શોપિંગ સેન્ટરનો માલિક હોય તો ફુલ્યો નથી સમાતો અને કોઈ રાજ્યનો રાજા કે વડો હોય તેનું દિમાગ તો હવામાં જ ઉડતુ હોય છે ! દુનિયાની થોડીક મિલ્કત તથા સત્તા ખાતર માનવ માનવનું જ નહીં સગાભાઈનું પણ ખૂન કરે છે ! માં બાપથી પણ સંબંધો કટ કરે છે ! સહેજ અણધાર્યું થાય તો કાબૂ બહાર થઈ હાય પીટ કરે છે ! થોડીક મિલ્કત

થઈ જાય અને મૌત આવી જાય તો મિલ્કતમાં, ઔલાદમાં જીવ રહી જતો હોય તેમ જલ્દી જીવ નથી અપાતો ! મૃત્યુ વેળા તેની જ હાય હાય તથા ફિકર માનવીને રહે છે ! પણ આટલા સમૃદ્ધ **જગતની કિંમત રબ તઆલા પાસે** કેટલી છે તે જાણો છો ?! **"મરેલી બદબૂદાર બકરી તથા મચ્છરની પાંખ જેટલી પણ દુનિયાની હૈસિયત નથી !"** કુર્આને પાકમાં છે : قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ "હે મહબૂબ ! ફર્માવી દો કે દુનિયાનો સામાન થોડોક છે." *(પા. ૫, રુકૂઅ–૭)*

અને હદીષે પાક છે, "એક મરેલી બકરી પાસેથી હુઝૂર ﷺ પસાર થયા. આપે ફર્માવ્યું, શું આ બકરી તેના માલિકને પસંદ છે ? સહાબાએ કિરામે અર્ઝ કરી, એની બદબૂના કારણે જ તો અહીં ફેંકી દેવામાં આવી છે ! તો આપે ફર્માવ્યું, "ખુદાની કસમ ! દુનિયા અલ્લાહની નજીક આ મુરદાર બકરીથી પણ અધિક બેકાર (તુચ્છ) છે, જો અલ્લાહને ત્યાં દુનિયાનો મકામ મચ્છરની પાંખ બરાબર પણ હોત તો કોઈ કાફિર આ દુનિયાથી એક ઘૂંટ પાણી ન પી શકત." *(ઈબ્ને માજહ, પેજ–૩૦૨)*

વિચારો ! આપણી દૃષ્ટિમાં આવા મહાન જગતને જ્યારે રબ આટલું તુચ્છ દર્શાવે છે, તો પછી તે રબ જેને 'મહાન' કહે તેની મહાનતા કેટલી હશે ?! એ માણસની સોચ, સમજ તથા એહસાસ, અનુભૂતિ બહારની વાત છે. યકીનન ! રસૂલે પાક ﷺનું દુનિયામાં આગમન એ આપણા માટે 'અનહદ મહાન નેઅમત' છે.

## ★ હુઝૂર ﷺની વિલાદતથી કોણ નારાજ થયું ! ★

માણસની ખુશીના પ્રસંગો કયા કયા ? કોઈએ પરીક્ષા પાસ કરી, પૈંડા વહેંચાયા ! શાદી નક્કી થઈ, પૈંડા ! કોઈને **U.K., U.S.A.**ની વિઝા મળી તો હવામાં ઉડવા લાગ્યા ! પુત્ર જન્મ થયો કે મન નાચી ઉઠયું ! મનગમતી વસ્તુ મળી ગઈ ! ખુશીઓની છોળો ઉડવા લાગી ! સારાંશ કે રબની કોઈ નેઅમત મળે તો માણસ ખુશીમાં ઉછળી પડે છે, તો રબ તઆલાના જ વર્ણન થયેલ શબ્દોમાં 'મહાન નેઅમત' અલ્લાહના હબીબ ﷺ આપણને મળ્યા તો તેની ખુશી કેમ ન મનાવીએ ?! મો'મિનની શાન તો એ જ છે કે ખુશી મનાવે અને મો'મિનો ૧૪૦૦ વરસોથી મનાવતા આવ્યા છે. હા ! શૈતાન અને તેના ચેલાઓ હુઝૂરે અકરમ ﷺના દુનિયામાં આગમન પર નારાજ તથા નિરાશ થઈ ગયા હતા. જેમ કે હદીષે પાક છે :–

ઈકરમાથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની વિલાદત થઈ તો ઈબ્લીસે જોયું કે આસ્માનથી તારા પડી રહ્યા છે. તેણે પોતાના લશ્કરને કહ્યું, રાત્રે તે પેદા થયો જે આપણી વ્યવસ્થાને વેરવિખેર કરી નાખશે ! તેના લશ્કરીઓએ કહ્યું, તમે તેની નજીક જાવ અને તેને સ્પર્શીને પાગલપનમાં સપડાવી દો. જ્યારે તે એ નિય્યતે હુઝૂર ﷺની નજીક જવા લાગ્યો તો હઝરત જિબ્રઈલે અમીને તેને પગથી ઠોકર મારી અને તેને દૂર અદનમાં ફેંકી દીધો. *(અસ્સીરતુન્નબવિય્યહ, ભાગ–૧, પેજ–૪૭, ૪૮, અઝ : અલ્લામા અહમદ ઝયની દહલાન)*

રૌઝુલ્ અન્ફ, ભાગ–૧, પેજ–૧૮૧માં અલ્લામા અબુલ કાસિમ સુહેલી લખે છે :– ઈબ્લીસ મલઊન જિંદગીમાં ચાર વાર **ચીસો પાડીને રડયો.** પ્રથમવાર જ્યારે તેને મલઊન (લઅનત પામેલ) ઠરાવવામાં આવ્યો. બીજીવાર જ્યારે તેને બલંદીથી પસ્તીની તરફ ધકેલવામાં આવ્યો. ત્રીજીવાર **જ્યારે સરકારે દો આલમ ﷺની વિલાદત થઈ** અને ચોથીવાર જ્યારે સૂરએ ફાતિહા નાઝિલ થઈ.

## ★ મીલાદ શરીફ મનાવવાના ક્રમમાં બુઝુર્ગોનાં કથનો ★

તો આજે પણ જ્યારે નબી કરીમ ﷺના દીવાના, નબી પાક ﷺના ચાહવાવાળા ખુશ અક઼ીદા મુસલમાનો સરકારે દો આલમ ﷺની વિલાદતના દિવસે ખુશી મનાવે છે તો એ જ શૈતાનના ચેલાઓ, મુનાફિકો સળગી ઉઠે છે અને હોશ ગુમાવીને તેની વિરુધ્ધ અયોગ્ય બકવાસ કરવા માંડે છે. અહીં સૌ પ્રથમ એ દર્શાવીએ કે આપણા બુઝુર્ગો મીલાદુન્નબી ﷺ સંબંધે શું કહે છે અને પછી વર્તમાનકાળના મુનાફિકો શૈતાનના મિત્રો શું કહે છે તેનો અભ્યાસ કરો અને તમારી જાતે જ ફેંસલો કરો કે મો'મિન કોણ અને મુનાફિક કોણ છે ?! કુર્આને પાકમાં રબ્બે કરીમ ખૂદ ફર્માવે છે :–

قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا هُوَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ''હે હબીબ ! આપ ફર્માવો, અલ્લાહનો ફઝ્લ અને તેની રહમતથી અને વળી જોઈએ કે તેના પર ખુશી મનાવે, એ બેહતર છે તે તમામ ચીજોથી જેને એઓ જમા કરે છે.'' *(સૂ. યૂનુસ, ૮૫)*

આ આયતે કરીમામાં હુકમ આપવામાં આવી રહ્યો છે કે જ્યારે અલ્લાહનો ફઝ્લ તથા તેની રહમત થાય તો મુંહ વકાસીને ન બેસો, તમારી હાંડલીઓને ઊંધી ન મૂકો, જે ચિરાગ સળગી રહ્યા છે તેને પણ ન બુઝાવી દો, કેમ કે એ શુક્રની રીત નથી બલ્કે નાશુક્રી છે. એવું ન કરો બલ્કે فليفرحوا ''ખુશી અને ઉમંગનો ઈઝહાર કરો.'' અને એ દર્શાવવાની કાંઈ જરૂરત નથી કે ખુશીની ભાવનાઓને પ્રદર્શિત કરવાનો કયો તરીકો હોય છે, જ્યારે દિલમાં સાચી ખુશીના ભાવો ઉભરાઈ ઉઠે છે તો તે પોતાના પ્રદર્શન માટે આપોઆપ માર્ગ કરી લીધા કરે છે.

મુસ્લિમ ઉમ્મત સદીઓથી આ મહાન નેઅમત પર પોતાની શુક્ર તથા ખુશીની લાગણીઓને પ્રદર્શિત કરતી રહી છે. દર વરસે દરેક ઈસ્લામી દેશના દરેક નાના મોટા ગામો શહેરોમાં ઝિક્ર ફિક્રની મેહફિલો ગોઠવાતી રહે છે જેમાં અલ્લાહ તઆલાની શાને કિબ્રિયાઈ તથા તેના મહબૂબે મુકર્રમ, શફીઉલ મુઝનબીન ﷺની શાને રિફઅતની ચર્ચાઓ કરવામાં આવે છે. અને નઅતો સલામની ગુંજથી વાતાવરણ ઈત્રમય બની જાય છે. એવું લાગે છે કે જાણે ઈસ્લામના ગુલશનમાં નવેસરથી બહાર આવી ગઈ છે !

આવો મીલાદુન્નબી ﷺ મનાવવા સંબંધે આપણા બુઝુર્ગોનો શો અક઼ીદો હતો અને ક્યારથી મનાવાય છે તેના વિશે મોઅતબર ઈમામોનાં શું બયાનો છે તેને જોતા ચાલો !

ઈમામ અબૂ શામાહ જેઓ ઈમામ નવવી શારેહે મુસ્લિમના ઉસ્તાઝુલ હદીષ છે તે ફર્માવે છે : ''આપણા જમાનામાં જે બેહતરીન નવું કામ કરવામાં આવે છે તે એ છે કે લોકો દર વર્ષે હુઝૂર ﷺની મીલાદના દિવસે સદક઼ા તથા ખૈરાત કરે છે અને ખુશી પ્રદર્શિત કરવા માટે પોતાનાં ઘરો અને મહોલ્લાઓને શણગારે છે, કેમ કે એમાં કેટલાયે ફાયદાઓ છે. ફક઼ીરો તથા મિસ્કીનો સાથે એહસાન અને પ્રેમભાવનો વર્તાવ થાય છે, તેમજ જે શખ્સ આ કામ કરે છે તો જણાય છે કે તેના દિલમાં અલ્લાહ તઆલાના મહબૂબની મહોબ્બત અને અઝમતનો ચિરાગ ચમકી રહ્યો છે. અને સૌથી મોટી વાત એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺને પેદા કરીને અને હુઝૂરને રહ્મતુલ્ લિલ્ આલમીનની ગર્વમય ખિલ્અત પહેરાવીને મોકલ્યા છે. અને આ અલ્લાહ તઆલાનું પોતાના બંદાઓ પર ઘણુ જ 'મહાન એહસાન' છે જેનો શુક્રિયા અદા કરવાના માટે આ ખુશીને પ્રદર્શિત કરવામાં આવી રહી છે.'' *(સીરતુલ હલબિય્યહ, ભાગ–૧, પેજ–૮૦, બહવાલા સીરતે ઝિયાઉન્નબી ﷺ)*

એક અન્ય મોહદ્દિષ ઈમામ સખાવીનો ઈર્શાદ પણ જોઈ લો ! આપ ફર્માવે છે : "વર્તમાન રીતે મેહફિલે મીલાદની ગોઠવણ કુરૂને ષલાષા (રસૂલ, સહાબા તથા, તાબઈના સમય) પછી શરૂ થઈ. પછી એ સમયથી સર્વ દેશોમાં અને સર્વ મોટા શહેરોમાં મુસલમાનો મીલાદ શરીફની મેહફિલો કરતા આવ્યા છે. તેની રાતોમાં સદક઼ાઓ તથા ખૈરાત થકી ફક઼ીરો તથા ગરીબોની દિલદારી કરે છે. હુઝૂરની વિલાદતે બાસઆદતનો વાક્યો પઢીને હાજરજનોને ઘણી જ કાળજીપૂર્વક સંભળાવવામાં આવે છે. અને **આ અમલની બરકતોથી અલ્લાહ તઆલા પોતાના મહાન ફઝ્લની તેમના પર વર્ષા** કરે છે."

અને એક ત્રીજા મોહદ્દિષ જેઓ ઝઈફ હદીષો પર આલોચના કરવામાં બેરહમીની હદ સુધી બેબાક છે. (ઝઈફ હદીષ ચલાવી ન લેતા !) એટલે અલ્લામા ઈબ્ને જવઝી (અલ્લામા અબુલ ફરજ અબ્દુર્રહમાન બિન જવઝી)ની રાય પણ જોઈ લો ! :–

ફર્માવે છે : "મેહફિલે મીલાદની ખાસ બરકતોમાંથી એ છે કે જે એને ગોઠવે છે તે **એની બરકતથી આખુ વરસ રબ તઆલાની હિફાઝત તથા અમાનમાં રહે છે** અને પોતાના મક઼સદ તથા હેતુઓની જલ્દી પ્રાપ્તિના માટે આ એક બશારત (ખુશખબરી) છે."

એ જ ઈમામ જવઝી લખે છે કે સૌથી પ્રથમ (વર્તમાન તરીક઼ા મુજબ) અર્બલના બાદશાહ મલિક મુઝફફર અબૂ સઈદે એની શરૂઆત કરી અને તે સમયના પ્રખ્યાત મોહદ્દિષ હાફિઝ ઈબ્ને દહિય્યહ્એ આ મક઼સદના માટે એક કિતાબ લખી અને એનું નામ 'અત્તન્વીર ફી હવલદિલ્ બશીરિન્નઝીર' રાખ્યું. મલિક મુઝફફરની સમક્ષ જ્યારે એ કિતાબ રજૂ કરવામાં આવી તો તેણે ઈબ્ને દહિય્યહ્ને એક હજાર અશરફી ઈનામરૂપે આપી. તે રબીઉલ અવ્વલ શરીફમાં દર વરસે મેહફિલે મીલાદની ગોઠવણીની વ્યવસ્થા કરતો હતો. બુદ્ધિશાળી, શાણો, બહાદુર તથા મર્દે મેદાન હતો. દાનિશ્વર તથા ન્યાયી હતો. તેનો રાજ્યકાળ ઘણો લાંબો હતો, એટલે સુધી કે તેણે હિ.સ. ૬૩૦માં એ હાલતમાં વફાત પામી કે તેણે ઉક્કહના શહેરમાં જ્યાં ઈસાઈઓએ કબજો કરી રાખ્યો હતો તેનો ઘેરો કરેલો હતો. તેનું જાહેર તથા બાતિન (અંતર) ખૂબ જ પસંદીદા હતું. ઈબ્ને જવઝીના શબ્દોમાં આપ એ મર્દે મો'મિનની સીરતને વાંચો :

સિબ્ત ઈબ્ને જવઝી પોતાની કિતાબ 'મિર્અતુઝ્ઝમાં'માં એ ઝિયાફતનો ઉલ્લેખ કરે છે જે મલિક મુઝફફર મીલાદ શરીફના મોકા પર કર્યા કરતો હતો અને જેમાં એ સમયના મહાન ઉલમા તથા અઝીમ સૂફીઓ શિર્કત કરતા હતા. એ ઝિયાફતનો હાલ એ માણસ થકી બયાન કરવામાં આવે છે જે દા'વતમાં શરીક હતો તે કહે છે : મેં ઘેટાં બકરીઓનાં પાંચ હજાર માથાં, દસ હજાર મરઘીઓ તથા ફિરનીના એક લાખ કટોરા અને હલ્વાના ત્રણ હજાર થાળો જાતે જોયા છે. જે ઉલમા તથા સૂફીઓ એ ઝિયાફતમાં શરીક થતા તેમને મલિક મુઝફફર ખિલ્અતે શાહી (ઝભ્ભાઓ) પહેરાવતો. અને મીલાદ શરીફના આ પ્રોગ્રામમાં ત્રણ લાખ દીનાર ખર્ચ કરતો. *(બહવાલા : સીરતે ઝિયાઉન્નબી ﷺ, પેજ–૪૯)*

એ સિવાય પણ અન્ય રિવાયતો સેંકડો વરસોથી ઘણી શાનો શૌકત સાથે મીલાદુન્નબી ﷺ મનાવવામાં આવતો હોવા વિશેના મહાન ઉલમાએ કિરામ તથા સૂફિયાએ કિરામ તથા બાદશાહોના અસંખ્ય હવાલા સીરતની કિતાબોમાં જોવા મળે છે. પણ વર્તમાનકાળના કેટલાક પેટના બળ્યા શૈતાનના ચેલાઓ તેને બિદઅત કહે છે, અને બિદઅત પણ કઈ 'બુરી બિદઅત !' બેશક ! હદીષે પાકમાં બિદઅતથી બચવાનો હુકમ છે, પણ બિદઅતનો અર્થ શું છે ?!

જો બિદઅતનો અર્થ એ છે કે, "તે અમલ જે રિસાલતકાળમાં અને ખુલફાએ રાશિદીનના દૌરમાં ન હતો અને પછી અસ્તિત્વમાં આવ્યો તે બિદઅત છે અને બુરી બિદઅત છે, તેના પર અમલ કરનાર

ગુમરાહ છે અને દોઝખનું બળતણ છે." તો પછી એના હેઠળ કેવળ મેહફિલે મીલાદ જ નહીં આવે બલ્કે ઉમ્મતની કોઈ પણ વ્યક્તિ ગુમરાહ ઠરવાથી બચશે નહીં ! આ મોટા મોટા મદરસા, આ દસ્તારબંદીના જલસાઓ, આ મોલ્વીઓના પગારો, આ ચંદાની ચોપડીઓ તથા તેના સફીરો, આ દારુલ ઉલૂમ દેવબંદની શતાબ્દીનો પ્રોગ્રામ જે થયો હતો.... વગેરે એમાં જ આવી જશે !

હઝરત અલ્લામા ઈસ્માઈલ હક્કી رضی اللہ عنہ તફસીરે રૂહુલ બયાન, આયત "મુહમ્મદુર્રસૂલુલ્લાહ"ના હેઠળ ફર્માવે છે : "મીલાદ શરીફ કરવી પણ હુઝૂર ﷺની એક તા'ઝીમ છે જ્યારે તે મના બાબતોથી ખાલી હોય. ઈમામ સિયૂતી قدس سرہ ફર્માવે છે કે આપણા માટે હુઝૂર ﷺની વિલાદત પર શુક્રનો ઈઝહાર કરવો મુસ્તહબ છે. પછી હાફિઝ ઈબ્ને હજર અને હાફિઝ સિયૂતીએ મીલાદની અસ્લ (દલીલ) સુન્નતથી સાબિત કરી છે અને એ લોકોને રદિયો આપ્યો છે જેઓ મીલાદ શરીફને બિદઅતે સૈયઅહ (બુરી બિદઅત) કહીને મના કરે છે. *(રૂહુલ બયાન, ભાગ–૫, પેજ–૬૬૧)*

ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ 'મક્તૂબાત શરીફ'માં મીલાદ શરીફના બારામાં ફર્માવે છે : સારા અવાજમાં કુર્આન, ક઼સીદા, નઅત શરીફ અને ફઝાઈલ બયાન કરવામાં શું વાંધો છે ?!

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી ફર્માવે છે કે **મક્કા મોઅઝ્ઝમામાં મીલાદ શરીફના દિવસે હું હુઝૂર ﷺના જન્મ સ્થળે હતો** (જ્યાં અત્યારે વહાબી ગુસ્તાખોએ લાયબ્રેરી કરી દીધી છે જેને મોટા ભાગે બંધ રાખે છે અને મીલાદ મનાવવા પર પ્રતિબંધ છે) **તે વખતે લોકો આપના પર દુરૂદ શરીફ પઢતા હતા અને આપની વિલાદતનો ઝિક્ર કરતા હતા, મો'જિઝા બયાન કરતા હતા જે આપના જન્મ સમયે જાહેર થયા હતા. મેં એ મજલિસમાં અન્વાર તથા બરકતો જોયી.** પછી મેં જોયું તો માલૂમ પડયું કે **એ અન્વાર તે ફરિશ્તાઓના છે** જેઓ આવી મજલિસ પર મુક઼ર્રર થાય છે, અને મેં જોયું કે **ફરિશ્તાઓના અને રહમતના અન્વાર** આપસમાં મળેલા છે. *(ફુયૂઝુલ હરમૈન, પેજ–૨૭)*

અને એ જ શાહ સાહબ બીજી જગાએ જણાવે છે કે, "મારા વાલિદ માજિદે મને જણાવ્યું કે હું મીલાદના દિવસોમાં હુઝૂર ﷺની વિલાદતની ખુશીમાં ખાણુ પકાવતો હતો. એક વરસે શેકેલા ચણા સિવાય કાંઈ હાજર ન હતું તો એ જ લોકોમાં વહેંચી આપ્યું. હુઝૂર ﷺને ખ્વાબમાં જોયા કે શેકેલા ચણા આપની સમક્ષ છે અને આપ ઘણા જ ખુશ છે. *(દુર્રે ષમીન)*

અંતમાં હું 'ફતાવા અજમલિયહ્' (ભાગ–૪)માંથી "મીલાદુન્નબી ﷺ મનાવવું **શિર્ક** તથા હાજર થનારા મુશ્રિક" એવું કહેનારના જવાબમાં જે ફર્માવ્યું તેનો ટૂંકસાર રજૂ કરું છું :–

"આપણા નબી ﷺને મોકલવા તથા વિલાદત સંબંધે સૌથી પ્રથમ મજલિસ ખૂદ અલ્લાહે યૌમે મીષાક઼માં ગોઠવી જેમાં સર્વ અંબિયા તથા રસૂલો હાજર હતા. જેમ કે રબ ફર્માવે છે : (અર્થ) "અને યાદ કરો જ્યારે અલ્લાહે પયગંબરોથી એનો વાયદો લીધો કે જો હું તમારામાં કિતાબ તથા હિકમત આપું, પછી તશરીફ લાવે તમારામાં તે રસૂલ કે તમારી કિતાબોનું સમર્થન કરે તો તમે જરૂર જરૂર એમના પર ઈમાન લાવજો અને જરૂર એની મદદ કરજો. ફર્માવ્યું, શું તમે ઈક઼રાર કર્યો ? ફર્માવ્યું, તો એકબીજા પર ગવાહ થઈ જાવ, હું પોતે તમારી સાથે ગવાહોમાં છું." *(સૂરએ આલે ઈમરાન, આયત–૮)*

રબ તઆલાએ આ એક મજલિસ ગોઠવી જેમાં હુઝૂર ﷺના આગમન તથા પેદા થવાનો ઉલ્લેખ કર્યો અને એમના પર ઈમાન લાવવાનો વાયદો લીધો, તો મીલાદુન્નબી ﷺ મનાવનાર સૌ પ્રથમ તો અલ્લાહ અને હાજર રહેનારા નબીઓ, રસૂલો હતા. અને આ જ વાયદાના કારણે દરેક નબી પોત

પોતાના દૌરમાં આપણા નબી ﷺની વિલાદત તથા આગમન તથા ફઝાઈલ તથા પ્રશંસાની મેહફિલો કરતા રહ્યા અને પોત પોતાની ઉમ્મતને તેમના પર ઈમાન લાવવાનું કહેતા રહ્યા. જેની વિગત માટે મૂળ કિતાબ વાંચી લેશો.

તેમજ હદીષે પાકમાં પણ છે કે, "હઝરત અબ્બાસ رضی اللہ عنہ હુઝૂરની ખિદમતમાં હાજર થયા કે તેમણે કાંઈક હુઝૂર ﷺ ના વંશજોના બારામાં ટીકા સાંભળી. તો હુઝૂર ﷺ મિમ્બર પર ઉભા થયા અને ફર્માવ્યું, હું કોણ છું ? સહાબાએ અર્ઝ કરી, આપ અલ્લાહના રસૂલ છો ! આપ પર સલામ થજો. ફર્માવ્યું, હું મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છું ! બેશક ! અલ્લાહે મખ્લૂકને પેદા કરી અને મને તેમના બેહતરીનમાં પેદા કર્યો. પછી તેમને ગિરોહમાં કર્યા તો મને તેમના શ્રેષ્ઠ ગિરોહમાં પેદા કર્યો. પછી તેના કબીલા બનાવ્યા તો મને તેમાંના શ્રેષ્ઠ કબીલામાં પેદા કર્યો પછી તેનાં ખાનદાન બનાવ્યાં તો મને તેમનાં શ્રેષ્ઠ ખાનદાનમાં તથા શ્રેષ્ઠ જાતોમાં પેદા કર્યો. *(તિર્મિઝી શરીફ, ભાગ–૨, પેજ–૨૦૧)* પછી દરેક દૌરમાં સહાબા, તાબઈન પૂર્વજ બુઝુર્ગો, ઉલમા સર્વ મુસ્લિમો વિલાદતે પાકના ઝિક્રની મેહફિલો કરતા આવ્યા જેમ કે ઉપર વર્ણન થઈ ગયું.

**હે ઈન્સાફપ્રિય વાંચકો !** મીલાદુન્નબી ﷺ મનાવવા વિશે ઉપરોક્ત લખાણોમાં આગલા મહાન ઈમામો તથા બુઝુર્ગો તેમજ પાછળના બુઝુર્ગો જેમાં ખૂદ મીલાદ શરીફના વિરોધી વહાબી દેવબંદીઓના પેશવાઓના માન્યવર બુઝુર્ગ હઝરત શાહ વલીયુલ્લાહ સાહબનો અક઼ીદો પણ તમે જોઈ લીધો. આ સર્વથી બગાવત કરતા વહાબી દેવબંદીઓના મોલ્વીઓનો અક઼ીદો જુઓ અને **વિચારો કે મો'મિન કોણ અને મુનાફિક કોણ ?!** શૈતાન જે **હુઝૂરની વિલાદત પર ચીસો પાડતો હતો તેના માર્ગે કોણ છે** અને અલ્લાહના મુક઼ર્રબ બંદાઓ **મો'મિનોના માર્ગે કોણ** છે ?!

દેવબંદી મોલ્વી રશીદ અહમદ ગંગોહીને પ્રશ્ન કરવામાં આવ્યો કે, "એવી મેહફિલ કરવી જેમાં સહીહ રિવાયતો પઢવામાં આવે અને ક઼યામ પણ ન હોય અને કોઈ પણ કામ શરીઅત વિરુધ્ધનું કામ ન હોય એવી મેહફિલે મીલાદ શરીફ ઉલમાએ દેવબંદની નજીક જાઈઝ છે કે નહીં ? તો જવાબ સાંભળો:

"મેહફિલે મીલાદની મજલિસ રાખવી **હર હાલમાં નાજાઈઝ** છે....." ફક઼ત વલ્લાહુ અઅ્લમ. *(ફતાવા રશીદિયહ, હિસ્સા દોમ, પેજ–૮૩)*

તેમજ એ જ વહાબી દેવબંદી જમાઅતના મોલ્વી રશીદ અહમદ ગંગોહી તથા મોલ્વી ખલીલ અહમદ અંબેઠવી ઉપરોક્ત સર્વ આગલા પાછલા બુઝુર્ગોની રવિશથી વિરુધ્ધ જઈને મીલાદુન્નબી વિશે લખે છે કે, "હવે દરરોજ કેવી વિલાદત (જન્મ) થાય છે, તો પછી આ દરરોજ વિલાદતનું દોહરાવવું (મીલાદ પઢવું) તો એવું જ છે કે જેમ કે **હિંદુઓ કનૈયાના જન્મ દિનનો સ્વાંગ** દર વર્ષે રચે છે. (પછી એક લીટી બાદ લખે છે) કે **આ ક્રિયા ખોટી, નિંદાને પાત્ર** તથા **હરામ** તથા **ફિસ્ક (ગુનો)** છે. *(બરાહીને ક઼ાતિઅહ, પેજ–૧૫૨)*

**હે ઈન્સાફ પ્રિય વાંચકો !** વિચારો કે ઉપર વર્ણવ્યા તે **સૌ આગલા તથા પાછલા બુઝુર્ગો આ દેવબંદી મોલ્વીઓના કહ્યા અનુસાર શું ઠર્યા ?!** કેમ કે તેઓ ખૂબ જ કાળજીપૂર્વક વ્યવસ્થા સાથે શાનો શૌકતથી મીલાદુન્નબી ﷺ મનાવતા આવ્યા છે જેના દસ્તાવેજી ઐતિહાસિક પુરાવા આજેય તેમની કિતાબોમાં, સીરતની કિતાબોમાં મેહફૂઝ છે. જેથી તે **સૌ ઈમામો, ઉલમા તથા બુઝુર્ગો નાજાઈઝ કામોની ટેવવાળા, ખોટાં કામો કરનારા, નિંદાને પાત્ર, હરામ તથા**

**ગુનાહના કામોમાં પડનારા હતા !** (મઆઝલ્લાહ !)

આશ્ચર્યની વાત તો એ છે કે હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી કે જે **દેવબંદીઓના પેશ્વાઓ મોલ્વી રશીદ અહમદ ગંગોહી, મોલ્વી કાસિમ નાનોત્વી તથા મોલ્વી અશરફ અલી થાનવીના પીર** છે તેમણે તો 'શમાઈમે ઈમ્દાદિયહ'માં ફર્માવ્યું છે કે, "આપણા ઉલમા મીલાદ શરીફ બાબતે ખૂબ ઈખ્તેલાફ ઉભો કરે છે સાથોસાથ ઉલમા જાઈઝ હોવાની દિશામાં પણ ગયા છે. જ્યારે જાઈઝ હોવાની સૂરત મૌજૂદ છે તો પછી શા માટે આટલી સખ્તી વાપરે છે ? અને આપણા માટે હરમૈનની ઈત્તેબાઅ (અનુસરણ) વાજિબ છે." *(શમાઈમે ઈમ્દાદિયહ, પેજ–૫૦)*

અને આપણે એ પણ જોયું કે હરમૈન શરીફૈન (મક્કા–મદીના શરીફ)માં હાલની અંગ્રેજોના જોરે જુલ્મથી ઉભી થયેલી વહાબી નજદી ગુસ્તાખે રસૂલ બદ્અક઼ીદાઓની હુકૂમત ન હતી તે પહેલાં સેંકડો વરસોથી ત્યાં સુન્ની હુકૂમતમાં મીલાદુન્નબી ﷺ મનાવાતો હતો, જેમ કે શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વીએ ઉપરોક્ત વર્ણનમાં દર્શાવ્યું છે. *(ફુયૂઝુલ હરમૈન)*

### ★ સુન્નીઓ ! ગંભીરતાથી વિચારે ! ★

હે ખુશઅક઼ીદા સુન્નીઓ ! આ સર્વ દેવબંદી શું, ગૈર મુકલ્લિદ શું, મૌદૂદી શું, નેચરી શું સર્વ તે મહાગુસ્તાખે રસૂલ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીના ચેલાઓ છે કે જેણે લખ્યું છે કે, **"પાક પયગંબરની કબર દરેક રીતે એક 'મૂર્તિ' છે, હું ઈચ્છું છું કે દરેક જણ આ અંગે સમજે."** *(શરહે સુદૂર, પેજ–૨૫)* તેમજ વહાબી પેશ્વા ઈબ્ને કૈયિમના કહેવા પ્રમાણે **"કબર ઉપરના મઝારને તોડી પાડવો જરૂરી (વાજિબ) છે."** *(ફતિહુલ મજીદ શરહે કિતાબુત્તૌહીદ, પેજ–૨૦૦)* ખૂદ દેવબંદી મોલ્વી હુસૈન અહમદ ટાંડવી પોતે જ વહાબીઓના અક઼ીદા વિશે લખે છે કે, **"હુઝૂરના પાક રોઝા મુબારકની મુલાકાત લેવાના ઈરાદાથી મદીના શરીફની સફર કરવાને વહાબીઓ વ્યભિચાર સમાન ગણે છે."** *(શિહાબુષ્ષાક઼િબ, પેજ–૪૬)*

કુર્આને પાકમાં રબ તઆલા તો ફર્માવે છે કે, "અને જ્યારે તેઓ પોતાની જાન પર જુલ્મ કરે, તો અય મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય, પછી અલ્લાહથી માફી માંગે અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને ઘણી તૌબા ક઼બૂલ કરવાવાળો મહેરબાન પામશે." *(સૂ. નિસાઅ, આ. ૬૪)*

તેમજ રસૂલે પાક ﷺ તો ફર્માવે છે કે, "જે કોઈ પણ મારા મઝાર શરીફની મુલાકાત ફક્ત મને મળવાના ધ્યેયથી કરે છે, અને અન્ય કોઈ કામ માટે નહીં તો તેને મારી શફાઅતનો હક્ક઼ ક઼િયામતના દિવસે **વાજિબ** થઈ જશે." *(દારકુતની, બઝ્ઝાઝ)* તેમજ રસૂલે પાક ﷺ ફર્માવે છે, "જે કોઈ મારી ક઼બરની ઝિયારત કરે છે તેની શફાઅત કરવી મારા પર **વાજિબ** છે." *(સહીહ બુખારી શરીફ)*

આટલી સ્પષ્ટતા છતાં જેમના અક઼ીદામાં **શફાઅત**નું માનવું **શિર્ક** છે, મીલાદુન્નબી મનાવવું **શિર્ક** છે તેવા નજદી વહાબીઓને અનુસરતા આ વહાબી દેવબંદી, ગૈર મુકલ્લિદ, મૌદૂદી સર્વના અક઼ીદા મીલાદુન્નબી ﷺ મનાવવા બાબતે વિરુધ્ધ ન હોય તો શું હોય કે જેઓ હુઝૂર ﷺના મઝારને જ તોડવા માંગે છે ! જેમને ત્યાં રોઝા મુબારકની હાજરી ઝિનાના ગુના બરાબર છે ! (મઆઝલ્લાહ !)

સમજદારો માટે આટલુ લખાણ પૂરતું છે, જેનાથી સમજી લે કે મો'મિન કોણ છે અને મુનાફિક કોણ છે ? અને સમજી ગયા હોય તો તેમની સાથે શાદી વહેવાર, દોસ્તી, સગાઈ, ઉઠક બેઠકથી પરહેઝ કરો એમાં જ આપણી બંનેવ જહાનની ભલાઈ છે.

-કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَتَزَوَّدُوا فَاِنَّ خَيْرَ الزَّادِ التَّقْوٰىؗ وَ
اتَّقُوْنِ يٰۤاُولِي الْاَلْبَابِ ﴿١٩٧﴾ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَبْتَغُوْا
فَضْلًا مِّنْ رَّبِّكُمْ ؕ فَاِذَآ اَفَضْتُمْ مِّنْ عَرَفٰتٍ فَاذْكُرُوا اللّٰهَ
عِنْدَ الْمَشْعَرِ الْحَرَامِ ۠ وَاذْكُرُوْهُ كَمَا هَدٰىكُمْ ۚ وَاِنْ كُنْتُمْ مِّنْ
قَبْلِهٖ لَمِنَ الضَّآلِّيْنَ ﴿١٩٨﴾ ثُمَّ اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ النَّاسُ
وَاسْتَغْفِرُوا اللّٰهَ ؕ اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ ﴿١٩٩﴾ فَاِذَا قَضَيْتُمْ
مَّنَاسِكَكُمْ فَاذْكُرُوا اللّٰهَ كَذِكْرِكُمْ اٰبَآءَكُمْ اَوْ اَشَدَّ ذِكْرًا ؕ فَمِنَ
النَّاسِ مَنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا فِي الدُّنْيَا وَمَا لَهٗ فِي الْاٰخِرَةِ مِنْ
خَلَاقٍ ﴿٢٠٠﴾ وَمِنْهُمْ مَّنْ يَّقُوْلُ رَبَّنَآ اٰتِنَا فِي الدُّنْيَا حَسَنَةً وَّفِي
الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ﴿٢٠١﴾ اُولٰٓئِكَ لَهُمْ نَصِيْبٌ مِّمَّا
كَسَبُوْا ؕ وَاللّٰهُ سَرِيْعُ الْحِسَابِ ﴿٢٠٢﴾

**તર્જુમો** : અને સફરનો તોશો[૨૪૬] તૈયાર કરો અને સૌથી બેહતર તોશો તો પરહેઝગારી છે, અને ડરતા રહો મારાથી હે બુદ્ધિશાળીઓ ! નથી તમારા પર[૨૪૭] કોઈ વાંધો (જો હજ્જની સાથોસાથ) તમે તલાશ કરો તમારા રબનો ફઝ્‌લ (રોજી), પછી જ્યારે પરત થાવ અરફાતથી[૨૪૮] તો ઝિક્ર કરો અલ્લાહનો મશ્અરે હરામ (મુઝદલ્ફા)ની પાસે અને ઝિક્ર કરો એનો જેવી રીતે એણે તમને શીખવાડયું અને ભલે તમે એનાથી પહેલાં ગુમરાહોમાંથી હતા. પછી તમે પણ[૨૪૯] (હે કુરૈશના ઘમંડીઓ !) ત્યાં સુધી (જઈને) પરત આવો જ્યાં જઈને અન્ય લોકો પાછા આવે છે. અને માફી માંગો અલ્લાહથી, બેશક ! અલ્લાહ તઆલા ખૂબ જ બખ્શનાર અતિશય રહમ કરવાવાળો છે. પછી જ્યારે તમે પૂર્ણ કરી ચૂકો હજ્જના અરકાન તો અલ્લાહને યાદ કરો જેવી રીતે[૨૫૦] તમારા બાપદાદાનો ઝિક્ર કરો છો. બલ્કે એનાથી પણ અધિક ઝિક્રે ઈલાહી કરો. અને અમુક લોકો છે જેઓ કહે[૨૫૧] હે અમારા રબ ! આપી દે અમને દુનિયામાં જ (સર્વ કાંઈ), નથી એમના માટે આખેરતમાં કોઈ હિસ્સો. અને અમુક લોકો છે જેઓ કહે છે, હે અમારા રબ ! અતા ફર્માવ અમને દુનિયામાં પણ ભલાઈ અને આખેરતમાં પણ[૨૫૨] અને બચાવી લે અમને આગના અઝાબથી, એ જ લોકોને મહાન હિસ્સો મળશે (બંનેવ જહાનમાં) એમની (નેક) કમાઈના સબબથી, અને અલ્લાહ તઆલા ખૂબ જલ્દી હિસાબ ચૂકવનાર છે.

**તફસીર...............**

**૨૪૬.** અરબના મોટા ભાગના લોકો ખાસ કરીને યમનવાસીઓનો દસ્તૂર હતો કે જ્યારે હજ્જની નિય્યતથી નીકળતા તો મુસાફરી ખર્ચ સાથે ન લાવતા અને તેને તવક્કુલની વિરુધ્ધ સમજતા અને રસ્તામાં લોકોથી ભીખ માંગ્યા કરતા. મુસલમાનોને આ ગૈર ઈન્સાની તરીકાથી રોકી દેવામાં આવ્યા અને હુકમ આપ્યો કે માર્ગ ખર્ચ લઈને ચાલતા રહો. કોઈની ખિદમત ન કરી શકો

તો કમસે કમ અન્યો પર બોજ તો ન બનો. સાથોસાથ જ ફર્માવી આપ્યું કે બેહતરીન તોશો તક્વો છે જે આખેરતની સફરમાં કામ લાગે છે.

**૨૪૭.** ઈમામ રાઝી رحمة الله عليه લખે છે : (અર્થ) "આ આયત તે લોકોના રદમાં નાઝિલ થઈ જેઓ એવું કહેતા હતા કે વપારીઓ, મજૂરો તથા ઊંટ ચલાવનારાઓનો કોઈ હજ્જ નથી." બલ્કે ઈજાઝત આપી કે તમે બેશક ! નફો કમાવ, પણ એવું ન થાય કે તમે નફો કમાવામાં જ લાગેલા રહો, અને એ જ તમારો મૂળ હેતુ બનીને રહી જાય અને હકીકી હેતુ એટલે કે ઝિક્રે ઈલાહી ભૂલી જાવ.

**૨૪૮.** હુકમ થાય છે જયારે અરફાતમાં હાજરીનો ફર્ઝ અદા કરીને ત્યાંથી ચાલો તો મુઝદલ્ફામાં અલ્લાહનો ઝિક્ર કરો, તેની તસ્બીહ તથા તહલીલમાં સમય પસાર કરો. હાજીઓ દસમીની રાત અહીં પસાર કરે છે. મશ્અરે હરામ એ મસ્જિદને કહે છે જે મુઝદલ્ફાની વાદીના એક પહાડ કુઝહ પર છે, જ્યાં ઈમામ રહે છે. જો કે આખુ મુઝદલ્ફા (વાદીએ મહસર સિવાય) રોકાવાની જગા છે પરંતુ મશ્અરે હરામ અને તેના નજીકમાં રોકાવું અધિક સવાબનો સબબ છે.

**૨૪૯.** કુરૈશીઓ પોતાના માટે નાનમ સમજતા હતા કે અન્ય લોકોની જેમ તેઓ પણ અરફાતના મેદાનમાં વુકૂફ (રોકાણ) કરે એટલા માટે તેઓ મુઝદલ્ફામાં જ રોકાતા અને તેનું કારણ એ બતાવતા કે અમે અલ્લાહવાળા છીએ અને તેના હરમના રહેવાસી છીએ. અલ્લાહ તઆલાને તેમની આ ગર્વભરી અદા પસંદ ન આવી અને તેમને હુકમ આપ્યો કે જ્યાંથી લોકો પરત થાય છે ત્યાંથી જ તમે પણ પરત થાવ, હજ્જ તો સર્વ બાતિલ ભેદભાવો મિટાવવાના માટે જ છે, સર્વ જૂઠા ઘમંડોને નાબૂદ કરવાના માટે જ છે. જો આજે પણ તમે તમારી ઉચ્ચતાના નશામાં મસ્ત રહેશો તો માનવ સમાનતાનું ખરૂ પ્રદર્શન ક્યારે થશે, અને તમે આ મહત્વનો સબક કેમ કરીને યાદ કરશો.

**૨૫૦.** એમની એક અન્ય જાહિલાના રસમનો રદિયો કરવામાં આવી રહ્યો છે. તેઓ જયારે હજ્જથી પરવારતા તો બૈતુલ્લાહની પાસે મજલિસો ગોઠવતા જેમાં તેઓ પોતાના વડવાઓની પ્રશંસા કરતા. હુકમ થાય છે, તમારા રબ્બે કરીમને યાદ કરો જેવી રીતે તમારા બાપ દાદાઓને ખૂબ જ ઉત્સાહ તથા શોખપૂર્વક યાદ કરતા હતા. أَوْ ઈખ્તિયારના માટે નથી બલ્કે તરક્કીના માટે છે અને بَلْનો સમાનઅર્થી છે. એટલે, બલ્કે એમનાથી પણ અધિક અલ્લાહ તઆલાને યાદ કરો.

**૨૫૧.** મુશ્રિકોને આખેરતની જિંદગી પર ઈમાન ન હતું, તેઓ આ જિંદગીને જ સર્વ કાંઈ સમજતા હતા, એટલા માટે હજ્જ કરતી વખતે અને અન્ય ખાસ સમયોમાં દુનિયાના સંબંધી જ સવાલ કર્યા કરતા.

**૨૫૨.** તેમનાથી ઉલ્ટુ મો'મિન કેવળ દુનિયાવી લાભો તથા મક્સદો પર સંતોષ નથી વ્યક્ત કરતો બલ્કે દુનિયા તથા આખેરત બંનેવના માટે વિશાળ દામન ફેલાવે છે. حَسَنَة થી મુરાદ કોઈ ખાસ ચીજ નથી બલ્કે દરેક ભલાઈ મુરાદ છે.

فان حسنة نكرة فى سياق الدعاء فهو محتمل لكل حسنة (કુર્તબી)

એક શખ્સને હુઝૂર ﷺએ જોયો કે બચ્ચાની જેમ દુબળો થઈ ગયો છે. હુઝૂર ﷺએ પૂછયું, અલ્લાહ તઆલાથી કોઈ દુઆ માંગતો રહે છે ? અર્ઝ કરવા લાગ્યો, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હું એવી દુઆ કર્યા કરું છું કે હે માલિક ! જે અઝાબ તું મને કયામતના દિવસે આપવા ચાહે છે તે આ દુનિયામાં જ આપી દે ! હુઝૂરે ફર્માવ્યું, તારામાં ખુદાનો અઝાબ સહન કરવાની શક્તિ ક્યાં છે ? તું આ દુઆ કેમ નથી કરતો કે رَبَّنَا آتِنَا ... الخ (હે અમારા રબ ! અતા ફર્માવ અમને દુનિયામાં પણ ભલાઈ અને આખેરતમાં પણ ભલાઈ)

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ્ મસાબીહ

દર્સે હદીષે પાક

# એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

## ★ હદીષ : ૫૯ ★

**હદીષ : ૫૯**હઝરત નાફેઅ رضی اللہ عنہથી રિવાયત છે[1] કે એક શખ્સ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہની પાસે આવ્યો. બોલ્યો કે ફલાણો તમને સલામ કહે છે[2]. ફર્માવ્યું, મેં સાંભળ્યું છે કે તે બિદઅતી થઈ ગયો![3] જો ખરેખર તે બિદઅતી થઈ ગયો તો તેને મારા સલામ ન કહેશો[4]. મેં હુઝૂર ﷺને ફર્માવતાં સાંભળ્યા કે મારી ઉમ્મતમાં અથવા આ ઉમ્મતમાં (જમીનમાં) ધસવું, ચહેરો વિકૃત થવું, પથ્થર વરસવાનું થશે ક઼દરીઓમાં. એને તિર્મિઝી અબૂ દાઊદ અને ઈબ્ને માજહ્એ નકલ કર્યું. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે[5]. હઝરત અલીથી રિવાયત છે. ફર્માવે છે કે બીબી ખદીજા[6] એ નબી ﷺને પોતાનાં બાળકોના વિશે પૂછયું જેઓ જાહિલિયતના જમાનામાં મૃત્યુ પામી ચૂક્યાં હતા[7]. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તેઓ બંનેવ આગમાં છે[8]. ફર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺએ તેમના ચેહરામાં ગમના ભાવો જોયા તો ફર્માવ્યું કે જો તમે એમનું ઠેકાણ જોવત તો તેમનાથી નફરત કરત[9]. તેમણે અર્ઝ કરી, સારું ! આપનાથી જે મારાં બાળકો છે[10] ?! ફર્માવ્યું, તે જન્નતમાં છે. પછી હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "મુસલમાન અને એની ઔલાદ જન્નતમાં છે[11] અને કાફિરો તથા તેમની ઔલાદ દોઝખમાં." પછી નબી કરીમ ﷺએ આ આયત પઢી : (અર્થ) "અને જેઓ ઈમાન લાવ્યા અને એમની ઔલાદ એમના તાબે છે."[12] (અહમદ)

## સ....મ....જૂ....તી....

**૧.** આપ નાફેઅ્ ઈબ્ને સરજિસ દયલમી છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના આઝાદ કરેલા ગુલામ જલીલુલ ક઼દર તાબઈ છે. ઈમામ માલિક તથા અન્ય ઈમામોએ આપનાથી રિવાયતો કરી. ઘણા જ ઝાહિદ આલિમ મુત્તક઼ી છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની મોટા ભાગની રિવાયતોના આપ જ રાવી છે. હિ.સ. ૧૧૭માં વફાત થઈ.

**૨.** માલૂમ પડયું કે કોઈની સાથે સલામ કહી મોકલવી જાઈઝ છે. આજે પણ અમુક લોકો હાજીઓ થકી હુઝૂર ﷺના રોઝા મુબારક પર સલામ કહેવડાવે છે.

**૩.** એટલે કે તેણે દીનમાં નવો અક઼ીદો કાઢયો અથવા અપનાવ્યો છે કે તક઼દીરનો મુન્કિર (નકારનાર) થઈ ગયો છે અને "ક઼દરિય્યહ્" બની ગયો. જાણવા મળ્યું કે "ક઼દરિય્યહ્" મઝહબ ઘણો પૂરાણો છે, સહાબાના જમાનામાં પેદા થઈ ચૂક્યો હતો.

**૪.** એટલે કે મારા તરફથી જવાબમાં સલામ ન પહોંચાડશો. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે બિદઅતે સૈયેઅહ્ તે બુરા અક઼ીદાનું નામ છે જે ઈસ્લામમાં ઉભા કરવામાં આવે. જે બિદઅત તથા બિદઅતની સખ્ત બુરાઈઓ આવી છે તેનાથી આ જ મુરાદ છે. જુઓ ! હઝરત ઉમરે તક઼દીરના ઈન્કારના અક઼ીદાને બિદઅત દર્શાવ્યું. **બીજુ** એ કે સહાબાના યુગમાં જે બદ્અક઼ીદગીઓ ઉદ્ભવ પામી છે તે પણ બિદઅતમાં ગણાયી, કેમ કે ક઼દરિય્યહ્ મઝહબ ભલે ખયરે કુરૂન (સહાબા યુગ)માં જાહેર થયો

પણ બિદઅત ગણાયો. બિદઅત માટે ખયરે કુરૂન પછી થવું શર્ત નથી. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ એ તરાવીહની બાક઼ાયદા જમાઅતને જે આપે ચાલુ કરી હતી તેને 'બિદઅતે હસનહ્' ફર્માવ્યું. **ત્રીજુ** એ કે બિદઅતી બેદીનને ન સલામ કરવામાં આવે ન સલામનો જવાબ આપવામાં આવે.

**૫.** એટલે કે કેટલીક અસ્નદોથી રિવાયત પામેલી છે. એક અસ્નાદથી 'હસન' છે, બીજીથી 'સહીહ' અને ત્રીજીથી 'ગરીબ' છે.

**૬.** આપ મુસલમાનોની પ્રથમ માં છે. નામ શરીફ "ખદીજા બિન્તે ખુવૈલદ ઈબ્ને અસદ" છે. કુરૈશા છે, કુસા ઈબ્ને કલાબમાં હુઝૂરથી મળી જાય છે. પહેલાં હાલા ઈબ્ને ઝરાહાના નિકાહમાં હતાં, પછી અતીક ઈબ્ને આઈઝથી નિકાહ કર્યા. પછી ૪૦ વરસની વયે હુઝૂર صلی اللہ علیہ وسلم ના નિકાહમાં આવ્યાં. હુઝૂર صلی اللہ علیہ وسلم એ સૌ પ્રથમ એમનાથી જ નિકાહ કર્યા અને તેમની મૌજૂદગીમાં કોઈ પત્ની સાથે નિકાહ નથી કર્યા. સૌ પ્રથમ આપ જ હુઝૂર صلی اللہ علیہ وسلم પર ઈમાન લાવ્યાં. હુઝૂર صلی اللہ علیہ وسلم ની સર્વ ઔલાદ સિવાય હઝરત ઈબ્રાહીમ આપથી જ છે. ૨૫ વરસ હુઝૂરના નિકાહમાં રહ્યાં અને ૬૫ વરસની ઉમરમાં હિજરતથી ચાર વરસ પહેલાં મક્કા મોઅઝ્ઝમામાં વફાત પામ્યાં અને જન્નતુલ મુઅલ્લાના બીજા હિસ્સામાં દફનાવવામાં આવ્યાં. ક઼બર શરીફ મખ્લૂક઼ માટે ઝિયારતગાહ છે. ફક઼ીરે (લેખકે) હાજરી આપી છે.

**૭.** પાછલા પતિઓ થકી ઈસ્લામ જાહેર થતા પહેલાં.

**૮.** કેમ કે એમના બાપો પણ મુશ્રિક હતા અને હે ખદીજા ! એ સમયે તમે પણ મુશ્રિક હતાં, જેથી ન તેઓ ખૂદ મો'મિન થઈ શક્યાં ન માં બાપના તાબે થઈને જન્નતી થયાં. આ મસ્અલાની તેહક઼ીક઼ આ જ પ્રકરણમાં વારંવાર થઈ ચૂકી. યાદ રાખશો કે આ ખબર નથી બલ્કે ક઼ાનૂનનું વર્ણન છે, એટલે ક઼ાનૂનની રૂએ તમારા તે પુત્રો જહન્નમી હોવા જોઈએ. જેથી આ હદીષ એ આયતોથી મન્સૂખ (રદ) છે જેમાં ફર્માવવામાં આવ્યું કે, "અમે વિના જુર્મે કોઈને અઝાબ નથી આપતા."

**૯.** એટલે કે તમને એમનાથી માતા સહજ મમતા અને તેમના અઝાબ પર ગમ ત્યાં સુધી છે જ્યાં સુધી તમે એમનું ઠેકાણુ જોયું નથી. આ પરથી જાણવા મળ્યું કે જન્નતી માં બાપ અને દોઝખી ઔલાદમાં તદ્દન મહોબ્બત ન હશે. ત્યાં મહોબ્બત ઈમાનના રિશ્તાથી હશે ન કે જાનના રિશ્તાથી.

**૧૦.** તૈયબ તથા તાહિર તથા ક઼ાસિમ જે બચપણમાં મૃત્યુ પામ્યા, ઈસ્લામ જાહેર થતા પહેલાં.

**૧૧.** આ હદીષ તે હદીષને મન્સૂખ કરનાર (નાસિખ) છે જેમાં ફર્માવવામાં આવ્યું હતું કે મુસલમાનોનાં નાનાં બાળકો પોતાના નિશ્ચિત અમલોના પ્રમાણે જન્નતી કે દોઝખી છે.

**૧૨.** આ આયતથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે જો માં બાપમાંથી કોઈ મુસલમાન હોય તો બાળક મો'મિન થશે. બીજુ એ કે બાળક માં બાપની સાથે રહેશે. માં બાપને કમી આપવામાં નહીં આવે.

### ★ સોનુ પુરૂષે પહેરવું હરામ ! ★

*હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ એ રિવાયત કરી છે કે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એક શખ્સને જોયો કે તેણે સોનાની વીંટી પહેરેલી છે. આપે એના હાથમાંથી વીંટીને કાઢીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે, શું તમારામાંથી કોઈ એમ ઈચ્છે છે કે આગનો અંગારો પોતાના હાથમાં નાખે ?! હુઝૂર صلی اللہ علیہ وسلم ના ગયા બાદ લોકોએ એ શખ્સને કહ્યું, તું તારી વીંટી ઉપાડી લે (અને એને વેચીને) એનો ફાયદો ઉઠાવી લે. તો તેણે જવાબ આપ્યો કે ખુદાના સોગંદ ! જ્યારે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ એ વીંટી ફેંકી દીધી તો હવે હું એ વીંટીને ક્યારેય ઉઠાવી શક્તો નથી ! (મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૩૭૮)*

شفاشریف شفاشریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃاللہ علیہ

ગુજરાતી અનુવાદક : ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)

## સંસ્કાર અને શિષ્ટાચાર હદીષોના પ્રકાશમાં

કાઝી અયાઝ رحمۃاللہ علیہ ફર્માવે છે કે, અલ્લાહ તઆલા તમને ઈજ્જતથી નવાઝે, અમે નબી કરીમ ﷺના ઉમદા સંસ્કાર, ઉચ્ચતમ ખૂબીઓ અને પ્રકૃતિ અને ખૂબ જ વિશિષ્ટતાનાં બયાનો કર્યાં છે અને સરવરે કોનો મકાં ﷺના માટે તેની યોગ્યતા સાબિત કરી છે. એના અનુસંધાનમાં અમે કેવળ અમુક હદીષો અને દલીલો નકલ કરવા પર જ સંતોષ કર્યો છે. જો કે આ મેદાન વિશાળ છે અને અસંખ્ય દલીલો એના પર છે.

ફખ્રે દો આલમ ﷺની પ્રતિષ્ઠા અને વિશિષ્ટતાઓનું મેદાન એટલું વિશાળ છે કે, લાંબામાં લાંબી રસીના વડે માપવામાં આવે તો તે પણ પૂરતું બનશે નહીં. આપની વિશિષ્ટતાના ઈલ્મનો સમુદ્ર તો ખરેખર છલકાઈ રહ્યો છે જેને ડોલ ગંદુ કરી શકતી નથી. પરંતુ લંબાણ થઈ જવાના ડરથી અમે અમુક મશહૂર અને સહીહ તથા પ્રસિદ્ધ હદીષો રજૂ કરવા પર સંતોષ માન્યો છે.

અમે મહાનમાંથી નાનુ અને દરિયામાંથી ટીપું રજૂ કરવાને પૂરતુ ગણ્યું છે. આ સફરના પ્રકરણની ફસલો (અધ્યાયો)ને તે હદીષ પર સંપૂર્ણ કરીશું જે હઝરત ઈમામ હસન મુજતબા رضی اللہ عنہએ ઈબ્ને અબી હાલા رضی اللہ عنہથી જમા કરી છે. જે સરવરે કોનો મકાં ﷺનો ભંડાર છે અને રાવીએ તેમાં એક એવું વાક્ય પણ દાખલ કરી દીધું જે સીરત અને ફઝાઈલે મુસ્તફા ﷺના પ્રકરણમાં પૂરતુ છે. અમે આ હદીષના પછી એક ઉત્તમ ચેતવણી પણ રજૂ કરશું જેનાથી અઘરા શબ્દો સમજવાનું સરળ બની જાય.

ઈમામ કાઝી અયાઝ رحمۃاللہ علیہ એ હાફિઝ કાઝી અબૂ અલી હુસૈન બિન મુહમ્મદ رحمۃاللہ علیہની સનદથી પછી કાઝી અબૂ અલી رحمۃاللہ علیہની સનદના સાથે હદીષ બયાન કરી છે કે, ઈમામ હસન رضی اللہ عنہએ પોતાના મામા હઝરત હિંદ બિન અબી હાલા رضی اللہ عنہથી નબી કરીમ નૂરે મુજસ્સમ ફખ્રે દો આલમ ﷺના હુલીયા મુબારક વિશે જાણવા માંગ્યું. કેમ કે તેઓ નબી કરીમ ﷺની ખૂબીઓ★ અધિક્તમ બયાન કરતા હતા. ઈમામ હસન رضی اللہ عنہ ફર્માવે છે કે, મારી એ ઈચ્છા હતી કે, જે કોઈ એ બયાન ફર્માવશે હું તેને રક્ષિત રાખીશ.

તેમણે ફર્માવ્યું કે, રસૂલુલ્લાહ ﷺનું મુબારક શરીર ભારે હતું. આપનો મુબારક ચહેરો એવી રીતે ચમકતો હતો જેવો કે ચૌદમી રાતનો ચાંદ ચમકે છે. મધ્યમ કદવાળાથી આપ લાંબા અને લાંબા શરીરવાળા આદમીને જોવાથી નીચા જણાતા હતા. સર અક્દસ મોટુ અને વાળ વાંકડિયા હતા પરંતુ કાસકી કરવાથી સીધા પણ થઈ જતા હતા, પરંતુ કાનોની પટ્ટીથી આગળ વધતા ન હતા.

આપનો રંગ ચમકદાર, વિશાળ કપાળ, ભ્રમર સુક્ષ્મ અને લાંબી હતી પરંતુ એક બીજાથી મળેલી ન હતી, તેના વચ્ચે એક નસ હતી જે જલાલના સમયે

*★ સહાબાએ કિરામને સરવરે કોનો મકાં ﷺથી સાચી મહોબ્બત હતી. જેનાથી મહોબ્બત હોય તેની ચર્ચા જબાન પર અનાયાસે આવતી રહેતી હોય છે. અધિક્તાથી હુઝૂર ﷺની ચર્ચા કરવી અને આપના હાલત વગેરે જાણવા ઈમાની તકાઝો તથા મહોબ્બતની નિશાની છે, જ્યારે કે હબીબે પરવર દિગારની પ્રતિષ્ઠા અને મહત્તા સાંભળી નાક મોં ચઢાવવા અને તે બે ઐબ (ખામી વિનાના) મહબૂબમાં ત્રુટીઓ શોધતા રહેવું તે વાતની નિશાની છે કે આવું કરવાવાળાની છાતી નૂરે ઈમાનથી ખાલી અને અદાવતે રસૂલથી ભરપૂર છે. આદમી ઈમાનના દાવાવાળો હોવા છતાં તે ઈમાનવાળો નથી, ભલે તે પેશ ઈમામ, ફાઝિલ, કામિલ બની ફરતો રહે.*

ઉપસી આવતી હતી. મુબારક નાક નૂરાની અને લાંબુ હતું, જેણે ધ્યાનથી તેને ન જોયું તે સુક્ષ્મ અને લાંબુ હોવાનો કયાસ કરતો. દાઢી મુબારક ગાઢ, આંખો મુબારક★ ઘેરી કાળી જેમાં હલ્કી લાલશની ઝલક હતી. ચહેરો મુબારક સાફ, મુબારક મોં યોગ્ય પ્રમાણમાં ખુલેલું, ખૂબસૂરત અને મુબારક દાંત સફેદ અને જુદા જુદા હતા.

છાતી પર વાળની સુક્ષ્મ ધારી, ગરદન આબેહૂબ ચાંદની સુરાહો જેવી અથવા ખૂબસૂરત અને મંદ લાલાશ સફેદ પ્રતિમાની ગરદન જેવી, મધ્યમ કદ, મજબૂત શરીર, મુબારક પેટ અને છાતી મુબારક સામેથી બરાબર હતાં. છાતી બંને ખભાના વચ્ચે પૂરતું અંતર, મુબારક માથાના વાળ ભરાવદાર હતા. ગરદનના નીચેના ભાગ અને દૂંટીના વચ્ચે વાળની સુક્ષ્મ ધાર હતી જે લીટીના જેવી દેખાતી હતી. આ ધારમાં વાળ ઓછા અને નૂરાની હતા. મુબારક છાતી અને પેટ વાળથી ખાલી હતાં. આ સિવાય બાવડાં અને ખભાઓ પર વાળ હતા. છાતી વિસ્તૃત અને બુલંદ, કલાઈ મોટી, પહોળી હથેલી. હાથ પગની મુબારક આંગળીઓ મોટી અને લાંબી હતી. સ્નાયુઓ સાફ અને લાંબા હતા. પગ વચ્ચેથી ઉભરાયેલા હતા અને જે જમીનથી ઉઠેલા રહેતા. કદમ મુબારક સાફ અને નરમ હતા જેના ઉપર પાણી ઠહેરતું ન હતું. જમીનથી ઉઠતા તો પૂરી તાકતના સાથે અને ચાલતી વખતે આગળના ભાગમાં થોડા ઝુકેલા રાખતા હતા. તેજ પણ ચાલતા ત્યારે ખૂબ જ આરામથી. જ્યારે ગતિમાં હોતા ત્યારે એવું લાગતું કે, આબેહૂબ આગળ પડી જવાના છે. જ્યારે ધ્યાન આપતા તો સંપૂર્ણ તેના તરફ ધ્યાન આપતા. નજર⊛ ખાસ કરીને નીચી રાખતા. આપની નજર આસમાન કરતાં જમીન તરફ વધુ કેન્દ્રિત રહેતી આપનું ધ્યાન આપવું એક ઝલકના જેવું જ હોતું. સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیهم اجمعین પાછળ ચાલતા અને જે કોઈ પણ મળતા તેને પહેલે પોતે સલામ કરતા.

---

*★ મુસ્તફા ﷺની આંખો મુબારકના વિશે ઈમામ અહમદ રઝાખાન બરેલ્વી رحمة الله علیه એ ફર્માવ્યું છે :–*

સુરમગી આંખે હરીમે હક્કે વહ મુશ્કીં ગઝાલ–હે ફઝાએ લા મકાં તક જિનકા રમના નૂર કા

*⊛ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمة الله علیه જેવા બુલબુલે બાગે મદીનાએ નબી કરીમ ﷺના સરાપાએ અકદસ (પવિત્ર માથાથી પગ સુધી)ને પોતાના ખાસ ઈમાન અફરોઝ લહેજામાં આ રીતે નઝમની સૂરતમાં રજૂ કરેલ છે :–*

મસ્દરે મઝહરિયત પે અઝહર દુરૂદ
મઝહરે મસ્દરિય્યત પે લાખોં સલામ
જિસ્કે જલ્વસે મુરઝાઈ કલીયાં ખિલીં
ઉસ ગુલે પાક કી મમ્બતપે લાખોં સલામ
કદ્દે બે સાયા કે સાયા મર્હમત
ઝિલ્લે મમદૂદે રાફત પે લાખોં સલામ
તાઈરાને કુદસ જિસકી હૈ કમરિયાં
ઉસ સહી સરો કામત પે લાખોં સલામ
વસ્ફ જિસકા હે આઈનએ હક્કનુમા
ઉસ ખુદા સાઝ તલઅત પે લાખોં સલામ
જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ
વહ કરમ કી ઘટા ગયસૂએ મુશ્કસા
લુક્કએ અબ્રે રાફત પે લાખોં સલામ
લયલતુલ કદ્રમેં મતલએ ફજરે હક્ક
માંગ કી ઈસ્તિકામત પે લાખોં સલામ
લખ્તે લખ્તે દિલ હર જિગર ચાકસે
શાના કરને કી હાલત પે લાખોં સલામ
દૂરો નઝદીક કે સુનનેવાલે વહ કાન
કાને લઅલે કરામત પે લાખોં સલામ
ચશ્મએ મહરમેં મૌજે નૂરે જલાલ
ઉસ રગે હાશમિયત પે લાખોં સલામ
જિસકે માથે શફાઅત કા સહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ
જિનકે સજદે કો મહરાબે કા'બા ઝૂકી
ઉન ભવોં કી લતાફત પે લાખોં સલામ
ઉનકી આંખો પે વહ સાયા અફગન મિઝા
ઝિલ્લે કસરે રહમત પે લાખોં સલામ
અશ્ક બારી મુઝગાં પે બરસે દુરૂદ
સુલકે દુર્રે શફાઅત પે લાખોં સલામ
મઅની કદરાઈ મકસદે માતગા
નરગીસે બાગે કુદરત પે લાખોં સલામ
જિસ તરફ ઉઠ ગઈ દમમેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ
નીચી આંખો કી શર્મો હયા પર દુરૂદ
ઊંચી બીની કી રિફઅત પે લાખોં સલામ
જિસકે આગે ચિરાગે કમર ઝિલ મિલાએ
ઉન ઉઝારોં કે તલઅત પે લાખોં સલામ
ઉનકે ખુદા કી સહુલત પે બેહદ દુરૂદ
ઉનકે કદ કી રશાકત પે લાખોં સલામ
જિસસે તારીક દિલ જગમગાને લગે
ઉસ ચમકવાલી રંગત પે લાખોં સલામ
ચાંદસે મુંહ પે તાબાં વ દરખ્શાં દુરૂદ
નમક આગીં સબાહત પે લાખોં સલામ
શબનમ બાગે હક્ક યાની રૂખ કા અરક
ઉસકી સચ્ચી બરાકત પે લાખોં સલામ

*(વધુ માટે **'હદાઈકે બખ્શિશ'** માં પઢી લેશો. –તંત્રી)*

# રહમતે દારૈનના صلی اللہ علیہ وسلم શમાઈલ

રજૂકર્તા ફરજાના સાજિદ પટેલ (દયાદરા)

## હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ ઈસ્લામના સિપાહી

હઝરત સઅદ رضی اللہ عنہના અખ્લાકનાં રંગીન ફૂલોનો ચમન આરાસ્તા હતો, ઈસ્લામમમાં પહેલ, રસૂલની મહોબ્બત, દીની ગૈરત, સુન્નતની પૈરવી, ઝોહદો તકવા, બહાદુરી, આજીજી, સખાવત, નમ્રતા અને હક્કગોઈ, બેબાકી એમની ખાસ આદતો હતી. એમણે એ સમયે હક્કની દા'વત પર લબ્બૈક કહ્યું જ્યારે એવું કરવું તલ્વારની ધાર પર ચાલવાના બરાબર હતું. ઈસ્લામ કબૂલ્યા પછી ઝાતે રિસાલત મઆબ ﷺની મહોબ્બત અને ઈતાઅતને પોતાની જિંદગીનું ઓઢણુ પાથરણુ બનાવી લીધું. દરેક સમયે પોતાની જાન હુઝૂર ﷺ પર કુર્બાન કરવાના માટે તૈયાર રહેતા હતા. આ દીવાનગીભરી મહોબ્બતના કારણે એમને બારગાહે નબવીમાં ખાસ નિકટતા પ્રાપ્ત થઈ ગઈ હતી. એકવાર હુઝૂર ﷺ એ એમના હક્કમાં દુઆ કરી :–

"ઈલાહી ! એની દુઆ કબૂલ ફર્માવ્યા કર અને એની તીરંદાઝીને દુરુસ્ત રાખ."

આ મુબારક દુઆના લીધે અલ્લાહ તઆલાએ હઝરત સઅદ رضی اللہ عنہને મુસ્તજાબુ દઅ્વાત બનાવી દીધા હતા. લોકો એમનાથી ભલાઈની દુઆની ઈચ્છા રાખતા હતા અને એમની બદ્દુઆથી ડરતા હતા. તે બીમાર થતા તો હુઝૂર ﷺ જાતે પોતે એમની ખબર પૂછવા તશરીફ લઈ જતા. તકલીફો સહન કરવી સહાબાનુ ખાસ આદત હતી. એમણે હક્કના રસ્તામાં એવી એવી મુસીબતો વેઠી કે માનવી એની કલ્પનાથી પણ કાંપી ઉઠે છે. સાબેકૂન અવ્વલૂન (તે સહાબા જે હુઝૂર ﷺ પર સૌથી પહેલાં ઈમાન લાવ્યા) તો ખાસ રીતે મુશ્રિકોના જુલ્મના નિશાન બન્યા. હઝરત સઅદ رضی اللہ عنہ પણ એ જ મુકદ્દસ જમાઅતના એક વ્યક્તિ હતા. તે કેટલાયે વર્ષો સુધી મક્કામાં બીજા મુસલમાનોની સાથે દરેક પ્રકારની તકલીફો સહન કરતા રહ્યા, ત્યાં સુધી કે શોઅબે અબી તાલિબમાં પણ ત્રણ સાલ સુધી નાકાબંધીની અતિ સખત મુસીબતો પોતાની મરજીથી વેઠતા રહ્યા, જ્યારે કે આ ઘેરાવ માત્ર બનૂ હાશિમ અને બનૂ મુત્તલિબના માટે ખાસ હતી. દીની શરમનો એ હાલ હતો કે દર્દનાક ખતરાઓ છતાં હક્કની રાહમાં બધાથી પહેલાં એક ઈસ્લામના દુશ્મનનો ખાત્મો કર્યો, એવી રીતે અલ્લાહના રસ્તામાં સૌથી પહેલાં તીર ચલાવ્યું. ઉત્બા બિન અબી વક્કાસ એમના મોટા ભાઈ તેમજ મોહસિન હતા, પરંતુ જ્યારે ઉત્બાએ જંગે ઓહદમાં હુઝૂર ﷺને ઝખ્મી કર્યા તો એના જાની દુશ્મન થઈ ગયા. સુન્નતની પેરવીની એટલા પ્રમાણમાં પાબંદી કરતા કે દરેક કામમાં હુઝૂર ﷺના હુકમો અને તરીકાઓને નજર સામે રાખતા. ફર્માવ્યા કરતા હતા કે રસૂલુલ્લાહ ﷺની હયાતે તયબાહ અમારા માટે પેરવીનો બેહતરીન નમૂનો છે. ઝોહદો તકવાની એ હાલત હતી કે આખી ઉમર ક્યારે કોઈ માલદાર માણસથી કોઈ તોહફો કે હદીયો કબૂલ નથી કર્યો. અને ન કદી કોઈ એવો કોળિયો ખાધો જેના પાક હોવામાં જરા પણ શક હોય. ગીબતને સખત નાપસંદ કરતા હતા અને કોઈને રજા ન આપતા હતા કે એમની સામે કોઈ બીજા મુસલમાનની બુરાઈ સંભળાવે. લોકોને હમેશાં સચ્ચાઈની તલકીન કરતા હતા અને રિયાકારીથી બચવાની હિદાયત કરતા હતા. પોતાની ઔલાદને સંતોષી બનાવાની વસિયત કરતા હતા.

જેહાદનો શોખ અને બહાદુરી હઝરત અસદ رضی اللہ عنہની જિંદગીનાં જાહેર પાસાંઓ હતાં. ગઝવએ બદર અને એના પછી ઉહદના જંગમાં એમણે જે જોશ

અને ફિદાકારીનો દેખાવ કર્યો હતો તેની સૈયદુલ મુરસલીન ﷺએ ખુલ્લી તારીફ કરી. પછીના જંગોમાં પણ એમની બહાદુરી અને જાબાંઝીની એ જ હાલત રહી. એમનો આ જ ગુણ ઈરાકની ચળવળની સરદારીના માટે એમની પસંદગીનું કારણ બન્યું. જંગે ક઼ાદસિયામાં ઘડપણના કારણે અમલી રીતે લડાઈમાં શરીક ન થઈ શક્યા. જેથી જ્યારે પથારી પર સૂતા સૂતા મુજાહિદોને બહાદુરીઓ કરતાં જોતા હતા તો બહાદુરીના જુસ્સાથી મજબૂર થઈને વારંવાર પાસાંઓ બદલતા હતા.

અમુક ઈતિહાસકારોએ લખ્યું છે કે હઝરત સઅદ رضی اللہ عنہના જેહાદના શોખ અને બહાદુરીના કારણે લોકો એમને ફારસે ઈસ્લામ (શહ સવારે ઈસ્લામ) કહીને બોલાવતા હતા.

હઝરત સઅદ رضی اللہ عنہ દીની અને દુનિયવી દરેક પ્રકારે ઘણા ઊંચા હોદ્દા પર નિયુક્ત હતા પરંતુ તબિયતમાં આજીજી, નમ્રતા, અક્કલ અને સંયમનું પ્રમાણ હદથી વધારે હતું. ગરીબોની સાથે બેસવાનું અને એમની મદદ કરવામાં ખુશી અનુભવતા હતા. કોઈ મજૂરને વજનની નીચે દબાયેલ જોતા તો એનું વજન ઉઠાવીને મંઝિલ પર પહોંચાડી આવતા. કોઈને રસ્તાથી ભટકેલ જોતા તો એને સાથે લઈને તેની ઈચ્છિત જગા પર પહોંચાડી આવતા. એમણે અક઼ીક઼માં સારું મકાન બંધાવ્યું હતું પરંતુ મિજાજની સાદગીમાં ખાસ ફર્ક ન આવ્યો હતો. સાદામાં સાદો ખોરાક ખાતા અને સાદાથી સાદા પોશાક પહેરતા હતા. ઈબાદતથી નવરા પડતા તો પોતાના પશુઓ ચરાવવા જંગલની તરફ નીકળી જતા. સરદારીના સમયમાં જરૂરતમંદોના વઝીફાઓ ખૂદ જઈને વહેંચતા હતા. પોતાના નાનાં નાનાં કામ ખૂદ કરી લેતા હતા અને કોઈ ખાદિમ કે ગુલામને તકલીફ ન આપતા હતા. સખાવત અને ખુદાની રાહમાં માલ લૂટાવવો એ પણ એમની જાહેર ખૂબી હતી. એવું કદી નથી થયું કે કોઈ સવાલ કરનાર એમના દરવાજેથી વંચિત ગયો હોય. ગરીબો અને મિસ્કીનોના માટે એમના ઘરના દરવાજાઓ દરેક સમયે ખુલ્લા રહેતા હતા. મસ્જિદો અને પુસ્તકાલયોના બાંધકામના માટે દિલ ખોલીને તોહફા આપતા હતા. જો ફૌજનો કોઈ સિપાહી એવી હાલતમાં શહીદ થઈ જતો કે એના પર કોઈ કર્ઝ હોતું તો એનું કર્ઝ પોતાના તરફથી અદા કરી આપતા હતા. એમનામાં બીજાની ભલાઈ અને ત્યાગભાવના તથા બેનિયાઝી હદ દરજ્જે જોવા મળતી હતી. હઝરત ઉમર رضی اللہ عنہની વસિયતની રૂએ તે પણ ખિલાફતના લાયક હતા પરંતુ તે પોતાના ખિલાફતના હક્કને હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہના હક્ક઼માં છોડી દેનાર થઈ ગયા. ફિત્નાના દિવસોમાં એકવાર એમના પુત્ર અમ્ર (કે આમિર)એ એમને એકાંતથી નીકળી અને ખૂદ ખિલાફતનો દાવો કરવા ઉશ્કેર્યા તો સખત નારાજ થયા અને એની છાતી પર હાથ મારીને ફર્માવ્યું :–

"મેં રસૂલ ﷺથી સાંભળ્યું છે કે અલ્લાહ પરહેઝગાર, નિઃસ્વાર્થ અને છુપા બંદાને મહબૂબ રાખે છે."

સાચી વાત કહેવામાં તેઓ કોઈ મોટાથી મોટી શખ્સિયતની પરવા ન કરતા હતા. એકવાર અમીર મુઆવિયહ્ رضی اللہ عنہથી મળવા ગયા તો "અસ્સલામુ અલૈક અય્યુહલ મલક" કહીને બોલાવ્યા. તો તે બોલ્યા, "જો આપ અમીરુલ મુ'મિનીન કહેવાતા તો શું વાંધો હતો ?!" ફર્માવ્યું, "ખુદાની કસમ ! જેવી રીતે આપને આ હુકૂમત મળી છે એ રીતેથી જો આ મને મળતી તો હું એને લેવાનું હરગિઝ પસંદ ન કરતો."

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ ફર્માવે છે કે, "સઅદ رضی اللہ عنہમાં બહાદુરી અને મિજાઝની સફાઈની સાથે દિલની નરમી પણ હતી." જેથી તે કોઈને તકલીફમાં જોતા તો આંખો આંસૂંથી છલકાતી. ઈબાદતના પછી દુઆ માંગતા તો આંખો ભીની થઈ જતી. વધારે પ્રમાણમાં આંસૂ ભરી આંખે ફર્માવતા : "આ ફાની જિંદગી જલદી પૂરી થનારી છે અને આપણે દુનિયાની લિજ્જતોમાં ડૂબેલા છીએ !"

કહેવાતી ***'જમાઅતે ઈસ્લામી'*** એટલે ***'મૌદૂદી જમાઅત'*** ના નેજા હેઠળ ચાલતી

# *SIO*ની "ઈસ્લામિક નોલેજ ટેસ્ટ" પુસ્તિકાના ભીતરમાં ડોકિયું !

રજૂકર્તા.... : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અત્યારે મારા હાથમાં એક પુસ્તિકા "ઈસ્લામિક નોલેજ ટેસ્ટ" (પેજીસ–૨૪) જે "સ્ટૂડન્ટ્સ ઈસ્લામિક ઓર્ગોનાઈઝેશન ઓફ ઈન્ડિયા–ગુજરાત ઝોન"–અમદાવાદ (SIO) થકી પ્રસિદ્ધ થયેલ છે જેમાં અક઼ીદા, નબીઓ, સહાબા, ઉમ્મુલ મુ'મિનીન, સીરતે રસૂલ, કુર્આન, ઈબાદત, તારીખે ઈસ્લામ.... વગેરે સંબંધી સવાલો તથા જવાબો રજૂ કર્યા છે અને એના પરથી "સ્કૂલોના વિદ્યાર્થીઓની સ્પર્ધા" મોડાસા, અમદાવાદ, બરોડા, ભરૂચ, સૂરત, વાપી ખાતે નવેમ્બર–૦૭માં રાખવામાં આવી એવો ઉલ્લેખ છે. અને પ્રથમ ૨૫ વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો તથા પ્રથમ, દ્વિતીય, તથા તૃતીય આવનાર વિદ્યાર્થીઓને અનુક્રમે રૂા. ૧૫૦૦/–, રૂા. ૧૦૦૦/– તથા ૫૦૦/–ના ઈનામોની જાહેરાત છે. અને પેજ–૨૪ ઉપર SIOના ઉદ્દેશોમાં લખે છે કે વિદ્યાર્થીઓ તથા નવયુવાનોને "ઈસ્લામનો સંદેશ" પહોંચાડવો, ધાર્મિક જ્ઞાનનો પ્રચાર, ધર્મ વિશે સભાનતા, ઈશ્વરીય પુસ્તક "કુર્આન" અને પૈગંબર (ﷺ)ના પવિત્ર જીવન મુજબ ઢાળવા, યુવાનોમાં ભલાઈઓ ફેલાવવા તેમજ બુરાઈઓને નાબૂદ કરવા તૈયાર કરવા.... વગેરે દર્શાવે છે.

એક નજરે જોતાં તો આ વર્ણન પરથી પુસ્તિકા તથા તેના પ્રકાશક પ્રતિ સારી લાગણી ઉપજે તથા પુસ્તિકા પ્રતિ આકર્ષણ જાગે કે "સારી વાત છે ! સ્કૂલના વિદ્યાર્થીઓ, યુવાનો આ રીતે ઈસ્લામિક જ્ઞાન પામશે." પણ ધ્યાનપૂર્વક અભ્યાસ કરતાં તેના અમુક પ્રશ્નો તથા તેના જવાબોમાં બદ્અક઼ીદગી તથા ગુમરાહીની બૂ જોવા મળે છે, અને ખરેખર એવું જ છે ! કારણ એ છે કે આ પુસ્તિકા તથા પ્રકાશક સંસ્થા SIOના સંચાલન પાછળ કહેવાતી જમાઅતે ઈસ્લામી એટલે કે મૌદૂદી જમાઅતનો સીધો દોરી સંચાર છે. જેમ કે જમાઅતે ઈસ્લામીના ઝંડાધારી ભરૂચના મુખપત્ર "અંજુમન વોઈસ" માસિક ડિસેમ્બર–૦૭માં આ સંબંધે સમાચારો "ઈનામ વિતરણ સમારંભ યોજાયો" શિર્ષક હેઠળ છાપ્યા છે, તથા અન્ય સમાચારો પણ આ સંબંધે છે.

આ પુસ્તિકા સંબંધે અમારા વાંધાવાળા સવાલ–જવાબોનો ઉલ્લેખ પછી થશે, સૌ પ્રથમ તો આ મૌદૂદી જમાઅત એટલે "કહેવાતી જમાઅતે ઈસ્લામી" કેવા આઝાદ ખયાલ બેલગામ દિમાગ ઉભાં કરે છે તેનો નમૂનો પણ એ જ 'અંજુમન વોઈસ' માસિક ડિસે–૦૭નો એક લેખ "ચાંદ એક ઈદ અનેક" વાંચવાથી જાણવા મળે છે. આ લેખના લેખક (ડો. હસન લુણત 'વતાન'–કણજરી)એ શું તુક્કા રજૂ કર્યા છે ! લખે છે કે, "આખી દુનિયામાં એક જ દિવસ ઈદ થાય એ કલ્પના કેટલી હૃદય સ્પર્શી છે ! દુનિયાના દરેક દેશમાં ઘડિયાળ અમુક કલાક આગળ કે પાછળ હોય છે, સૂર્યોદય અને સૂર્યાસ્તનો અલગ સમય હોય છે, પરંતુ કેલેન્ડર તો એક જ હોય છે...... સમસ્ત મુસલમાનો સઊદી અરેબિયાના કેલેન્ડરને અનુસરીને ન ચાલી શકે ?....વગેરે.... વગેરે."

તેમની આવી વાત પર લેખક મહાશય આગળ ખૂદ લખે છે કે "ઈસ્લામના વિદ્વાનો જાત જાતના મસ્અલા બતાવશે, હદીષો ટાંકશે ને સમર્થનમાં નહીં, વિરોધમાં જરાય કચાશ નહીં રાખે, એ હું જાણું છું. હું ઈસ્લામી સાહિત્યનો વિદ્વાન નથી જ અને ઈસ્લામી આચાર સંહિતાઓનો ચુસ્ત પાબંદ

પણ નથી જ. ઘણી બધી બાબતોમાં આયાસે અનાયાસે નાની મોટી છૂટછાટ લઉં છું, અલ્લાહ માફ કરે. હું આ જે કાંઈ લખી રહ્યો છું, તે સામાજિક તથા વ્યવહારિક દષ્ટિકોણથી લખી રહ્યો છું અને એમાં માત્ર વિચારો અભિવ્યક્ત કરી રહ્યો છું."

તો પ્રોફેસર ડો. M.A., B.ED, M.Phill, Ph.D. સાહબને જણાવીએ કે **આ વિષય ચાંદ બાબતનો ઈદ બાબતનો કોઈ "પતુંજી આલમ"નો પાઠ કે કવિતા નથી ! તથા શ્રોતાઓમાં તમારાથી પ્રભાવિત અજ્ઞાન વિદ્યાર્થીઓ નથી બેઠા ! કે સૌને હામાં હા ભણાવી લો !** જો તમારા કહ્યા પ્રમાણે તમો ઈસ્લામી સાહિત્યના વિદ્વાન નથી તો પછી એ સંબંધે સાહિત્યના વિદ્વાનોને પૂછી પછી જ વાત કહેવી પડશે, **તમારા દિમાગની તરંગી તુક્કામય ઉપજ અહીં નહીં ચાલે !** દરેક ક્ષેત્રમાં જે તે ક્ષેત્રની વાત માટે જે તે ક્ષેત્રના નિષ્ણાતો તથા માહિરોની સલાહ લેવામાં આવે છે, અને એવું કર્યા વિના જે કામ કરે તે ઊંધુ મારી બેસે છે તથા મૂર્ખામાં ખપે છે. તેમ તમે ઊંધુ મારી તો દીધું, ઉપરથી પોતાની ખામીને છુપાવવા ઈસ્લામી સાહિત્યના જ્ઞાનથી નાદારી જાહેર કરી દીધી ! એ તો ઠીક પણ ઈસ્લામી આચારસંહિતા એટલે ઈસ્લામી શરીઅતની પાબંદી પોતે નથી કરતા તથા નાની મોટી છૂટછાટ લો છો તે પણ જણાવી આપ્યું ! જો કે તમે ના કહ્યું હોત તોય તમારું લખાણ જ એ વાતની ચાડી ખાય છે કે તમે ઈસ્લામી શરીઅતનો આ મહત્વના મસ્અલો કે જેના સંબંધે અલ્લાહના રસૂલ ﷺના સ્પષ્ટ ફર્માનો છે તે છોડીને સ્વ દિમાગના તરંગી તુક્કા વહાવી રહ્યા છો તો અન્ય અંગત અમલો બાબતે તો શું શું છૂટછાટો લેતા હશે ! જો કે એના સાથે અમારે કોઈ લેવાદેવા નથી.

મૂળ વાત એ કે આવા આ પ્રો. ડો. સાહબને શું હક્ક પહોંચે છે કે મુસ્લિમોને દીની શરઈ બાબતે સલાહો આપે તે પણ કહેવાતા દીની માસિક "અંજુમન વોઈસ" થકી અને તે પણ દીન તથા શરીઅતથી અલગ થઈ પોતાના દિમાગી તુક્કાઓ વડે ! જ્યારે હદીષે પાકની મશ્હૂર કિતાબો બુખારી શરીફ તથા મુસ્લિમ શરીફની હદીષો સ્પષ્ટ દર્શાવે છે કે, **"ચાંદ જોઈને રોઝા રાખવા શરૂ કરો, ચાંદ જોઈને ઈદ કરો. જો વાદળને કારણે ચાંદ ન દેખાય તો ૩૦ની ગણત્રી પૂરી કરી લો."** એટલે ચાંદ જોવું દરેક સ્થળે અનિવાર્ય ઠર્યું જેનો ઉલ્લેખ દરેક ફિક્હની કિતાબોમાં છે.

બીજું કે આ પ્રો. ડો. સાહબ જે એ તુક્કો કાઢે છે કે, "સઊદી અરબ પ્રમાણે સર્વ અનુસરે અને ઈદ કરે !" તો એમને જાણ હોવી જોઈએ કે ઈ.સ. ૧૯૬૨થી ઈ.સ. ૨૦૦૧ સુધીનો રેકોર્ડ (અમે 'બરકાતે ખ્વાજા' (માસિક) ફેબ્રુ.–૦૭ના અંકના પેજ નં. ૨૮ થી ૩૦ ઉપર દર્શાવ્યો) છે કે **સઊદી અરબિયામાં તદ્દત ગલત ચાંદની જાહેરાતો થયેલી છે** તેમજ હાલમાં પણ **હિ.સ. ૧૪૨૯ની ઝિલ હજ્જના ૩૧ દિવસો સઊદીમાં સરકારી રેકોર્ડ મુજબ થયા !** (જેને વિગત માટે બરકાતે ખ્વાજા (માસિક) ફેબ્રુ–૨૦૦૮ને જોઈ જશો.) આવી હંબગ ચાંદ વિશે જાહેરાતો જ્યાં થાય છે તો શું આ જગતવાળા માટે હાસ્યાસ્પદ નથી ?! અને તેનું અનુસરણ જગતભરને કરવાનું કહેનાર આ પ્રો. ડો. સાહબ કઈ દુનિયામાં જીવી રહ્યા છે ?! અને આવી ગૈર ઈસ્લામી વાતોને પ્રસિદ્ધ કરનાર જમાઅતે ઈસ્લામીનું માસિક "અંજુમન વોઈસ" ભરૂચ લોકોને કયું "ઈસ્લામિક નોલેજ" તથા કયો "કુર્આની સંદેશ" આપી રહેલ છે ?!

સારાંશ કે "કહેવાતી જમાઅતે ઈસ્લામી" એટલે "મૌદૂદી જમાઅત" આવા શરીઅતના હુકમથી બગાવત કરતા આઝાદ ખયાલ દિમાગો પેદા કરી રહેલ છે અને ઈસ્લામના નામે એક "ડુપ્લિકેટ ઈસ્લામ" ખડો કરી મુસલમાનોને ગુમરાહ કરી રહેલ છે અને આવાં આઝાદ ખયાલ દિમાગો ઈસ્લામી ખયાલથી બગાવત કરતાં

દિમાગો કેમ પેદા ન થાય ?! જયારે કે એ જમાઅતના બાની મૌલાના અબુલ આ'લા મૌદૂદીની તા'લીમ જ એ પ્રમાણેની છે ! થોડાક દષ્ટાંતો એ આઝાદ ખયાલ પેશવાનાં કુર્આન, હદીષ તથા ૧૪૦૦ વરસના ઉલમા તથા બુઝુર્ગોથી વિમુખ ખયાલ ધરાવતાં જોઈ લો ! પોતાની આગવી જમાઅતની જાહેરાત કરતા હોય તેમ મૌલાના મૌદૂદી લખે છે :–

"હું ન મસ્લકે 'અહલે હદીષ'ને તેની તમામ વિગતોની સાથે સહીહ સમજુ છું અને ન 'હનફિયત' કે 'શાફઈયત'નો પાબંદ છું." *(રસાઈલો મસાઈલ, ભાગ–૧, પેજ–૧૮૯ બહવાલા શીશ મહલ)* એટલે કે સૌથી અલગ બેલગામ ઘોડા જેમ આઝાદ છે ! જેમ કે લખે છે :–

"કુર્આન તથા સુન્નતની તા'લીમ સૌના પર અગ્રસ્થાને છે પણ તફસીર તથા હદીષના પૂરાણા ઝખીરાથી નહીં." *(તન્કીહાત, પેજ–૧/૩)*

એટલે કે તે રસૂલની સોહબત પામેલ સહાબા તથા તાબઈન તથા તેમના નક્શે કદમ પર ચાલતા મુજતહિદ ઈમામો તથા બુઝુર્ગોની તફસીરો તેમને માન્ય નથી ! હદીષોના ભંડારને પૂરાણો ઝખીરો ગણે છે ! મતલબ એ કે એક નવો દીન તે પોતે પોતાના દિમાગની ઉપજથી ઉભો કરવા માગે છે. કુર્આનમાં સૂરએ ફાતેહામાં રબ તઆલાએ તો એ દુઆ કરવા ફર્માવ્યું કે, "અમને સીધા માર્ગે ચલાવ, એમના માર્ગે જેમના પર તેં ઈનામ કર્યુ." તે ઈનામવાળા કોણ લોકો છે ? અંબિયા, શહીદો તથા સાલેહ લોકો છે. તો સાલેહ લોકોમાં એ તફસીરો લખનારા આવી જાય છે. અને આ મૌદૂદી તેમના માર્ગેથી હટવાની વાત કરે છે. અને છેતરામણીરૂપે કુર્આન તથા સુન્નતની તા'લીમને અગ્રસ્થાને દર્શાવે છે. **શું કુર્આન તથા સુન્નત પર એ સહાબા, તાબઈન તથા મહાન ઈમામો તથા બુઝુર્ગોની જમાઅતથી વિશેષ સારો માર્ગ મૌદૂદીએ શોધી કાઢયો છે ?!** એવું નથી ! હકીકતમાં શબ્દોની અટપટી જાળમાં ભ્રામક વાતો કરીને મુસલમાનોને ગુમરાહ કરવા છે. તો આપણે ખુદાથી એ જ દુઆ કરવાની છે, "ન એમના રસ્તા પર (ચલાવ) જેના પર તેં ગઝબ કર્યો અને ન ભટકેલાઓના." (આમીન) સારાંશ કે કુર્આન સાબિત કરે છે કે એ બુઝુર્ગો સિવાયના માર્ગે જે ચાલે તે ભટકેલાઓના માર્ગ છે જેમના પર અલ્લાહનો ગઝબ છે !

મુસલમાનોમાં કુર્આન શરીફ બાદ જે કિતાબનું સૌથી વિશેષ મહત્વ છે તે હદીષોની કિતાબ "બુખારી શરીફ" વિશે મૌલાના મૌદૂદી લખે છે : "એ દાવો કરવો ઠીક નથી કે બુખારીમાં જેટલી હદીષો લખેલ છે તેના લખાણોને જેમનાં તેમ ટીકા ટીપ્પણ વિના સ્વીકારી લેવામાં આવે......" *(રસાઈલો મસાઈલ, ભાગ–૨, પેજ–૪૧)*

મૌદૂદીની ગુમરાહી જોતા ચાલો ! આગળ શું લખે છે જોતા ચાલો, અને માફ કરજો ! કાણા દજ્જાલના વિશે કાણો દજ્જાલ જ આવું કહી શકે ! એ મૌદૂદી લખે છે કે, "કાણો દજ્જાલ તો કહાનીઓ છે જેની કોઈ શરઈ હેસિયત નથી." *(તર્જુમાન, સપ્ટે. તથા ઓકટો. ૧૯૪૫)* લખાણને લંબાવતો નથી ટૂંકમાં મૌદૂદીએ અક્કલના ઘોડા પર સવાર થઈને કુર્આન વિરુધ્ધ, હદીષ વિરુધ્ધ, નબીઓ વિરુધ્ધ, ખૂદ હુઝૂર ﷺ વિરુધ્ધ, સર્વ સહાબા, ખુલફાએ રાશિદીન, સર્વ મુજદ્દિદો તથા બુઝુર્ગાને દીનની ટીકાઓ કરતાં લખાણો લખ્યાં છે. જેનો અભ્યાસ કરવા માંગનારા અમારે ત્યાંથી ફ્રીમાં કિતાબ મંગાવે **'જમાઅતે ઈસ્લામીનો શીશ મહલ'** અને નિષ્પક્ષ બની અભ્યાસ કરે તો સર્વ ભરમો ખુલી જશે, ઈન્શાઅલ્લાહ !

સારાંશ કે "કૂવામાં જે હોય તે હવાડામાં આવે ! કહેવત અનુસાર આ મૌદૂદી જમાઅતના ચેલાઓ પણ એ જ કરી રહ્યા છે જેનું દષ્ટાંત આપે ઉપર પ્રોફેસર સાહબમાં જોઈ લીધું.

હવે મૂળ વાત પર આવીએ કે એ જ જમાઅતના

કારકૂનો (SIO)ની રેડી કરેલ પુસ્તિકા 'ઈસ્લામિક નોલેજ ટેસ્ટ'ના તે સવાલો–જવાબો જોઈ લો જેમાં સરાસર વહાબી અક઼ીદાનો પાછલા બારણે એટલે કે "ઈસ્લામી નોલેજ ટેસ્ટ"ના બહાને પ્રચાર થઈ રહ્યો છે, તેના માટે પણ એવા કોરા ઝહનનો તબકો પસંદ કર્યો કે હજી જેમને આવી બાતિલ જમાઅતોની ચાલબાજીઓની ખબર પણ નથી ! એ પુસ્તિકામાં છે :–

**સવાલ** : નાનામાં નાની કે મોટામાં મોટી કોઈ પણ વસ્તુની જરૂર હોય તો કોની પાસે માંગવું જોઈએ ?!

**(અ)** દુકાનદારથી **(બ)** અલ્લાહથી **(ક)** નબી સ.અ.વ.થી (ડ) શહીદોથી *(પેજ નં. ૩)*

**નોંધ** : નબી પાકના નામ સાથે **સ.અ.વ.** લખવું **હરામ** છે પણ એ વહાબીની રસૂલ દુશ્મની છે કે જાણી જોઈને એવું જ લખે છે.

હવે એ પુસ્તિકામાં ઉપરોક્ત સવાલના જવાબમાં ખરો જવાબ છે 'અલ્લાહ'થી.

વાત ખૂબ જ મામૂલી જણાય છે પણ **આ વહાબી અક઼ીદાના પ્રચારની નવીન ટ્રિક છે ! નહીં તો આ પ્રશ્ન રાખવાની જરૂર શા માટે પડી ?!** વહાબી, મૌદૂદીનો અક઼ીદો છે કે, "ગૈરુલ્લાહથી એટલે અલ્લાહ સિવાય કોઈથી મદદ માંગવી **શિર્ક** છે." જેથી ડાયરેક્ટ એવું ન કહેતાં આવા પ્રશ્નો દ્વારા વિદ્યાર્થીઓનાં દિમાગ વહાબિયત તરફી વોશ થઈ રહ્યા છે ! નહીં તો આ પ્રશ્નનો અર્થ આ પુસ્તિકામાં શો છે ?

હવે એ પ્રશ્નને સમજીએ કે નાનામાં નાની કોઈ ચીજ એટલે એમાં તો ટાંકણી, ચોકલેટ, નોટબુક, આ પ્રશ્નોવાળી ઈસ્લામિક નોલેજ ટેસ્ટની પુસ્તિકા....વગેરે પણ ડાયરેક્ટ અલ્લાહથી જ માંગવી ન દુકાનદારથી ન SIO પાસેથી ! એ જ અર્થ થશે ને ! કેટલો હાસ્યાસ્પદ પ્રશ્ન જણાય છે ! સવારથી રાત સુધી દુનિયાભરની ચીજો દુકાનદારથી, ટિકિટ રેલ્વે ટીકીટબારીથી કે S.T. કંડકટરથી, ખાવા પીવાની ચીજો તેલ વગેરે ઘાંચીથી, કરીયાણાવાળાથી તથા ન જાણે દિવસભર કોના કોનાથી શું શું આ પુસ્તિકા બહાર પાડનારા પણ માંગતા હશે ! છતાં લખે છે કે અલ્લાહથી જ માંગો ! **અસલમાં એ પર્દા પાછળ આવા પ્રશ્નો રજૂ કરી વહાબી અક઼ીદાને મૌદૂદી ખયાલોને યુવાનોમાં દાખલ કરવા ચાહે છે.**

અરે ! ભાઈઓ ! ખુલાસો એ છે કે દબાતા અવાજમાં એઓ કહેવા માંગે છે કે, "નબી વલીથી મદદ માંગવી શિર્ક છે !" પણ યાદ રાખો ! **જાહિલથી જાહિલ મુસલમાન પણ કોઈપણ મખ્લૂકથી કોઈ લાભ લે છે અથવા મદદ માંગે છે તો તેને ખુદા નથી માનતા કે શિર્ક થઈ જાય ! બલ્કે હક઼ીક઼ી મદદગાર તો ખુદા જ છે પણ આ નબી, વલી તો રબની મદદના વસીલા છે, અને એ અર્થ ન લેવામાં આવે તો દુનિયામાં કોઈ મુશ્રિક થવાથી બચી શક્શે ?!** [નબી વલીથી મદદ મેળવવા સંબંધે કુર્આન–હદીષથી સ્પષ્ટતા કરતી અમારે ત્યાંની કિતાબો મંગાવો : (૧) સલ્તનતે મુસ્તફા, ૨. રહમતે ખુદા બ વસીલાએ ઔલિયા *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*] હવે એવો જ બીજો પ્રશ્ન એ જ પુસ્તિકાનો જોઈ લો :–

**સવાલ** : નફો અને નુકસાન પહોંચાડવું કોના હાથમાં છે ?

**(અ)** ઔલિયાના **(બ)** દેવી દેવતાના **(ક)** નબી ﷺના **(ડ)** અલ્લાહના *(પેજ–૩)*

પછી એ પુસ્તિકાના જવાબમાં છે કે "અલ્લાહના હાથમાં !" શું સમજ્યા ?! વહાબી મૌદૂદીનો અક઼ીદો છે કે, "અલ્લાહ સિવાય કોઈને નફો નુકસાન પહોંચાડનાર માનવું **શિર્ક** છે !" જેથી જ ઉપરના પ્રશ્ન જેમ આ પ્રશ્ન મૂકીને વિદ્યાર્થીઓના દિમાગો બગાડવાનો આ પ્લાન છે.

એનો ખુલાસો પણ આપણા તરફથી ઉપર મુજબ છે. ત્રીજો પ્રશ્ન જોઈ લો :–

**સવાલ** : હઝરત ઈબ્રાહીમ અલૈ.ના પિતાનુ નામ જણાવો.

**(અ)** ઈમરાન **(બ)** આઝર **(ક)** કારૂન **(ડ)** હામાન –*(પેજ નં. ૬)*

*[**નોંધ** : અહીં પણ અલૈ. નહીં અલૈહિસ્સલામ લખવું જોઈએ, પણ વહાબી મૌદૂદી હુઝૂર ﷺના તથા નબી વલીઓના નામ સાથે ગમે તે અલ્લમ ગલ્લમ શબ્દો.... સઅ., સલ., સ.અ.વ., રહ., રદી. વગેરે લખે છે જે જાઈઝ નથી.]*

અને સહીહ જવાબમાં "આઝર" દર્શાવ્યું છે. વાસ્તવિક્તા એ છે કે "આઝર" હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો કાકો હતો જે કાફિર હતો. હઝરત ઈબ્રાહીમ علیہ السلامના પિતાનું નામ **તારુખ** છે જે કાફિર ન હતા. પણ વહાબી મૌદૂદીનો અક઼ીદો છે કે, "આપણા નબી હુઝૂર ﷺના માં બાપનું ઈમાન સાબિત નથી, તે કુફ્ર પર હતાં !" (મઆઝલ્લાહ !) તેનો પાઠ ભણાવાઈ રહ્યો છે, જ્યારે કે **હઝરત આદમ علیہ السلامથી લઈને હુઝૂરના પિતા હઝરત અબ્દુલ્લાહ સુધી હુઝૂરની વંશાવલિમાં કોઈ કાફિર ન હતું તે કુર્આન હદીષથી સાબિત અક઼ીદો છે.** અને આઝર માટે જે "અબ" શબ્દ આવ્યો છે તે "પિતા"ના અર્થમાં નથી બલ્કે કાકાના અર્થમાં છે, જેમ કે કુર્આનમાં અન્ય ઠેકાણ એ અર્થમાં આ શબ્દ વપરાયો છે. છતાં **વહાબી મૌદૂદી જાણી બુઝીને આઝરને હઝરત ઈબ્રાહીમ علیہ السلامના કાકાને બદલે પિતા જ લખે છે કે જે કાફિર હતો !**

બીજો એક પ્રશ્ન પેજ નં. ૧૮ પરનો જોઈ લો :

**સવાલ** : આમાંથી કયો ભાગ હજ્જનો નથી?

**(અ)** મદીનાની ઝિયારત **(બ)** અરફાતનો ખુત્બો **(ક)** મીનામાં રોકાવું **(ડ)** મુજદલ્ફા જવું

જવાબમાં દર્શાવ્યું છે કે "મદીનાની ઝિયારત !" વાત સાચી છે અને દરેક જાણે છે. પણ વહાબી મૌદૂદીનો અક઼ીદો રસૂલની દુશ્મનીમાં એ છે કે, "હજ્જ કરી મદીનાની ઝિયારત કરવી જરૂરી નથી !" જ્યારે કે હજ્જ કરો તો મદીનાની ઝિયારત વાજિબનો દરજો ધરાવે છે. એના માટે હદીષો પણ છે કે, "જેણે હજ્જ કરી અને મારા રોઝાની ઝિયારત ન કરી તેણે મારા પર જુલ્મ કર્યો."

બીજા પણ અમુક આ પ્રકારના પ્રશ્નો સુન્ની મુસ્લિમ વિદ્યાર્થીઓ તથા યુવાનોના દિમાગને ખરાબ કરે તેવા રજૂ થયા છે, લખાણ વધુ ન લંબાય જેથી આટલે જ અટકુ છું. પણ **સુન્ની શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા સુન્ની સ્કૂલોના સંચાલકોને અમારી વિનંતિ છે કે આવી પુસ્તિકાઓથી લોભાય જશો નહીં ! અને જેમાં સુન્નીઓના અક઼ીદા વિરુધ્ધ લખવામાં આવે તેવા લખાણોવાળી પુસ્તિકાને દીની ઈસ્લામી જ્ઞાનની પુસ્તિકા સમજીને તમારા ત્યાં એલાવ કરશો નહીં, બલ્કે આવી પુસ્તિકાનો બહિષ્કાર કરો. અને જે સુન્ની વિદ્યાર્થીઓ યુવાનો આવી સંસ્થાઓ પ્રતિ સ્ટુન્ડન્ટ ઓર્ગેનાઈઝેશનના ભ્રામક નામથી આકર્ષાયા હોય તો તેઓ પણ આવી સંસ્થાઓમાં જોડાય નહીં. સાવધાન ! હે સુન્ની મુસલમાન સાવધાન !**

*શહદ દિખાએ ઝહર પીલાએ યાં વો ચોર બલાકે હૈં*
*તેરી ગઠરી તાકી હૈ ઔર તૂને નિંદ નિકાલી હૈં !*

**★ મો'મિનની પહેચાન ! ★**

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, તમારામાંથી કોઈ ત્યાં સુધી મો'મિન નથી થઈ શક્તો જ્યાં સુધી કે હું એની નજીક એના પિતા, એની ઔલાદ અને બધા જ લોકો કરતાં વધારે પ્રિય ન થઈ જાઉં. (બુખારી શરીફ, ભાગ–૧, પેજ–૭, પ્રકરણ : હુબ્બે રસૂલ)

# કહેવાતા 'અહલે હદીષ' નો હદીષોથી જ ફરાર ?!

રજૂકર્તા:જનાબ ઝહીર દહેગામી
(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયહ્-મુબારકપુર, યુ.પી.)

પોતાને **'અહલે હદીષ'** તરીકે ઓળખાવતા બાતિલ ફિર્કાવાળા અસલમાં 'ગૈર મુકલ્લિદ વહાબી' જેઓ પોતાને જાહેરમાં હદીષના સાચા અનુયાયી ઠરાવવા ફાંફાં મારતા રહે છે તેમની અસલિયતને પીછાણવા કેવળ બે મુદ્દાઓ પર નીચે મુજબની ચર્ચાનો અભ્યાસ કરો અને તેમના ફરેબથી સાવધાન થઈ જાવ !

**ડૂંટીના નીચે હાથ બાંધવા સુન્નત છે**

નમાઝમાં મર્દને ડૂંટીના નીચે હાથ બાંધવા સુન્નત છે. અને છાતી ઉપર હાથ બાંધવા સુન્નતના વિરુધ્ધ છે. એના બારામાં ઘણી હદીષો આવી છે, કેમ કે ડૂંટી નીચે હાથ બાંધવા સુન્નત છે એની ઉપર ગૈર મુકલ્લિદ અને વહાબીઓ તરફથી વાંધો ઉઠાવતા સવાલ થતા રહે છે. એટલા માટે અમે એવી સાફ અને સ્પષ્ટ હદીષો બયાન કરી રહ્યા છીએ જેને વાંચી અને સાંભળીને લોકો પર જાહેર થઈ જશે કે પોતાને અહલે હદીષ કહેવાવાળા હદીષના ફર્માબરદાર છે કે હદીષના ગદ્દાર છે !

**હદીષ ૧ :** હઝરત ઈબ્રાહીમથી રિવાયત છે કે મેં હુઝૂર ﷺને જોયા કે પોતાનો જમણો હાથ ડાબા હાથની ઉપર ડૂંટીના નીચે મૂક્યો છે. આ રિવાયત ઈબ્ને અબી શૈબાએ સહીહ સનદોથી નકલ કરી છે. અને આ રિવાયતના બયાન કરવાવાળા બધા ભરોસાપાત્ર છે. *(મુસન્નફ ઈબ્ને અબી શૈબા, પેજ નં. ૨૮૦, જિલ્દ-૧)*

ઉપર લખેલી હદીષના ઠોસ અને મજબૂત હોવા પર હાફિઝ કાસિમ બિન કત્લુ બગાએ સહીહ હોવાની મહોર લગાડી દીધી છે.

હાફિઝ કાસિમ બિન કતલુ બગા તઅરીજે અહાદિષુલ ઈખ્તેયારમાં આ હદીષને મુસન્નફ ઈબ્ને અબી શૈબાના હવાલાથી લખીને ફર્માવે છે કે આ સનદ જૈય્યિદ છે. અલ્લામા મદની શરહે તિર્મિઝીમાં ફર્માવે છે, "આ હદીષ સનદના એ'તેબારથી મજબૂત (કવી) છે. શૈખ આબિદ સિંઘી તવાલિઉલ્ અન્વારમાં ફર્માવે છે કે, આ રિવાયતને બયાન કરવાવાળા ભરોસાપાત્ર છે."

ઈમાનની રોશનીથી ઉપર લખેલી હદીષ અને એ સનદના મજબૂત અને ઠોસ હોવા પર હાફિઝ કાસિમ બિન કતલુ બગાની ઈબારત વારંવાર વાંચો કે હાફિઝ કાસિમ બિન કત્લુ બગા જે આ અલ્લામા ઈબ્ને હુમામના ખાસ વિદ્યાર્થીઓમાંથી છે અને હદીષના ફનમાં ઘણા જ માહિર છે. આ હદીષને ઈબ્ને અબી શૈબાના હવાલાથી લખીને એની સનદને ઠોસ કહે છે. આબિદ સિંઘીની ગવાહી પણ પેશ કરે છે. એના હોવા છતાં અગર કોઈ આ હદીષની આજ્ઞાનું પાલન ન કરે અને અદાવત તથા દુશ્મનીથી સામે આવે તો ઘડી બે ઘડીવાર વિચારો કે તેઓ હકીકતમાં અહલે હદીષ (હદીષના માનવાવાળા) છે કે હદીષને છોડવાવાળા છે ?! ઈશ્ક અને મહોબ્બત તથા અકીદત અને ઈમાનની નજરથી હાદીએ આ'ઝમ ﷺની હદીષોને વાંચો અને ઈમાનની રોશનીમાં વધારો કરો અને દિલ તથા જિગરને રાહત અને સુકૂન આપો.

આકા ﷺ ફર્માવે છે :-

**હદીષ ૨ :** અબૂ બક્ર ઈબ્ને અબી શૈબા હજ્જાજ ઈબ્ને ઉષ્માનથી રિવાયત છે :

"મેં અબૂ મુજલઝને પૂછયું કે નમાઝમાં હાથ કેવી રીતે બાંધવા ? આપે ફર્માવ્યું કે આપણા જમણા હાથની હથેળી ડાબા હાથની પીઠ પર ડૂંટીના નીચે મૂકવી. આની સનદો ઘણી મજબૂત (કવી) છે અને બધા રિવાયત કરવાવાળા ભરોસાપાત્ર છે."

**હદીષ ૩ :** હઝરત અબૂ હુઝૈફાથી રિવાયત છે કે હઝરત અલી كرم الله وجهه الكريم એ ફર્માવ્યું કે નમાઝમાં હથેળી ઉપર હથેળી ડૂંટીના નીચે રાખવી મસ્નૂન

(સુન્નત તરીકો) છે." *(હવાલા : બયહકી, જિલ્દ–૨, સફા–૩૧, મુસ્નદે અહમદ, જિલ્દ–૧, સફા–૧૧૦, અબૂ દાઊદ, નુસ્ખએ ઈબ્ને અઅ્રાબી, જિલ્દ–૧, સફા–૨૮૦, મુસન્નફે ઈબ્ને અબી શૈબા, જિલ્દ–૧, સફા–૩૯૧, દારે કુત્ની, જિલ્દ–૧, સફા–૨૮૬)*

**હદીષ ૪** : હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે કે ત્રણ ચીજો અંબિયા علیہم السلام ના અખ્લાકમાંથી છે : ઈફતારીમાં જલ્દી કરવી, સહેરી મોડી ખાવી, હથેળીને હથેળી ઉપર ડૂંટીના નીચે રાખવી. *(કન્ઝુલ ઉમ્માલ, મુસ્નદે અહમદ, જિલ્દ–૬, સફા–૩૫)*

ઉપર દર્શાવેલી હદીષોથી સ્પષ્ટ થઈ ગયું કે નમાઝની હાલતમાં હાથોને ડૂંટીના નીચે બાંધવા મસ્નૂન (સુન્નત તરીકો) છે, કેમ કે હઝરત વાઈલ رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ علیہ وسلم ને ડૂંટીને નીચે હાથ બાંધતા જોયા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ડૂંટીના નીચે હાથ બાંધવા સુન્નત ફર્માવે છે. જલીલુલ કદર તાબઈ હઝરત અબૂ મુજલઝ رضی اللہ عنہ એ એના પર જ ફત્વો આપ્યો. હઝરત અલી کرم اللہ وجہہ الکریم ડૂંટીના નીચે હાથ બાંધવા અખ્લાકે નુબ્બુવતમાં બતાવે છે. પણ આ તમામ હદીષોથી ઉલ્ટુ ગૈર મુકલ્લિદ કહે છે કે હાથ છાતી ઉપર બાંધવા જોઈએ અને ડૂંટીના નીચે હાથ બાંધવા અયોગ્ય અને સુન્નતના વિરુધ્ધ છે, અને ડૂંટીના નીચે હાથ બાંધવાની કોઈ દલીલ નથી ! જેમ કે ગૈર મુકલ્લિદોનો મશહૂર મૌલ્વી યૂનુસ દહેલ્વી લખે છે કે જમણા હાથની હથેળીને ડાબા હાથના કાંડા પર મૂકીને છાતી ઉપર હાથ બાંધવા જોઈએ. *(દસ્તુરુલ્મુત્તકી, સફા–૬૯)*

નવાબ વહીદુઝ્ઝમાં લખે છે કે :–

"જમણા હાથને ડાબા હાથ ઉપર મૂકો પછી બંનેવને છાતી ઉપર મૂકો. આ જ મઝહબે મુખ્તાર (પસંદીદા) છે."

**જરા વિચારો !!** જે અમલ હુઝૂર صلی اللہ علیہ وسلم નો મઅમૂલ છે, જેને હઝરત વાઈલ અને હઝરત અલી رضی اللہ عنہما સુન્નતે રસૂલ અને અખ્લાકે નુબુવ્વતમાં શુમાર કરે છે, અને અબૂ મુજલઝ જે અઝીમુલ મર્તબત તાબઈ છે તે આના પર ફત્વો આપી રહ્યા છે, છતાં પણ તે ગૈર મુકલ્લિદોના નજીક અયોગ્ય છે ! અને જે અમલ (છાતી ઉપર હાથ બાંધવા) સિહાહ સિત્તાહ, બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, નસાઈ.... વગેરેની હદીષોમાંથી કોઈપણ સહીહ સ્પષ્ટ હદીષથી સાબિત નથી, જેના પર ચારેવ ઈમામોમાંથી કોઈનો પણ અમલ નથી અને જે ઈજમાએ ઉમ્મત એટલે કે પૂરી ઉમ્મતના વિરુધ્ધ છે, તે એમના નજીક મસ્નૂન અને મુખ્તાર છે ! ચેલેંજ છે કે બધી વહાબી ગૈર મુકલ્લિદ બિરાદરી જમા થઈ જાય તો પણ છાતી ઉપર હાથ બાંધવાની બુખારી અને મુસ્લિમથી એક પણ સહીહ હદીષ નથી દેખાડી શકતી.

## મર્દ અને ઔરતની નમાઝમાં ફર્ક

**હદીષ ૦૧** : હઝરત વાઈલ ઈબ્ને હજર ફર્માવે છે કે મને રસૂલે અકરમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, હે વાઈલ બિન હજર ! જ્યારે તમે બધા નમાઝ પઢો તો પોતાના બંનેવ હાથ કાનો સુધી ઉઠાવો અને ઔરત પોતાના બંનેવ હાથ પોતાની છાતીના બરાબર ઉઠાવે.

**હદીષ ૦૨** : હઝરત અબ્દે રિબા બિન સુલેમાન બિન ઉમેર ફર્માવે છે કે મેં હઝરત ઉમ્મે દરદા رضی اللہ عنہا ને જોયાં કે આપ નમાઝમાં પોતાના બંનેવ હાથ ખભાના બરાબર ઉઠાવે છે.

**હદીષ ૦૩** : હઝરત ઈબ્ને જરીહ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હઝરત અતાને કહ્યું કે, શું ઔરત તકબીરે તહરીમા કહેતી વખતે મર્દની જેમ ઈશારો કરશે ? આપે ફર્માવ્યું, ઔરત તકબીર કહેતી વખત મર્દની જેમ હાથ ન ઉઠાવે. આપે ઈશારો ફર્માવ્યો અને પોતાના બંનેવ હાથ ઘણા નીચે રાખ્યા અને એમની પોતાની છાતીના સાથે મિલાવ્યા અને ફર્માવ્યું, ઔરતની (નમાઝમાં) એક ખાસ સ્થિતિ છે જે મર્દની (જેમ) નથી.

**હદીષ ૦૪** : હઝરત યઝીદ બિન અબી હબીબથી મરવી છે કે હુઝૂર صلی اللہ علیہ وسلم બે ઔરતોના પાસેથી પસાર

થયા જે નમાઝ પઢી રહી હતી. આપે ફર્માવ્યું કે જ્યારે તમે સજદો કરો તો પોતાના શરીરનો થોડો હિસ્સો જમીનથી મિલાવી લો, કેમ કે ઔરતોનો હુકમ સજદાની હાલતમાં મર્દ જેમ નથી.

**હદીષ ૦૫** : "હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما બયાન કરે છે કે આપ ﷺએ ફર્માવ્યું કે જ્યારે ઔરત નમાઝમાં બેસે તો પોતાની એક જાંગ બીજી જાંગ ઉપર મૂકે અને જ્યારે સજદો કરે તો પોતાના પેટને જાંગો સાથે મિલાવી દે એવી રીતે કે એના માટે વધારામાં વધારે પર્દો થઈ જાય. જરૂર અલ્લાહ તઆલા તેમની તરફ નઝરે રહમત કરી ઈર્શાદ ફર્માવે છે કે, હે ફરિશ્તાઓ ! હું ગવાહ બનાવું છું આ વાત પર કે મેં એમને બખ્શી આપી."

**હદીષ ૦૬** : હઝરત ઈબ્રાહીમ નખઈ ફર્માવે છે કે ઔરત જ્યારે સજદો કરે તો પોતાનું પેટ પોતાની જાંગ સાથે મિલાવી દે અને પોતાની સીટને ઉપર ન ઉઠાવે અને અંગોને એવી રીતે દૂર ન રાખે જેવી રીતે મર્દ દૂર રાખે છે.

**હદીષ ૦૭** : હઝરત મુજાહિદ આ વાતને મકરૂહ (નાપસંદ) જાણતા હતા કે મર્દ જ્યારે સજદો કરે તો પોતાના પેટને જાંગો પર મૂકે જેવી રીતે કે ઔરત મૂકે છે.

**હદીષ ૦૮** : હઝરત હારિષ ફર્માવે છે કે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું કે જ્યારે ઔરત સજદો કરે તો બધાં અંગોને મિલાવી લે અને પોતાની બંનેવ જાંગો પર મિલાવી રાખે.

**હદીષ ૦૯** : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી ઔરતના બારામાં સવાલ કરવામાં આવ્યો તો આપે ફર્માવ્યું કે ઔરત અંગોને મિલાવી અને ખૂબ સમેટીને નમાઝ પઢે.

**હદીષ ૧૦** : હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું કે બાલિગા ઔરતની નમાઝ ઓઢણીના વગર કૂબૂલ નથી થતી.

ઉપરોક્ત હદીષોની રોશનીમાં અમે મર્દ અને ઔરતની નમાઝમાં અમુક તરીકાઓથી ફર્ક બયાન કરી રહ્યા છીએ ધ્યાનથી પઢો :–

**પહેલો તરીકો** : મર્દ તકબીરે તહરીમા કહેતી વખતે બંનેવ હાથ કાનો સુધી ઉઠાવે અને ઔરત ખભા સુધી જેવી રીતે કે હદીષ ૧, ૨, ૩ થી જાહેર છે. મર્કઝે ઈસ્લામ મદીના તયબાહમાં ઈમામ જહરી, મક્કા મુકર્રમામાં હઝરત અતા અને કૂફામાં હઝરત હમ્માદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ જ ફત્વો આપતા હતા કે ઔરત પોતાના ખભા સુધી હાથ ઉઠાવે તફસીલના માટે અભ્યાસ કરો. *(મુસન્નફ ઈબ્ને અબી શૈબા, જિલ્દ–૧, સફા–૨૩૯)*

આથી જે લોકો એવું કહે છે કે મર્દ ઔરતની નમાઝમાં ફર્ક નથી, તે ખાસ કરીને હઝરત જરીહ رضی اللہ عنہની વાત સાંભળે અને હિદાયત અને ગુમરાહી, ગલત તથા સહીહમાં તફાવત કરે. ફર્માવે છે : **ان للمرأة هيئة لسيت للرجل** "નમાઝમાં ઔરતના માટે ખાસ સ્થિતિ છે જે મર્દોના જેમ નથી." આ સાફ અને સ્પષ્ટ અને ઉઘાડા હુકમના પછી અગર કોઈ એમ કહે કે મર્દ અને ઔરતની નમાઝમાં કોઈ ફર્ક નથી તો બતાવો આ હદીષે રસૂલ અને અક્વાલે સલફથી બગાવત છે કે નથી ? અને જ્યારે હદીષે રસૂલથી બગાવત છે, તો પછી પોતાને "અહલે હદીષ" કહેવાનો શું મતલબ છે ?!

**બીજો તરીકો** : કેટલાક લોકો એવું કહેતાં રજ માત્ર પણ શરમાતા નથી કે મર્દ અને ઔરતથી નમાઝમાં કોઈ ફર્ક નથી. આવા લોકો હદીષ નંબર ૪, ૫ અને ૮ને વારંવાર પઢે અને ઈમાનના નૂરથી દિલો જિગરમાં હકીકી રોશની પેદા કરે. સાંભળો અને ધ્યાનથી સાંભળો કે આકા ﷺ જ્યારે બે ઔરતો પાસેથી પસાર થયા તો ઈર્શાદ ફર્માવ્યો, **اذا سجد تما فضما بعض اللحمر الى الارض** "તમે પોતાના બદનના થોડા હિસ્સાને જમીનના સાથે લગાડી લો."

ક્યાં ગયા એ લોકો જેઓ ફરક ન હોવાની વાત કરી રહ્યા છે ? સાંભળો ! આકા ﷺ આગળ ઈર્શાદ ફર્માવે છે : "તમે પોતાના બદનનો થોડો હિસ્સો

જમીનથી એટલા માટે મિલાવી લો કે ઔરતનો હુકમ સજદાની હાલતમાં મર્દની જેમ નથી."

અને હદીષ નં. ૫ માં આકા ﷺ ઈર્શાદ ફર્માવે છે :

فاذا سجدت الصقت بطنها فخزيها كامتر مايكون لها

"જ્યારે ઔરત સજદો કરે તો પોતાના પેટને જાંગો સાથે મીલાવી લે એવી રીતે કે વધારેથી વધારે પર્દો થઈ જાય."

અને જે ઔરત એવી રીતે સજદો કરે જેમાં પેટને જાંગો સાથે મિલાવી લે કે જે મર્દના તરીક઼ાથી અલગ છે. તો આક઼ા ﷺ ઈર્શાદ ફર્માવે છે : ان الله تعالى ينظر اليها "અલ્લાહ તઆલા એ ઔરતની તરફ નઝરે રહમત કરે છે."

તેમ જ અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :– يا ملائكتى اشهد كم الى قد غفرت لها "હે ફરિશ્તાઓ ! હું તમને ગવાહ બનાવું છું એ વાતના કે મેં એમને માફ કરી આપ્યા." કઈ એવી ઔરત છે જે રહમતે ઈલાહીની તલબગાર નથી અને મગફિરતે ઈલાહી નથી ચાહતી ? અગર કોઈ ચાહતી હોય કે રહમતે ઈલાહી અને મગફિરતનો પરવાનો મળી જાય તો આ રીતે સજદો કરે જે મર્દના તરીક઼ાથી અલગ છે, એટલે કે પેટને જાંગો સાથે અને જાંગોને પીંડલીઓ સાથે મિલાવીને સજદો કરે.

**ત્રીજો તરીક઼ો** : આદમીની નમાઝ ખુલ્લા માથે પણ થઈ જશે પણ ઔરતની નમાઝ ખુલ્લા માટે હરગિઝ નહીં થાય, કેમ કે તિર્મિઝી શરીફમાં હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, لا تقبل الصلوة الحائض الانجمار "બાલિગ ઔરતની નમાઝ ઓઢણી વગર ક઼બૂલ નથી. તો બતાવો, મર્દ અને ઔરતની નમાઝના દરમ્યાન ફર્ક છે કે નથી ?!

**ઉપસંહાર** : ઉપરોક્ત દર્શાવેલી હદીષો અને ઈજમાએ ઉમ્મતના વિરુધ્ધ ગૈર મુકલ્લિદોનું એવું કહેવું કે મર્દ અને ઔરતની નમાઝમાં કોઈ ફર્ક નથી, જેવું કે યૂનુસ કુરૈશીએ લખ્યું છે કે શરીઅતે મુહમ્મદીમાં મર્દ અને ઔરતની નમાઝમાં કોઈ ફર્ક નથી, બલ્કે જેવી રીતે મર્દ નમાઝ પઢે છે એવી રીતે ઔરત પણ નમાઝ પઢવી જોઈએ. *(દસ્તૂર મુત્તકી, સફા–૧૫૧)*

**જરા વિચારો !** : તમે પોતાના શરીરનો થોડો હિસ્સો જમીનથી એટલા માટે મિલાવો કેમ કે સ્ત્રીનો હુકમ હદીષો બતાવી રહી છે કે અલ્લાહના નબીની નજીક મર્દ અને ઔરતની નમાઝમાં ફર્ક છે. જેમ કે ઉપર બયાન કર્યું છે.

فان المرأة فى ذلك ليست كالرجل મુફસ્સિરે કુર્આન હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما જેવા મશહૂર સહાબીએ રસૂલ ફર્માવે છે, "મર્દ અને ઔરતની નમાઝમાં ફર્ક છે." તાબઈન અને તબેતાબઈન ફર્માવે છે કે ફર્ક છે. ઈજમાએ ઉમ્મતથી સાબિત છે કે મર્દ અને ઔરતની નમાઝમાં ફર્ક છે. ક઼યાસનો તકાઝો પણ એ છે કે મર્દ અને ઔરતની નમાઝમાં ફર્ક છે. પણ ગૈર મુકલ્લિદો આ બધી જ વાતોથી આંખ બંધ કરી રહ્યા છે કે મર્દ અને ઔરતની નમાઝમાં કોઈ ફર્ક નથી !

**પ્યારા વાંચકો !** જો આંખો રોશનીવાળી હોય તો ખોલો અને ઈમાનની રોશની અને ઈશ્કે રસૂલનો ચશ્મો લગાડીને જુઓ કે હદીષો છોડવાનો ઈલ્ઝામ કોની ઉપર લાગી રહ્યો છે ?! અને આ (મર્દ ઔરતની નમાઝમાં ફર્ક કરવું) ગુનાહ અને નાજાઈઝ કામ છે તો શું અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ અને જલીલુલ કદ્ર સહાબા હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ગુનાહ અને નાજાઈઝ કામનો હુકમ આપી રહ્યા છે ? એ તો શક્ય જ નથી ! તો પછી જે લોકો કહે છે કે મર્દ અને ઔરતની નમાઝમાં કોઈ ફર્ક નથી તે લોકો ઉપર બયાન કરેલ હદીષનો વિરોધ કરી રહ્યા છે કે નહીં ? હા ! કરી રહ્યા છે ! અને જરૂર કરી રહ્યા છે ! તો પછી પોતાને અહલે હદીષ કહેવું કેમ કરીને સહીહ થશે ?!

હે મુસલમાનો ! તમારા પોતાના દીન પ્રતિ ગંભીર બનો !

# પાકીઝા ઈસ્લામી સમાજ રચનાની જરૂરત અને આપણે !

રજૂકર્તા : મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી

ઈસ્લામ ઈસાઈયત નથી જેમાં કૈસરનો હક્ક કૈસરને અને રબ તઆલાનો હક્ક રબ તઆલાને આપી દેવાની વાત કહેવામાં આવી છે, બલ્કે ઈસ્લામ એક એવા સામાજિક બંધારણથી સજ્જ છે જેમાં દીન તથા દુનિયાની સમાનપણે ભાગીદારી છે. જેમાં જિંદગીના સર્વ પાસાંઓ સંબંધે એવી હિદાયતો (માર્ગદર્શનો) આપવામાં આવે છે જે કોઈ માનવના દિમાગની ઉપજ નથી બલ્કે તે સરાસર ઈલાહી તથા રહમાની છે જ્યાં કોઈ પ્રકારની ભૂલચૂકને અવકાશ નથી.

જિંદગીના બે પાયાનાં પાસાંઓ હોય છે : (૧) વ્યક્તિગત જીવન (૨) સમાજિક જીવન. વ્યક્તિ ત્યારે જ નેકોકાર તથા નેક ખયાલોવાળો થઈ શકે છે જયારે કે તેની આસપાસનું વાતાવરણ ગંદકીઓથી પાક તથા સાફ હોય. તે એવી સોસાયટીમાં રહેતો હોય જે ઉમદા કાર્યો તથા અમલોમાં યકીન ધરાવતી હોય. પરંતુ જો વ્યક્તિનો સમાજ જો ઈસ્લામી ખૂબીઓથી સજ્જ નથી તો કદી પણ તે નેક ઈન્સાન બનીને આ જીવન સંગ્રામમાં નેક કાર્યો અંજામ આપવાને કાબેલ નથી થઈ શક્તો અને ન તો તે આખેરતના જીવનમાં કોઈ આરામદાયક સ્થિતિ હાંસલ કરવાને પાત્ર થઈ શકે છે. એક સમાજમાં રાત દિવસ વિતાવનાર ઈન્સાનના માટે જાતિ, રૂહાની ભલાઈની એક જ સ્થિતિ એ બની શકે છે કે તે સમાજને અલ્વિદાઅ કહીને એવા રણમાં પોતાનું રહેણાંક બનાવી લે જ્યાં સુધી એ સમાજની અસરો ન પહોંચી શક્તી હોય. પરંતુ આ માન્યતા ઈસ્લામી નથી, કેમ કે એમાં દુનિયાથી ભાગવું એ રીતે છે જેની ઈસ્લામ પરવાનગી નથી આપતો, કેમ કે આ દુનિયા તમારા માટે બનાવવામાં આવી છે અને તમે આખેરતના માટે છો. કુર્આને કરીમમાં રબ્બે કાયનાતનો ઈર્શાદ છે :–

**ولاتنس نصيبك من الدنيا واحسن كما احسن الله اليك ولا تبغ الفساد فی الارض انالله لا يحب المفسدين**

"દુનિયાથી તમારો હિસ્સો ન ભૂલો અને સદ્‌વર્તાવથી વર્તો તદ્દન એ જ પ્રમાણે જેવી રીતે કે અલ્લાહે તમારા પર એહસાન કર્યું અને જમીનમાં ફસાદ (ઝઘડાઓ)ની કોશિશ ન કરો. યકીનન ! અલ્લાહ ફસાદીઓને દોસ્ત નથી રાખતો. *(સૂ. કસસ, ૭૭)*

આ આયતે પાકમાં વ્યક્તિગત ભલાઈ તથા કામયાબીનો Concept (ખયાલ) નથી આપવામાં આવ્યો બલ્કે સામાજિક ભલાઈ અને પોતાના દુનિયવી હિસ્સાને પીઠ પાછળ ન નાખવાની હિદાયત આપવામાં આવી છે. **જો આપણે મુસલમાન છીએ તો આપણે કેવળ આપણી કામયાબીની ચિંતા ન કરવી જોઈએ બલ્કે અન્યોની પણ દીની તથા દુનિયવી કામયાબીના માટે સતત કોશિશ કરવી જોઈએ.**

પરંતુ કલ્પનાની દુનિયાથી બહાર આવી વાસ્તવિક્તાના પ્રકાશમાં આંખો ખોલીને ચર્ચા કરીએ તો એ દુ:ખદ હકીકત સામે આવશે કે ન આપણો સમાજ નેક ખૂબીઓ ધરાવે છે, ન આપણા બાળકો, યુવાન તથા વૃદ્ધ પાકીઝા અમલ તથા કિરદારના ઝંડાધારી છે અને ન આપણે સમાજ

તથા વ્યક્તિના ઘડતર તથા પ્રગતિના માટે એ પ્રમાણેની કોશિશો કરી રહ્યા છીએ જેવી કે કરવી જોઈએ. હવે જ્યારે આપણે આ પ્રકારના સંજોગોમાં ગુંચવાયેલા છીએ તો એવી કઈ રીતે કલ્પના કરી શકીએ છીએ કે ઈલાકાવાર કે રાજ્ય કક્ષાએ કે દેશ કક્ષાએ તથા વિશ્વ કક્ષાએ આપણે કોઈ એવું કારનામુ અંજામ આપી શકીશું જેના સબબે આપણે ''ખયરે ઉમ્મત'' હોવાના હક્કદાર ઠરીએ અને આપણને નેક સાલેહ ઉમ્મતની હૈસિયતથી ઓળખવામાં આવે. પરંતુ આ સૌના છતાં આપણી હાલત તો એ છે કે આપણે ઉઠતાં, બેસતાં, સૂતાં, જાગતાં રાત દિવસ, સવાર સાંજ ''ખયરે ઉમ્મત''ની બશારત આપનારી આયતો આપણી ફઝીલતના રૂપે પેશ કરવાથી થાકતા નથી. જ્યારે કે એવું હોવું જોઈતુ હતું કે આપણે આ પ્રમાણેની આયતોના અભ્યાસ પછી આપણી જિમ્મેદારીઓનો એહસાસ જાગૃત કરતા, હમેશાં સમાજમાં ભલાઈના પ્રચાર અને બુરાઈના ખાત્મા માટે, પ્રયત્નશીલ રહેતા અને આ રીતે આખા જગતમાં મુસ્લિમ ઉમ્મતના સંબંધે એક અતિશય ખુશખબરીનો પયગામ પહોંચતો. એવું કરવામાં આપણે કામયાબ તો ન થઈ શક્યા પરંતુ બાતિલ અક્દાઓ ધરાવતી દુનિયાની અન્ય જમાઅતોએ મેદાન ખાલી જોતાં પોતે પોતાને સામાજિક સફાઈ તથા ભલાઈ તથા માનવ હક્કોના ઝંડાધારીની હૈસિયતથી મનાવી લીધા અને આજે આખુ જગત તેમને તમામતર ખરાબીઓ છતાં રચનાત્મક ખયાલો ધરાવનાર જમાઅતોની હૈસિયતથી માનતી તથા ઓળખતી થઈ છે.

## કલ્માએ તૈયેબહ તથા તેના તકાઝાઓ

કલ્માએ તૈયેબહ પર દિલથી ઈમાન લાવવા તથા જીભ વડે ઈકરાર કરી લીધા બાદ આપણા પર એ જિમ્મેદારી લાગુ થાય છે કે આપણે સૌ પ્રથમ આપણને પોતાને ઓળખીએ અને તૌહીદ તથા રિસાલતના ઈક્રાર થકી આપણે જે મહાન બોજને પોતાના ખભાઓ પર ઉઠાવ્યો છે તેની મહાનતાનો એહસાસ આપણામાં પેદા કરીએ અને એ પયગામની વિશ્વવ્યાપી વિશાળતાને સમજવાની કોશિશ કરીએ જેને આપણે કબૂલ કર્યો છે. તો જાહેર છે કે તૌહીદ તથા રિસાલતના ઈક્રાર પછી આપણી ઓળખ એ પ્રમાણે થાય છે કે આપણે ઈસ્લામ ધર્મના માનનારા છીએ જે પોતાનામાં અમાપ વિશાળતાઓ ધરાવે છે અને અહીંથી જ આપણા ઉપર કેટલીક જિમ્મેદારીઓ લાગુ થાય છે જેમાં પ્રથમ જિમ્મેદારી એ છે કે જો આપણે કોઈ એવી સોસાયટીમાં વસી રહ્યા છીએ જે ગૈર ઈસ્લામી છે તો આપણે પોતે પોતાને તેની ગૈર ઈસ્લામી અસરોથી મેહફૂઝ રાખવાની પૂરી કોશિશ કરીએ અને આપણા પોતાનામાં એક એવા સમાજની રચનાની કોશિશ કરીએ જેના પાયા ઈસ્લામી ધારા ધોરણ પર હોય.

**બીજી જિમ્મેદારી** એ લાગુ થાય છે કે ઈસ્લામના બે પાયાના શ્રોતો કુર્આન તથા હદીષની સમજ હાંસલ કરવાની કોશિશ કરીએ જેથી આપણે હક્ક તથા બાતિલની વચ્ચે ભેદરેખા ખેંચી શકીએ. આપણે ઈલ્મ હાંસલ કરીએ જેથી દીન તથા દુનિયાનાં રહસ્યોની ગુંચો ઉકેલી શકીએ.

**ત્રીજી જિમ્મેદારી** એ લાગુ થાય છે કે ખૂદ ઈલ્મ હાંસલ કર્યા બાદ આપણે ઈસ્લામી પયગામને અન્ય લોકો સુધી પહોંચાડીએ અને તેના મહત્વને દિલોમાં જમાવવા માટે દોડધૂપ કરીએ જેથી આપણી આવનારી પેઢી ચાહે એનો સંબંધ આપણી પૂરી દુનિયા સાથે હોય અથવા દેશથી અથવા રાજ્યથી અથવા પ્રદેશથી અથવા સમાજથી અથવા ખૂદ આપણા ઘરથી, તે સંપૂર્ણપણે ઈસ્લામી દા'વતના સંબંધે સંતૃષ્ઠ હોય અને કોઈ પ્રકારની ખટક કે બેચૈનીનો શિકાર ન બને. ઈન્સાનિયતના પયગંબર મુહમ્મદે અરબી ﷺનો ઈર્શાદ છે :-

نضر الله امرأ سمع مقالتی فوعاها فاداها كما سمعها

**"અલ્લાહ તઆલા તેને ખુશ ચૈનમાં રાખે જેણે મારી વાત સાંભળીને મેહફૂઝ કરી લીધી અને પછી તેને એ જ હાલતમાં અન્ય લોકો સુધી પહોંચાડી."** આપણા આ ફર્ઝને આપણે Education & Transmissionનું નામ પણ આપી શકીએ છીએ.

**ચોથી જિમ્મેદારી** એ લાગુ થાય છે કે સ્વજાતે પોતે આપણે ઈસ્લામી તા'લીમાત પર અમલ કરીએ અને તેને આમ કરવાની ચોતરફ ફેલાવવાની કોશિશ કરીએ. માનવતાના પાયા પર કરવામાં આવનારી તમામ પ્રવૃત્તિઓમાં એ નિય્યતની સાથે ભાગ લઈએ કે એ પણ આપણો ફર્ઝ છે અને એમાં પણ રબ તઆલા હુકમનું પાલન છે.

ઈસ્લામ લાવ્યા પછી લાગુ થનારી વર્ણન કરેલી ચારેય જિમ્મેદારીઓને જાણી લીધા બાદ હવે આપણે એ પરીક્ષણ કરવાની કોશિશ કરીએ છીએ કે આપણે એને કેટલા પ્રમાણમાં સરસ રીતે અંજામ આપવામાં કામયાબ છીએ અને કેટલી હદે ? અને જો ઉણપો વર્તાઈ રહી છે તો તેની નકારાત્મક અસરો શું જાહેર થઈ રહી છે ? આપણે જોઈએ છીએ કે ખાનદાની તૌર પર મુસલમાન હોવા અને આ જિમ્મેદારીઓથી અજાણ હોવાને કારણે આપણે પણ (કલ્માની) શહાદતના સર્વને સમાવતા અર્થ તથા ભાવાર્થથી નાવાકેફ રહી જઈએ છીએ અને આપણી નવી નસલને પણ એનો ખરો અંદાઝ નથી થઈ શક્તો. ખાસ કરીને આપણે તથા આપણી નવી પેઢી ઈસ્લામના સામાજિક પાસાથી લગભગ તદ્દન જ ગાફેલ રહી જાય છે. આપણે કેવળ એ એહસાસ સાથે સંતોષી બની જઈએ છીએ કે આપણે પંજવક્તા નમાઝના પાબંદ છીએ અને બસ ! જ્યારે એવું બિલકુલ નથી ! રસૂલે રહમત ﷺનું ફર્માન છે કે, "તમારામાંનો દરેક શખ્સ નિગેહબાન છે અને દરેક શખ્સને તેના હાથ નીચેનાંઓના સંબંધે પૂછતાછ થશે."

સારાંશ કે મુસલમાન બન્યા બાદ પોતે પોતાને દરેક સમયે ઈસ્લામી ધારા ધોરણથી સજ્જ રાખવું જરૂરી છે જેથી કરીને અન્ય લોકોથી ફરક રહે, પણ અમલી દુનિયામાં આપણી અધિક્તર સંખ્યા એવું કરવાથી આજિઝ છે. કુર્આન તથા હદીષની સમજનો જ્યાં સુધી મામલો છે તો આપણી બહુમતિ રોજનીશીના મસાઈલથી પણ અજ્ઞાત છે અને દુનિયાવી શિક્ષણથી આપણા પછાતપણાનો તો એક શોર મચેલો જ છે ! રહી ત્રીજી જિમ્મેદારી જે Multidimensional છે તો એના સંબંધે અમારો કેવળ એટલી જ વાત કહેવી છે કે ટ્રાન્સમિશનનો સવાલ ત્યાં પેદા થાય છે જ્યાં માણસ ખૂદ પહેલાં કોઈ ચીજથી સંવરે છે, હવે જ્યારે દીન તથા દુનિયાનો કોઈ ઈલ્મ આપણી પાસે છે જ નથી તો તેને આગળ વધારવાની વાતનો અર્થ શો ?!

હવે અહીં કેવળ એક વાત રહી જાય છે કે આપણે ઈસ્લામી સ્પિરિટ તથા ઈસ્લામી Seedને જે આપણી ભાવિ પેઢીના દિલોમાં નાખવામાં કામયાબ થઈ જઈએ તો એ પણ એક જિમ્મેદારી નિભાવવું ગણાશે. પરંતુ આપણે જોઈએ છીએ કે મોટાભાગનાં માં બાપ એનાથી પણ ગફલત વર્તતાં જોવા મળે છે. અને આપણી ઔલાદો કેવળ એ કારણે મુસલમાન કહેવાય છે કે એમનું નામ મુસલમાનો જેવું છે અને તેમના બાપદાદા પણ મુસલમાન જ હતા !

રહી ચોથી જિમ્મેદારી કે આપણે તેને કઈ રીતે અંજામ આપી રહ્યા છીએ, તો આપણે એ મેદાનમાં પણ ઘણા પછાત છીએ. વાતોનાં વડાં તો ખૂબ જ થાય છે પરંતુ એકશન અને પાર્ટીસીપેશન નહિવત !

આપણે આ જિમ્મેદારીઓને શા માટે અંજામ નથી આપી રહ્યા તેના વિવિધ સબબો હોઈ શકે છે, દા.ત. ઉણપ વર્તવું, જિમ્મેદારીના એહસાસનો અભાવ, ઈસ્લામ વિશાળ પાસાથી અજાણપણુ વગેરે, પરંતુ જેટલા જલ્દી બની શકે આપણે આપણા અમલમાં તબદીલી લાવવી પડશે, નહીં

તો આ જ પ્રમાણે આખુ જગત આપણી અધઃપતનનો મર્ષિયો ગાતુ રહેશે.

## ફર્ઝોમાં ઉણપનાં નકારાત્મક પરિણામો

કોઈપણ માણસ જ્યારે પોતાની ફરજોથી આંખ આડા કાન કરે છે તો તેણે તેનું નુકસાન વેઠવું પડે છે અને આજે આપણે આ જગતમાં પણ એ જુર્મની સજા પામી રહ્યા છીએ. અને જો આપણે પોતે પોતાને ન બદલ્યા તો આપણે એ જ પ્રમાણે સજા પામતા રહીશું, કારણ કે અલ્લાહ તે કૌમની હાલત નથી બદલતો જે ખૂદ પોતાની હાલતમાં તબદીલી નથી લાવતી. આ આપણી મુજરિમાના ગફલતનું જ પરિણામ છે કે ઈસ્લામી ધારા ધોરણ અને ઈસ્લામી રીત રીવાજો મુસ્લિમ સમાજમાંથી વિદાય થઈ રહ્યાં છે. શિક્ષણના સંબંધે સચ્ચર કમિટીનું સત્ય સામે આવી ચૂક્યું છે તેમજ દીની તા'લીમનાં કેન્દ્રો તથા ત્યાં પહોંચતા મુસ્લિમ તલબાની ટકાવારી એ વાતનો નિર્દેશ કરે છે કે આપણે ઈસ્લામી તા'લીમથી કેટલા સંવરેલા છીએ ! આપણા જિગરના ટુકડાઓ સુધી ઈસ્લામી તા'લીમ ન પહોંચાડવાથી અને તેમની યોગ્ય ઈસ્લામી ઢબની કેળવણી ન કરવાનું પરિણામ એ સમયે દર્દનાક પીડાનું સ્વરૂપ ધારણ કરી લે છે જ્યારે તે સ્કૂલો, કોલેજો અને યુર્નિવસિટીઓ ભણી જાય છે, ત્યાં ગૈર ઈસ્લામી તથા અધર્મી ખયાલોથી તેની ટક્કર થાય છે અને પછી આપણે પોતે પોતાને લાચાર સમજીએ છીએ અને ક્રમે ક્રમે તે સમય પણ સામે આવે છે જ્યારે તે ક્યાં તો સંપૂર્ણપણે મઝહબથી બેપરવા બની જાય છે અથવા મઝહબ તેના માટે રસ્મો રિવાજનો એક સમૂહ બનીને રહી જાય છે.

કદાચ આપણે એ હકીકતથી ગાફેલ છીએ કે તેમનામાં આવનારી જબરદસ્ત તબદીલીમાં આપણો રોલ ઓછો નથી હોતો. જ્યારે આપણે તેને હકીકતથી માહિતગાર જ નથી કર્યો તો તેની આખેરતની જિંદગીની બર્બાદીના સંપૂર્ણપણે જિમ્મેદાર આપણે જ છીએ. અને એના માટે આપણે રબ તઆલાની બારગાહમાં જવાબ આપવા માટે તૈયાર રહેવું પડશે. એ જ પ્રમાણે હદીષ પાક كلكم راع وكلكم مسئول عن رعيته ના મુજબ સામાજિક બાબતોના સંબંધે આપણી જિમ્મેદારીઓનો જવાબ આપવો પડશે.

સારાંશ એ કે કેવળ કલ્માના ઝબાની ઈકરારથી આપણો ઈસ્લામ કામિલ તથા મુકમ્મલ નથી થતો જ્યાં સુધી કે આપણે તેના તકાઝાઓને પૂરા ન કરીએ અને તેના તરફથી ઉપસ્થિત થતી જિમ્મેદારીઓ નિભાવી ન લઈએ. ઈસ્લામી પયગામનું મહત્વ તથા તેના તકાઝાઓનો એહસાસ આપણી ઈસ્લામી તા'લીમાતનો હિસ્સો છે અને એ જ જિમ્મેદારીઓની અદાયગી થકી આપણે એક આઈડિયલ સમાજ ઉભો કરી શકીએ છીએ જ્યાં ઈલાહી તથા દુનિયવી તા'લીમાતની બોલબાલા હોય અને સર્વ મુસલમાન આપસમાં સીસુ પીવડાવેલી દીવાલનો નમૂનો હોય. કહેનારાએ શું સરસ કહ્યું છે :–

**યહ શહાદત ગહે ઉલ્ફતમેં કદમ રખના હૈ**
**લોગ આસાન સમઝતે હૈં મુસલમાં હોના**

*(સુન્ની દા'વતે ઈસ્લામી ત્રિમાસિક–ઉર્દૂ, ઓક્ટો.–ડિસે. ૦૭)*

**બરકાતે ખ્વાજા (માસિક)ની લેખ હરીફાઈમાં જલ્દીથી જોડાવ !** મદરસા, દારુલ ઉલૂમમાં પઢતા તલબા તથા સ્કૂલના વિદ્યાર્થીઓ પણ આમાં ભાગ લે. **"ઈસ્લામમાં હલાલ રોજીનું મહત્વ અને આપણે"** આ વિષયે કુર્આન, હદીષ, બુઝુર્ગોના વાક્યા તથા આપણી હાલત સંબંધે લખે **તા. ૧૨–૩–૨૦૦૮** સુધીમાં અમને મળે એ રીતે મોકલી આપો. દીન તથા સુન્નિયતને બાકમાલ કલમકારોની જરૂરત છે તો તમે આ માર્ગે કૂચ કદમ કરો ! ઉસ્તાદોને વિનંતિ કે તલબાને માર્ગદર્શન કરે અને અભ્યાસી બનાવે જેથી ભાવિના સુન્ની કલમકાર બને. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*



# સમગ્ર વિશ્વમાં અમેરિકાએ આચરેલા અમાનુષી કાર્યાલય ત્રાસવાદની ઝલક

**અમેરિકા** ત્રાસવાદના ભૂતને આગળ ધરીને જગતભરમાં ત્રાસવાદનો ખાત્મો કરવાની નેમ સાથે દરેક દેશમાં પગપેસારો કરી ત્યાંના લોકોના જીવનને વેરવિખેર કરી રહ્યું છે. ઈરાકની હાલતનો પૂરો ચિતાર આપની સમક્ષ જ છે કે એક સદ્દામને હટાવવા તથા પેટ્રોલ પર કબ્જો જમાવવા કાજે પૂરા ઈરાકમાં લાખો માનવોના લોહીની હોળી કરી, અસંખ્ય વિધવાઓ બની, અસંખ્ય સ્ત્રીઓ પર ઈરાકી લશ્કરે બળાત્કાર કર્યા, હજારો બાળકો યતીમ બન્યાં અને વર્ણન ન થઈ શકે એવી દુઃખી હાલતમાં નાગરિકો મૂકાઈ ગયા. અને હજીય રોજ નવી નવી જુલ્મોની દાસ્તાનો ચાલુ જ છે.

વળી હાલમાં જ ઈન્ડોનેશિયાના માજી પ્રમુખ સુહાર્તોનું જાકાર્તામાં ૮૬ વરસની વયે અવસાન થયું એની સાથે વીસમી સદીના અમેરિકા સર્જિત કલંકિત ઈતિહાસની એક કથા ખત્મ થઈ. વીસમી સદીનો સૌથી ક્રુર સૌથી ભ્રષ્ટ શાસક એ અમેરિકાનું જ પાપ હતો. જેના ત્રાસવાદ તથા ભ્રષ્ટાચારની વિગતો ટૂંકમાં આ પ્રમાણે છે :–

## સુહાર્તોના કત્લેઆમ અને કરપ્શનનાં ૩૨ વર્ષ

- સુહાર્તોએ ૧૯૬૫થી ૧૯૯૮ના સળંગ ૩૨ વર્ષ સુધી ઈન્ડોનેશિયા પર એકચક્રી શાસન કર્યું અને આ ૩૨ વર્ષના શાસન દરમ્યાન સુહાર્તો અને તેના કુટુંબે ઈન્ડોનેશિયાની તિજારીમાંથી ૭૩ અબજ ડોલર (આજના લગભગ રૂા. ૩ લાખ કરોડ) પોતાના ઘર ભેગા કર્યો હોવાનો ટાઈમ મેગેઝિન દાવો કરેલો. આ દાવા સામે સુહાર્તોએ ટાઈમ મેગેજિન સામે બદનક્ષીનો દાવો કરેલો અને તે કેસ તે જીતી જતાં ટાઈમ મેગેઝિને તેમને વળતર તરીકે ૧૦ કરોડ ૬૦ લાખ ચૂકવવા પડેલા.
- સુહાર્તોએ ૧૯૬૫થી ૧૯૬૮ દરમ્યાન જ કુલ ૨૦ લાખ જેટલાં લોકોની કત્લેઆમ કરાવી હતી. એ પછી તેણે પૂર્વ ટિમોર, પપુઆ અને એપેક પર હુમલા કરેલા ને તેમાં ૫ લાખ લોકોને મોતને ઘાટ ઉતારેલા.
- સુહાર્તોના કુટુંબ પાસે ૧૯૯૯માં ૧૫ અબજ ડોલર (એ વખતે રૂા. ૭૫ હજાર કરોડ) તો રોકડા અને શેર સર્ટીફિકેટ્સ રૂપે જ હતા. એ સિવાય રિયલ એસ્ટેટ અને બીજી સંપત્તિ અલગ.
- સુહાર્તો અને તેના કુટુંબના ૯ અબજ ડોલર ઓસ્ટ્રિયન બેંકમાં જમા છે તેવો દાવો ૧૯૯૯માં થયેલો. આજે એ રકમ બમણી થઈ ગઈ હશે.
- સુહાર્તો પાસે ઈન્ડોનેશિયામાં ૩૬,૦૦૦ ચોરસ કિમી જમીન રિયલ એસ્ટેટ રૂપે છે, જેની કિંમત અબજો ડોલર થાય. ઈન્ડોનેશિયાના પાટનગર જાકાર્તામાં કોમર્શિયલ પોશ એરિયામાં જ સુહાર્તો અને તેના કુટુંબની ૧ લાખ ચોરસ મીટર જમીન છે.
- અમેરિકાનાં આવાં પાપો જગતભરમાં કેટલાં થયાં છે તેની એક ઝલક જોતા ચાલો, અને માનવ અધિકારની રક્ષાની ડંફાસો મારતા આ મહા ત્રાસવાદી અમેરિકાને ઓળખો :–

વિશ્વના અનેક દેશોમાં કરોડો લોકોને નિર્દયતાપૂર્વક મારી નાખવામાં આવ્યા છે. અમેરિકા સરકાર કે લશ્કર દ્વારા સીધે સીધી રીતે અથવા એના કહ્યાગરા કઠપૂતળી દેશો દ્વારા અમેરિકન ત્રાસવાદના આ કિસ્સા ઈતિહાસનાં પાનાંઓ પર નોંધાયેલા છે એટલે કોઈપણ વ્યક્તિ એની માહિતી મેળવી શકે છે, પણ અમેરિકન સરકાર અને લશ્કરે જે ત્રાસવાદ ગુપ્ત રીતે આચર્યો છે તે કેટલો ઘાતકી અને અમાનવીય

હશે એ તો ખુદા જ જાણે છે, અને જ્યાં સુધી અમેરિકાની લશ્કરી તાકાત અકબંધ છે ત્યાં સુધી એનો ત્રાસવાદ વધુને વધુ ઉગ્ર બનતો જશે.

## પેલેસ્ટાઈન પર ત્રાસવાદ

**૧૯૪૮થી વર્તમાન સમયમાં પેલેસ્ટાઈનની પ્રજા વિરુધ્ધ અમેરિકા અને ઈઝરાયેલનો રાજ્ય ત્રાસવાદ, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા ૧,૧૦,૦૦૦ :–**

૧૯૪૮માં ઈઝરાયેલ અસ્તિત્વમાં આવ્યું ત્યારથી ઈઝરાયેલીઓએ પેલેસ્ટાઈનમાં માનવસમૂહોનો સંહાર કર્યો છે. ઈઝરાયેલની જેલોમાં પેલેસ્ટાઈની કેદીઓ પર સતત ગુજારવામાં આવતો ત્રાસ સામાન્ય બાબત બની ગઈ છે.પણ અમેરિકાના પ્રસાર માધ્યમોએ ૫૩ વર્ષોથી આ બાબતને છુપાવી રાખી છે.

અમેરિકા ઈઝરાયેલને દર વર્ષે કરોડો ડોલરની સહાય આપે છે. અમેરિકન સરકાર હમેશાં એવાં કાર્યો માટે જ અન્ય દેશને નાણાં આપે છે જે એને પોતાને પસંદ છે. એટલે ઈઝરાયેલનો ત્રાસવાદ મૂળભૂત રીતે અમેરિકાનો ત્રાસવાદ છે.

## કોલંબિયા પર ત્રાસવાદ

**૧૯૬૦થી વર્તમાન સમયમાં કોલંબિયાની ત્રાસવાદી સરકારને અમેરિકાનું સમર્થન, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા : ૬૭,૦૦૦થી વધુ :–**

કોલંબિયા દુનિયાનો સૌથી વધુ હિંસાખોર દેશ છે. લશ્કરી બળો તેમજ જમણેરી અર્ધલશ્કરી બળો અત્યાચારી છે. તેઓ કોકેનના ઉત્પાદન તેમજ દાણચોરીમાં સંડોવાયેલા છે. કામદાર સંગઠનો તેમજ ડાબેરીઓની ચળવળોને દાબવા તેમણે લાખો લોકોની કતલ કરી નાખી છે. માનવ અધિકારનાં હિમાયતીઓને પણ રહેંસી નાખ્યા છે, અને અમેરિકાની સરકાર કોલંબિયાના લશ્કરી દળોને શસ્ત્રો, નાણાં, તા'લીમ તથા સૈન્યબળની મદદ પૂરી પાડે છે.

## ઈરાક પર ત્રાસવાદ

**૧૯૯૧થી વર્તમાન સમયમાં ઈરાકની પ્રજા પર અમેરિકા અને બ્રિટનનો ત્રાસવાદ, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા : ૨,૦૦,૦૦૦ :–**

ખાડી યુદ્ધ વાસ્તવમાં અદ્યતન ટેકનોલોજી વડે એક નિર્બળ દેશની પ્રજા પર કરવામાં આવેલો પાશવી અત્યાચાર હતો. ૧૭.૭ કરોડ રતલના બોંબ ઝીંકવામાં આવ્યા હતા. પીછેહઠ કરતાં ઈરાકી સૈનિકો અને નિર્દોષ નાગરિકોની હત્યા કરવામાં આવી હતી. અનાજના ભંડાર અને પીવાના પાણીના પ્રોજેક્ટ નષ્ટ કરી દેવામાં આવ્યા હતા. ક્લસ્ટર બોંબ, યુરેનિયમ મિસાઈલ્સ, ગેસ બોંબ, નાયામ અને ક્રુઝ મિસાઈલનો બેફામ ઉપયોગ થયો હતો. અને પરિણામે હવા અને પાણીમાં ઝેર ફેલાઈ ગયું હતું. અસંખ્ય નાગરિકો કેન્સરનો ભોગ બન્યા છે અને ભયાનક ખોડ સાથે જન્મેલા બાળકોની સંખ્યા પણ ચિંતાજનક છે. યુનોના અંદાજ પ્રમાણે પાંચ વર્ષથી ઓછી વયના ૬૦૦,૦૦૦થી વધુ બાળકો પ્રદૂષિત પાણીને લીધે તેમજ દવાઓ દુર્લભ બનાવતા અમેરિકન પ્રતિબંધોને લીધે મૃત્યુ પામ્યાં છે.

## યુગોસ્લાવિયા પર ત્રાસવાદ

**૧૯૯૨થી વર્તમાન સમયમાં યુગોસ્લાવિયાની પ્રજા પર અમેરિકા અને નાટોના રાષ્ટ્રોનો ત્રાસવાદ, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યાઃ ૩,૦૦૦થી વધુ :–**

૧૯૯૯થી વસંતઋતુમાં ૭૮ દિવસો સુધી અમેરિકાના વિમાનચાલકો તેમજ વહાણચાલકોએ આંખો મીચીને વૃદ્ધ સ્ત્રી–પુરૂષો પર, બાળકો પર, બજારમાં ખરીદી કરતાં ઉપભોક્તાઓ પર, ટ્રેનમાં મુસાફરી કરતા પ્રવાસીઓ પર, શાળાના વિદ્યાર્થીઓ પર અને હોસ્પિટલોમાં પથારીવશ

દર્દીઓ પર મૌતનો વરસાદ રેડયો હતો. અમેરિકન ત્રાસવાદનો આરંભ ૧૯૯૨માં યુગોસ્લાવિયાના વિઘટન પછી બોસનિયામાં ફાટી નીકળેલા આંતરવિગ્રહ સાથે થયો હતો. ૧૯૯૫માં ક્રાજિના વિસ્તારમાં એક આખા વંશનો સફાયો કરવાના હેતુથી ત્રણથી પાંચ લાખ સરબિયનોને મારી નાખવામાં આવ્યા હતા. ૧૯૯૯માં અમેરિકાનો ત્રાસવાદ ચરમસીમા પર હતો જયારે યુગોસ્લાવિયાની સમગ્ર પ્રજા અને આંતરમાળખાની બધી સગવડો પર બોંબવર્ષા કરવામાં આવી હતી. કોસોવો જેના પર એનો ક્રૂર કબજો છે, ત્યાં આજે પણ અત્યાચાર થઈ રહ્યો છે.

નાટોના સૈન્યો મૂક પ્રેક્ષક બની જોઈ રહ્યા છે અને અમેરિકાની રહેમ નજર હેઠળ આલબેનિયાના અંતિમવાદીઓએ નિરંકુશ દુરાચાર કર્યો છે. લગભગ દરરોજ સ્ત્રીઓ અને બાળકીઓ પર બળાત્કાર થાય છે. આલબેનિયનો દલાલોની ભૂમિકા ભજવે છે અને અમેરિકા તેમજ નાટોના સૈનિકો ગ્રાહકોની ભૂમિકા, જો કે આ સૈનિકોનો નામ આપવામાં આવ્યું છે. "વિશ્વશાંતિના સેવકો !"

## કોંગો પર ત્રાસવાદ

**૧૯૬૦થી વર્તમાન સમયમાં અમેરિકા દ્વારા પેટ્રીક લુમુમ્બાની હત્યા અને કોંગો તથા ઝાઈરની પ્રજા પર રાજ્ય ત્રાસવાદને અમેરિકાનો ટેકો :-**

બેલ્જિયમથી મુક્ત થઈને કોંગો જૂન ૧૯૬૦માં આઝાદ થયું ત્યારે પેટ્રીક લુમુમ્બા એના પ્રથમ વડાપ્રધાન બન્યા. પણ કોંગોની વિશાળ ખનીજ સંપત્તિ પર બેલ્જિયમની માલિકી ચાલુ રહી અને એમાં આઈઝનહોવરના અગ્રણી અધિકારીઓના શેર્સ હતા. સ્વાતંત્ર્ય દિનની ઉજવણી સમયે વિદેશી મહાનુભવોની હાજરીમાં પેટ્રીક લુમુમ્બાએ દેશની રાજકીય આઝાદી સાથે આર્થિક આઝાદીની જાહેરાત કરી અને મૂળ નિવાસીઓ પર શ્વેત મૂડીવાદીઓએ કરેલા જુલમોની યાદી રજૂ કરી. લુમુમ્બા "સામ્યવાદી" છે એવો આરોપ મૂકવામાં આવ્યો અને જાન્યુઆરી ૧૯૬૧માં એની હત્યા કરવામાં આવી. એ પછી અંધાધૂધી ફેલાઈ. સીઆઈએની મદદથી મોબુટુ સત્તા પર આવ્યો અને ૩૦ વર્ષો સુધી એણે સત્તાનો દુરુપયોગ કર્યો. એની ક્રુરતા અને ભ્રષ્ટાચારથી સીઆઈએ પણ હતપ્રભ થઈ ગયું. દેશમાં ખનીજ સંપત્તિ વિપુલ હતી છતાં પ્રજા ગરીબીમાં સબડતી રહી અને મોબુટુ અબજો પતિ બની ગયો.

## ક્યુબા પર ત્રાસવાદ

**૧૯૫૯થી વર્તમાન સમયમાં ક્યુબાની પ્રજા વિરુધ્ધ અમેરિકાનો ત્રાસવાદ :-**

૧૯૫૯ના આંરભમાં ફિડલ કાસ્ટ્રો સત્તારૂઢ થયા. અમેરિકાની નજરમાં આ ક્રાંતિનો ગુનો અક્ષમ્ય હતો કારણ કે દક્ષિણ અમેરિકાના અન્ય દેશો માટે એ પ્રેરણારૂપ બની શકે એમ હતો. અમેરિકાની નેશનલ સિક્યુરીટી કાઉન્સીલે ક્યુબામાં અન્ય સરકાર પ્રસ્થાપિત કરવાની યોજના તૈયાર કરી અને પછી શરૂ થયો ત્રાસવાદી હુમલો, બોંબવર્ષા, લશ્કરી આક્રમણ, આર્થિક પ્રતિબંધો, ઘેરાબંધી, એકાકીપણું અને હત્યાઓનો દુઃખદ સિલસિલો.

## ગ્વાટેમાલા પર ત્રાસવાદ

**૧૯૫૩થી વર્તમાન સમયમાં અમેરિકાના ટેકાથી ગ્વાટેમાલામાં નરસંહાર, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા : ૨૦,૦૦૦ :-**

લોકતાંત્રિય ઢબે પ્રજા દ્વારા ચૂંટાયેલી જેકબ આરબેન્ઝની પ્રગતિશીલ સરકારને સીઆઈએએ ઉથલાવી અને સરમુખ્તયારશાહી સરકાર પ્રસ્થાપિત કરી. ૪૦ વર્ષનો એનો વહીવટ ઈતિહાસના સૌથી વધુ ખૂંખાર પ્રકરણ સમાન છે. આરબેન્ઝે અમેરિકન પેઢીઓની કેટલીક વણખેડાયેલી જમીનનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું ઉપરાંત

ગ્વાટેમાલાની સામાજિક લોકશાહી દક્ષિણ અમેરિકાના અન્ય દેશોમાં ફેલાઈ જવાનો ભય હતો.

## સાલ્વાડોર પર ત્રાસવાદ

**૧૯૮૦થી વર્તમાન સમયમાં સાલાસ્વાડોરની પ્રજા વિરુદ્ધ અમેરિકન ત્રાસવાદ, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા ૭૫૦૦૦થી વધુ :-**

પ્રજાના બળવા વિરુદ્ધ કઠપૂતળી સરકારનું રક્ષણ કરવા માટે અમેરિકાએ તા'લીમ, શસ્ત્રો અને નાણાંની સહાય વહેતી કરી. ચૂંટણીઓમાં ગેરરીતિઓ આચરવામાં આવી. વિરોધીઓ અને હડતાળિયાઓને કચડી નાખવામાં આવ્યા. આખરે ૧૯૮૦માં બળવાખોરોએ શસ્ત્રો ઉઠાવ્યાં અને આંતરવિગ્રહ ફાટી નીકળ્યો. ૧૯૯૨માં એનો અંત આવ્યો ત્યારે અમેરિકાની તિજારોમાંથી છ અબજ ડોલર ખર્ચાઈ ગયા હતા અને સાલ્વાડોરના ૭૫,૦૦૦ નાગરિકો મરણ પામ્યા હતા.

## તિમોર પર ત્રાસવાદ

**અમેરિકાના ટેકાથી ૧૯૭૫થી ૧૯૯૯ દરમ્યાન પૂર્વ તિમોરની પ્રજાનો સંહાર, નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા : ૨,૦૦,૦૦૦થી વધુ :-**

ઈન્ડોનેશિયાની પૂર્વમાં આવેલા તિમોર પરથી પોર્ટુગલનું નિયંત્રણ દૂર થતાં એણે સ્વાતંત્ર્યની ઘોષણા કરી એ પછી ડિસેમ્બર ૧૯૭૫માં ઈન્ડોનેશિયાએ એના પર આક્રમણ કર્યું. આક્રમણના એક દિવસ પૂર્વે અમેરિકન પ્રમુખ જિરાલ્ડ ફોર્ડ અને રાજ્ય સચિવ હેનરી કિસિન્જરે સુહાર્તોને અમેરિકન શસ્ત્રોનો ઉપયોગ કરવાની પરવાનગી આપીને ઈન્ડોનેશિયાથી વિદાય લીધી હતી. દક્ષિણ પૂર્વ એશિયામાં ઈન્ડોનેશિયા વોશિંગ્ટનનું સૌથી વધુ વિશ્વનીય રમકડું હતું. અમેરિકન શસ્ત્રો વડે નાનકડા ટાપુ તિમોરની ૬૬ ટકા પ્રજાનું નિકંદન કરવામાં આવ્યું હતું. આજે પણ અમેરિકન મદદ વડે ઈન્ડોનેશિયાની સરકારનું દમન ચાલુ છે.

## હઈતી પર ત્રાસવાદ !

**૧૯૮૭થી ૧૯૯૪ દરમ્યાન અમેરિકાના ટેકાથી હઈતીની પ્રજા વિરુદ્ધ ત્રાસવાદ**

અમેરિકાએ ૩૦ વર્ષ સુધી ડુવેલિયરની સરમુખ્તયારશાહીને ટેકો આપ્યો પછી જીન બરટ્રાન્ડ એરિસ્ટાઈડને સત્તા પર આવવામાં મદદ કરી એવી શરતે કે તે શ્રીમંતોને ભોગે ગરીબોને મદદ આપશે નહીં અને મુક્તબજારની વિચારસરણીનો અમલ કરશે.

## સોમાલિયા પર ત્રાસવાદ !

**સોમાલિયામાં અમેરિકન ટેકાથી નરસંહાર-૧૯૯૩ :-**

લડાયક મુહમ્મદ ઈદીદની વગ તેમજ સત્તાનાં કેન્દ્રો નષ્ટ કરવા માટે અમેરિકાએ કોશિશ કરી. ઈદીદના ટેકેદારોએ અમેરિકન વિરુદ્ધ સંઘર્ષ કર્યો એમાં ૧૦૦૦ થી વધુ સોમાલિયનો મરણ પામ્યા. સોમાલિયામાં અમેરિકન ઓઈલ કંપનીઓની વિશાળ જમીનો છે જ્યાં સંશોધનકાર્ય ચાલે છે અને એના રક્ષણ કરવા માટે અમેરિકન સરકાર ગમે તે કરવા તૈયાર છે.

## અફઘાનિસ્તાન પર ત્રાસવાદ

**૧૯૭૯થી ૧૯૯૨ દરમ્યાન અફઘાનિસ્તાનમાં અમેરિકા પ્રેરિત ઉથલપાથલો-નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા : ૧,૦૦,૦૦૦થી વધુ:**

તમને યાદ છે કે ૭૦ અને ૮૦ના દાયકામાં અફઘાનિસ્તાનમાં પ્રગતિશીલ સરકાર હતી જે ત્યાંના રૂઢિચુસ્ત સમાજના આધુનિકરણ માટે પ્રયત્નશીલ હતી પણ આ સરકાર વિરુદ્ધ બળવો થાય એ માટે અમેરિકાએ અબજો ડોલરની લ્હાણી કરી. કારણ એટલું જ કે અફઘાનિસ્તાનની

પ્રગતિશીલ સરકાર સોવિયેટ યુનિયન તરફી હતી.

## નિકારગુઆ પર ત્રાસવાદ

**૧૯૮૧થી ૧૯૯૦ દરમ્યાન નિકારાગુઆની પ્રજા વિરુદ્ધ અમેરિકન ત્રાસવાદ-નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા-૧૩,૦૦૦ :-**

૧૯૭૮માં સોમોઝાની સરમુખ્તયારશાહીના અંત પછી સેન્ડીનિસ્ટાની સરકાર રચાઈ પણ વોશિંગ્ટનને ભય હતો કે આ સરકાર હેઠળ નિકારાગુઆમાં એક નવા ક્યુબાનું નિમાર્ણ થશે. એટલે સોમોઝના ટેકેદારોનું ગુપ્ત લશ્કર સીઆઈએએ તૈયાર કર્યું અને આઠ વર્ષો સુધી આ લશ્કરે નિકારાગુઆની પ્રજા પર જુલમો કર્યા.

## પનામા પર ત્રાસવાદ

**૧૯૮૯માં પનામા પર અમેરિકાનું આક્રમણ-નાગરિકોની અંદાજિત મરણ સંખ્યા-હજારો !** : ૨૦ ડિસેમ્બર ૧૯૮૯ના રોજ હજારો નાગરિકોને ખતમ કરવામાં આવ્યા, હજારો ઘવાયા અને બેઘર બન્યા કારણ કે અમેરિકાને નોરિગાની ધરપકડ કરવી હતી. ભૂતકાળમાં નોરિગા અમેરિકન સરકારનો વિશ્વાસુ બાતમીદાર હતો પણ હવે અમેરિકાને નિરૂપયોગી લાગ્યો. ભૂતકાળમાં તેના નશીલા પદાર્થોના વેપાર તરફ આખમીંચામણા કરવામાં આવ્યાં હતાં, હવે નોરિગાની ધરપકડ કરવી હતી તેથી અમેરિકન સરકાર એની અસામાજિક પ્રવૃત્તિને અક્ષમ્ય ગણતી હતી !

## લિબિયા પર ત્રાસવાદ

**૧૯૮૧થી ૧૯૮૯ દરમ્યાન લિબિયાની પ્રજા વિરુધ્ધ અમેરિકન ત્રાસવાદ, ગદ્દાફીની હત્યાના સીઆઈએ આયોજિત અનેક પ્રયાસો :-**

દુનિયાના વિભિન્ન દેશોમાં જે ત્રાસવાદી જૂથોને અમેરિકાનું સમર્થન હતું, ગદ્દાફી તે જૂથોની વિરુદ્ધ હતા. ઉપરાંત તે અમેરિકાનું વર્ચસ્વ સ્વીકારતા નથી જ્યારે અમેરિકા ઈચ્છે છે કે પેટ્રોલિયમ ઉત્પન્ન કરતા દેશો એના વર્ચસ્વ હેઠળ હોવા જોઈએ. ગદ્દાફીના નિવાસ નિવાસસ્થાન પર ફેંકાયેલા બોંબથી અનેક નાગરિકો મૃત્યુ પામ્યા છે.

## ૧૯૮૮માં વિમાનના ઈરાની મુસાફરોની સામૂહિક હત્યા

ઈરાન-ઈરાક યુદ્ધ દિવસો દરમ્યાન ઈરાકના રક્ષણ માટે અમેરિકાનો નૌકા કાફલો ઈરાનની દરિયાઈ હદમાં પ્રવેશી ગયો હતો. નાગરિકો જેમાં મુસાફરી કરતા હતા એવા ઈરાનીયન વિમાન પર એણે બે મિસાઈલ માર્યા હતા જેના પરિણામે ૨૯૦ મુસાફરો મરણ પામ્યા. આ દુઃસાહસના સંદર્ભમાં પ્રમુખ જ્યોર્જ બુશ સિનિયરે કહ્યું હતું, "હકીકત ગમે તે હોય, હું અમેરિકાની વતી માફી નહીં માંગું."

અમેરિકન ત્રાસવાદના સૌથી વધુ ઘાતક બનાવોથી ભાગ્યે જ કોઈ અજાણ હશે. ૧૯૪૫થી ૧૯૭૪ દરમ્યાન વિયેટનામની બરબાદી અને ૧૯૪૫માં જાપાનમાં હિરોશીમાં અને નાગાસાકી પર અણુબોંબ દ્વારા વેરાયેલો વિનાશ.

## વિયેટનામ તથા જાપાન પર જુલ્મ

વિયેટનામમાં મરણ સંખ્યા ૨૫,૦૦,૦૦૦ થી ૩૫,૦૦,૦૦૦ અંદાજવામાં આવી છે. વિયેટનામને ફ્રેંચ હુકૂમતના કબજામાંથી મુક્ત કરવા માટે હો-ચી મિન્હએ અમેરિકા પાસે મદદની યાચના કરી પણ તેની યાચના નજર અંદાજ કરવામાં આવી, કારણ કે તે સામ્યવાદી છે એવી અમેરિકાની માન્યતા હતી. અમેરિકાએ હો-ચી મિન્હ વિરુદ્ધ ફ્રાંસને ટેકો આપ્યો. લગભગ ૨૦ વર્ષ પછી અમેરિકાએ વિયેટનામમાંથી પોતાનું લશ્કર પાછુ લીધુ. લોકો માને છે કે અમેરિકા હારી ગયું, પણ વિયેટનામને ખેદાનમેદાન કરીને અમેરિકાએ પોતાનો હેતુ સિદ્ધ કરી લીધો એ હકીકત યાદ રાખવી જોઈએ.

ઓગષ્ટ ૧૯૪૫માં હિરોશીમાં અને નાગાસાકી પર અણુબોંબ ઝીંકીને ૧,૫૦,૦૦૦ લોકોને એક પળમાં ભસ્મીભૂત કરી દીધા. અન્ય હજારો વ્યક્તિઓ રેડિયેશનના ઝેરની અસર હેઠળ ધીમા પીડાદાયક મોતને શરણે ગયા. હિરોશીમા અને નાગાસાકી લશ્કરી મથકો ન હતાં. મૃત્યુ પામેલા ૧,૫૦,૦૦૦ લોકો નાગરિકો હતા. અમેરિકાએ આ હક઼ીક઼તનો એકરાર કર્યો છે : "**હિરોશીમા** અને **નાગાસાકી**ને લક્ષ્યાંક બનાવવામાં આવ્યાં કારણ કે તે ગીચ વસ્તી અને અનેક પ્રવૃત્તિઓનાં કેન્દ્રો હતાં." લશ્કરી દષ્ટિએ બોંબધડાકો જરૂરી ન હતો. વાસ્તવમાં જાપન શરણે આવવા તૈયાર હતું. *(સૌજન્ય : મિલ્લી ગેઝેટ; પખવાડિક, બહવાલા ગુ. ટુ ડે, ૯–૧૦–૨૦૦૧)*

આ દુનિયાભરમાં અમેરિકાના જુલ્મ પીડિતોમાંથી જો કોઈ સંયમ ગુમાવી તેનો બદલો લેવા કોઈ પગલુ ભરી બેસે તો તેને મહાન ત્રાસવાદી તરીકે ચીતરવામાં આવે છે, તો ઈન્સાફથી વિચારો કે અમેરિકાએ જગતભરમાં જે જુલ્મો કર્યા છે, તેના માટે એને ત્રાસવાદીનું કયુ લેબલ આપવું જોઈએ ?! અસલમાં જગતભરમાં 'ત્રાસવાદની જનેતા' જ અમેરિકા છે. *(સંપૂર્ણ)*

ફરાઈઝ

## પેપ્સી અને કોકાકોલામાં સુવ્વર (ભૂંડ)ના માંસનો અર્ક (Extract) એક સિદ્ધ હક઼ીક઼ત....!!

રજૂકર્તા : ફારૂક મિસ્ટર (વાનકુવર, કેનેડા)

અનુવાદક : જનાબ ઈસ્માઈલ સાલેહ-દયાદરા

ઘણા લોકો પેપ્સી અને કોકાકોલા પીવાનું ટાળે છે જેની પાછળનાં વિવિધ કારણો નીચે મુજબ છે :–

(૧) પેપ્સી અને કોકાકોલામાં વધુ પડતી માત્રામાં કાર્બોનેટ હોય છે.

(૨) પેપ્સી અને કોકાકોલા બંને જીઓનીસ્ટ જ્યુઈસ અર્થાત, યહૂદીઓની બનાવટ છે અને તેઓ ઈઝરાયલી ત્રાસવાદી પ્રવૃત્તિઓને આર્થિક સહાય સંપાદન કરે છે. આ સિવાય પણ એક કારણ જે વધુ ગંભીર અને ભયજનક છે તે એ કે પેપ્સી અને કોલામાં જેને ઈસ્લામમાં 'હરામ' ઠરાવવામાં આવેલ છે એવાં તત્વો સામેલ છે.

અલ–રિયાધ ન્યૂઝ પેપરમાં તા. ૨૦ ઓગષ્ટ ૨૦૦૬ના રોજ પ્રસિદ્ધ થયેલ 'સાયન્સ અને મેડિકલ રિસર્ચ'નું એ તારણ છે કે પેપ્સી અને કોલામાં સુવ્વર (ભૂંડ)ના માંસમાંથી પ્રાપ્ત કરેલ તત્વો સામેલ છે જે ઉપયુક્ત બંને પીણાંના મૂળભૂત તત્વો કહી શકાય એમ છે અને તે કેન્સર પેદા કરે છે. તે ઉપરાંત આસમાની કિતાબો જેવી કે કુર્આન, બાઈબલ અને તૌરાતમાં સુવ્વરના માંસ ખાવા પર મનાઈ ફર્માવેલ છે કેમ કે એ એક જ પ્રાણી એવું છે કે જે ગંદુ ગોબર અને મળમૂત્રને આરોગે છે જેમાંથી ભયાવહ અને પ્રાણઘાતક રેસાદાર અતિથી અતિશય સુક્ષ્મ જંતુઓ પેદા થાય છે.

જોર્ડિઅન મેગેઝીનમાં પ્રસિદ્ધ થયેલ અહેવાલ અનુસાર દિલ્હી યુનિવર્સિટીના સાયન્સ અને ટેક્નોલોજી વિભાગના વડા ડો. મંગોશાદાએ વૈજ્ઞાનિક રીતે સાબિત કરી આપેલ છે કે પેપ્સી અને કોલામાં મૂળભૂત તત્વો તરીકે બીજું કાંઈ નહીં પણ સુવ્વરનાં આંતરડાનો અર્ક જ હોય છે જે કેન્સર અને બીજાઘાતક રોગોને નિમંત્રે છે. ઈન્ડિઅન યુનિવર્સિટીએ કરેલા પ્રયોગો પણ સૂચવે છે કે પેપ્સી અને કોલાના ઉપયોગથી હૃદયના ધબકારા વધી જવા તથા લો પ્રશર જેવા રોગો થાય છે. જો એક સાથે પેપ્સી અથવા કોલાની છ (Six) બોટલો પી જવામાં આવે તો મૃત્યુ પણ થઈ શકે છે. તે ઉપરાંત આ બંને પીણામાં કાર્બોનિક અને ફોસ્ફોરિક એસિડ તથા સાઈટ્રીક એસિડ પણ સામેલ છે જે દાંતમાં સડો તથા હાડકાંને કમજોર બનાવે છે. પેપ્સી કે કોલામાં હાંડકાને જો એક સપ્તાહ બોળી રાખવામાં આવે તો હાડકાં પણ ઓગળી જાય છે, જ્યારે કબરમાં મૈયતના હાડકાં ૩૦ વરસ સુધી જે તે સ્થિતિમાં અકબંધ રહે છે. રિસર્ચ દ્વારા એ પણ પુરવાર થયેલ છે કે પેપ્સી અને કોકાકોલામાં મિશ્રિત કરેલ કેલ્શિયમ બ્લેડર તથા કિડનીને નુકસાન કરે છે અને ડાયાબિટીસ તથા અન્ય ચેપી રોગોમાં પણ સપડાવી દે છે. પરંતુ પેપ્સી કે કોલાના શોખીનોએ નિરાશ થવાની જરૂર નથી કેમ કે દુનિયામાં તે સિવાય પણ તંદુરસ્ત વિકલ્પ કુદરતી ફળોના રસ, નળિયેરનું કેન્ડ વોટર, ફલેવર્ડ મિલ્ક કે બટર મિલ્કના સ્વરૂપમાં સામાન્ય નાના સ્ટોરમાંથી પણ લભ્ય બની શકે છે.

*(મુસ્લિમ ફ્રી પ્રેસ, ૧૪–૧૧–૨૦૦૭)*

વર્તમાનકાળમાં પર્દો અને નકાબનો મસ્અલો લોકોની જીભો ઉપર આવી ચઢયો છે. પર્દાના વિરોધીઓ એવું ચાહી રહ્યા છે કે ઔરતો મર્દોની જેમ ઘરેથી બહાર નીકળી દરેક કામમાં હિસ્સો નહીં લે તો દેશની પ્રગતિની ચાલ મંદ પડી જશે. તા'લીમ, રાજકરણ અને વેપારની સાથે સાથે ગીત, સંગીત અને ડાન્સબારો સુધી તેણીઓને લઈ જવા માંગે છે, એમના માટે યૂરોપ અને અમેરિકાની ઔરતોની જિંદગી અનુસરણના લાયક છે. જ્યારે બીજી તરફ પર્દામાં રાખવાની વકાલત કરવાવાળા ઔરતોને ઘરની ચાર દિવારીમાં ઘેરી રાખીને જરૂરી અને બીજા જાઈઝ હક્કોથી મહરૂમ કરવા માંગે છે. વકાલત કરવાવાળાની દલીલ એ છે કે રસૂલે અકરમ ﷺના જમાનામાં ઔરતો જંગ અને નમાઝ વગેરે માટે ઘરેથી બહાર એટલા માટે નીકળતી હતી કે એ જમાનામાં ફિત્ના, ફસાદ તથા કોઈપણ જાતની બુરાઈનો અંદેશો ન હતો, પરંતુ જ્યારે ઈસ્લામી સલ્તનતની સરહદો વધારે થવા લાગી અને વિવિધ ખયાલવાળા લોકો ઈસ્લામમાં દાખલ થવા લાગ્યા તો માહોલની પાકીઝગી ખતમ થઈ ગઈ અને ચારે બાજુ ફિત્ના તથા ફસાદના અંદેશા વધવા માંડયા એટલા માટે ઔરતને મુનાસિબ નથી કે એ ઘરેથી બહાર નીકળે.

# ઇસ્લામી પર્દો

## અને પશ્ચિમી દિમાગોના ખોટા વહેમો

અઝ : મુહમ્મદ અલ્તાફહુસૈન ચાંચવેલી
(મુતઅલ્લિમ અલ્ જામિઆ અશરફિયા મુબારકપુર, યુ.પી.)

આ સાવધાનીવાળી સોચ અને પાબંદીનો નતીજો એ નીકળ્યો કે અમુક લોકોએ ઔરતોને મર્દોના બરાબર હક્કો આપવાની વકાલત કરી અને એ વાત પર જોર આપ્યું કે ઔરતો સાથે કોઈપણ જાતનો ભેદભાવ ન કરવો જોઈએ. પણ આમાં ઊંડો અભ્યાસ કરવામાં આવે તો પર્દો તથા નકાબને માનવાવાળા તેમજ એનો વિરોધ કરવાવાળા બંનેવ હદથી વધી ગયા છે.

કિતાબ તથા સુન્નતના અંદર ઔરતોને ન તો પૂરે પૂરી આઝાદી આપી છે અને ન તો મકાનોમાં કેદીની જેમ બંધ રહેવાનો હુકમ છે, બલ્કે સંજોગો પ્રમાણે ઘરના ઉપરાંત બહારની જિમ્મેદારી પૂરી કરવાની પણ ઈજાઝત આપવામાં આવી છે એ શરત પર કે એમાં કિતાબ તથા સુન્નતના બતાવ્યા મુજબ ક઼ાયદા ક઼ાનૂનનો લિહાઝ રાખવામાં આવે.

## પર્દો અને પહેરવેશ કેવો હોવો જોઇએ ?

મશહૂર મુહદ્દિષ નાસિરુદ્દીન ઈલ્યાનીએ પોતાની કિતાબ 'હિજાબુલ મરઅતીલ મુસ્લેમહ'માં પર્દો અને લિબાસની શરતો પર વિગતવાર ચર્ચા કરી છે જેનો ખુલાસો નીચે પ્રમાણે છે. અહીંયા આઠ શરતો પર ચર્ચા થયેલ છે. એમાંથી પહેલી પાંચ એ ઔરતો માટે છે કે ઔરત જ્યારે ઘરથી બહાર નીકળે અને બાકીની બીજી ત્રણ શરતો એ ઔરતના બારામાં છે જે ઘરમાં અથવા બહાર હોય.

**પહેલી શરત** : એ છે કે પહેરવેશ અથવા પર્દો એવો હોવો જોઈએ કે આખા શરીરને ઢાંકી લે. રહ્યો એ સવાલ કે ઔરત પોતાનું મોઢું અથવા હાથ ખોલી શકે છે કે નહીં ? ક્યારે ખોલી શકે છે અને ક્યારે ખોલી નથી શકતી ? અને ક્યાં સુધી ખોલી શકે છે અને ક્યાં સુધી નથી ખોલી શકતી ? તો એના બારામાં ઉલમા ફર્માવે છે :–

જો કે સ્ત્રીનો ચેહરો સતરે ઔરતમાં દાખલ નથી પણ જ્યારે જરૂરત મુજબ બહાર નીકળવાનું થાય તો ચેહરા પર પર્દો નાખી લેવો જરૂરી છે. જેમ કે કુર્આનમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

يَـٰٓأَيُّهَا النَّبِىُّ قُلْ لِّأَزْوَاجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ذٰلِكَ أَدْنٰى أَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

"અય નબી ! પોતાની પત્નીઓ, સાહેબઝાદીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને ફર્માવી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રહે, એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે, અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂ. અહઝાબ, રુકૂઅ–૫)*

આ આયત તે આઝાદ ખયાલ કુબુદ્ધિજીવી સ્ત્રી પુરૂષોના મોઢા પર તમાચા સમાન છે જેઓ એકદમ કહી આપે છે કે, "કુર્આનમાં ક્યાંય ચેહરો ઢાંકવાનો હુકમ જ નથી!" અને વર્તમાનકાળમાં તો ખરાબીઓ એટલી વધી કે ચહેરો ઢાંકવો અનિવાર્ય બની જાય છે એ દરેક બુદ્ધિવાળો સમજી શકે છે.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

قُلْ لِلْمُؤْمِنِيْنَ يَغُضُّوا مِنْ اَبْصَارِهِمْ وَيَحْفَظُوْا فُرُوْجَهُمْ--

એટલે કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને આ હુકમ ફર્માવ્યો કે આપ મુસલમાન મર્દોને કહી આપો કે પોતાની નિગાહ નીચી રાખે અને પોતાની શર્મગાહની હિફાઝત કરે આ એમના માટે ઘણી સફાઈની વાત છે. લોકો કોઈ પણ કામ કરે અલ્લાહ તઆલા બધાથી ખબરદાર છે અને એવી જ રીતે ઔરતોને પણ કહી આપો કે તેણીઓ પોતાની નિગાહોને નીચી રાખે અને પોતાની ઈજ્જતમાં કોઈ પણ જાતનો ફર્ક ન આવવા દે અને પોતાની ખૂબસૂરતીને જાહેર ન કરે સિવાય એના કે જે જાહેર છે, અને પોતાના ચહેરાઓ પર પોતાની ઓઢણીઓ નાખે અને પોતાના શણગારને કોઈની સામે જાહેર ન કરે સિવાય પોતાના પતિઓ અથવા પોતાના પિતા અથવા સસરા અથવા પોતાના પુત્રો અથવા પોતાના માલિકના છોકરા અથવા પોતાના ભાઈઓ અથવા પોતાના ભત્રીજા અથવા પોતાના મેહરમ કુટુંબીઓ.

ઉપરની બંનેવ આયતોમાં અલ્લાહ તઆલાએ મર્દ અને ઔરત બંનેવને પોતાની નિગાહો અને ઈજ્જતોની હિફાઝતનો હુકમ આપ્યો છે, અને ઔરતો માટે એ હુકમ છે કે તે મેહરમો (એટલે કે જેમની સાથે નિકાહ જાઈઝ નથી)ના સિવાય અન્ય લોકો સામે શણગાર જાહેર ન કરે અને એ બધાથી પરહેઝ કરે.

**બીજી શરત :** એ છે કે પહેરવેશ અથવા પર્દો એવો ન હોવો જોઈએ જે અજનબી મર્દોને પોતાના તરફ જોવાના માટે આકર્ષિત કરે.

**ત્રીજી શરત :** એ છે કે કપડું જાડુ હોવું જોઈએ કે જેનાથી શરીરનું કોઈપણ અંગ જોવામાં ન આવે, કારણ કે પહેરવેશ અથવા પર્દાનો મક્સદ જ એ છે કે શરીરને ઢાંકી લે, પરંતુ પહેરવેશ ચમકદમકવાળો હોય તો એનાથી બુરાઈઓ ફેલાય શકે છે એટલા માટે પહેરવેશ અથવા પર્દો સાદો હોવો જોઈએ.

તબકાત ઈબ્ને સઅદમાં મરવી છે કે હફસા બિન્તે અબ્દુર્રહમાન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પાસે બારીક ઓઢણી ઓઢીને આવ્યાં ઉમ્મુલ મુ'મિનીને એને જોતાં જ ફાડીને ફેંકી દીધી અને ફર્માવ્યું કે શું તમને કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનો હુકમ ખબર નથી ? અને તેમણે બીજી ઓઢણી મંગાવી અને એમને આપી.

**ચોથી શરત :** એ છે કે લિબાસ એટલો તંગ અને ચુસ્ત ન હોવો જોઈએ કે જેનાથી ઔરતોના શરીરનો કોઈ હિસ્સો જાહેર થાય બલ્કે ઢીલો હોવો જોઈએ, કારણ કે લિબાસ પહેરવાનો મકસદ જ બુરાઈઓને છપાવવાનો છે ન કે બુરાઈઓને પૈદા કરવાનો.

**પાંચમી શરત :** એ છે કે કપડામાં ખૂશ્બૂ ન લાગી હોય. ઘણી હદીષોમાં આ હુકમ મૌજૂદ છે કે (જ્યારે મસ્જિદમાં જવાની રજા હતી ત્યારે) ઔરત જો મસ્જિદ જવા માટે નીકળે તો ખૂશ્બૂ વગેરેનો ઈસ્તેમાલ ન કરે. જ્યારે મસ્જિદ જવા માટે ખૂશ્બૂ લગાવવાની ઈજાઝત નથી તો બજારોમાં જવા માટે એની ઈજાઝત કેવી રીતે હોય શકે છે ?!

**છઠ્ઠી શરત** : એ છે કે ઔરતોનો પહેરેશ મર્દોના લિબાસ જેમ ન હોવો જોઈએ. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺ એવી ઔરતોને ઘરોમાંથી બહાર કાઢી મૂકવાનો હુકમ આપ્યો છે કે જે મર્દો જેવો લિબાસ પહેરે.

**સાતમી શરત** : એ છે કે લિબાસ ગૈર મુસ્લિમ ઔરતોના લિબાસ સાથે મલતો જુલ્તો ન હોય, કારણ કે શરીઅતે ઈસ્લામિયાનો હુકમ એ છે કે મુસ્લિમ મર્દ અને ઔરત પોતાની ઈબાદત, તહેવાર, લિબાસ અને બનાવ શૃંગારમાં ગૈર મુસ્લિમોની મુશાબેહત (મળતાપણુ) ઈખ્તિયાર ન કરે. શરીઅતે ઈસ્લામિયાનો આ એક ઘણો જ અહમ કાનૂન છે.

**આઠમી શરત** : એ છે કે લિબાસ અથવા પર્દો એવો ન હોવો જોઈએ કે જે લોકોને પોતાની તરફ જોવાની દા'વત આપે એટલે કે વધારે ચમકદમકવાળો (ભડકીલો) ન હોય.

ઉપરની બધી શરતો પર અમલ કરવો કરાવવો દરેક મુસલમાનની જિમ્મેદારી છે.

પ્યારા સુન્ની ભાઈઓ ! ઈન્ડિયા ન્યૂઝ (**India News**) હિંદી તા. ૨ થી ૮ જૂન ૨૦૦૭ સુધી નસીમ અન્સારીનો એક લેખ જે 'બુરખાની અસલિયત' હતો તેમણે ઘણી બેહયાઈની સાથે પર્દા પર કલામ ઉઠાવી છે અને કુર્આન અને હદીષના સાફ સાફ ફર્માનોની વિરુધ્ધ જઈને પર્દાને જાહિલિયતનો એક પહેરવેશ છે તેમ કહ્યું. પર્દો અને લિબાસ પર તેમણે થોડી મુસલમાન ઔરતોને વાતોથી દલીલ આપી છે એમાં બંગલાદેશની બદનામ અને મલઊન ઔરત તસ્લીમા નસરીનનો આ કૌલ પણ લખ્યો છે કે એક હજાર વરસ પહેલાં એક આદમીના ઝરીયે પોતાની જાતના ફાયદા માટે એ ફૈસલો કરવામાં આવ્યો હતો કે ઔરતો પર્દો કરે, ત્યારથી કરોડો મુસ્લિમ ઔરતો આખી દુનિયામાં એનો ભોગ બનેલી છે. અને ફરી લખે છે કે તસ્લીમા નસરીન મુસ્લિમ સમાજનો એક એવો અવાજ છે કે જેને નઝર અંદાઝ નથી કરી શકતા. તે એવો બુલંદ અવાજ છે કે જેની દલીલો અને ઉચ્ચ ખયાલોને એક કૌમ કે આખો દેશ દબાવી ન શક્યો.

શાયદ એમ લાગે છે કે નસીમ અન્સારીએ તે મલઊન સ્ત્રીની લખેલી આ કિતાબો 'લજ્જા અને દુઈન્ડતા' અને એક બંગ્લા લવાજમ 'પથ સંકેત' વાંચી નથી અને વાંચી પણ હશે તો તેને મો'મિનની નજરથી નહીં પઢી હોય. જેમ એ મલઊન ઔરતો ઈસ્લામ, મુસલમાન, અલ્લાહ તઆલા અને તેના આખરી રસૂલ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ ના વિરુધ્ધ અને તેમની શાનમાં એકવાર નહીં બલ્કે વારંવાર ગુસ્તાખી કરી છે.

શું તમે આવી મલઊન અને બેઈજ્જત, બદ્નામ સ્ત્રીને મુસ્લિમ સમાજનો સાચો અવાજ સમજો છો જેણે પોતાની જિંદગી અલ્લાહ અને તેના રસૂલની શાન ગુસ્તાખી કરવામાં અને મુસલમાનોના દિલ તોડવામાં ગુજારી. માતમ કરવો જોઈએ આવી અક્કલ પર અને સમજ પર ! અને તમારું એવું કહેવું કે પર્દાવાળી ઔરતો વધારે બેઈજ્જતીની શિકાર થાય છે એ બિલકુલ ગલત છે. શું તમને ખુદાવંદે કુદ્દુસનો આ ઈર્શાદ ખબર નથી ? અલ્લાહ ફર્માવે છે :–

يَآ أَيُّهَا النَّبِيُّ قُلْ لِأَزْوَاجِكَ وَبَنَاتِكَ وَنِسَآءِ الْمُؤْمِنِيْنَ يُدْنِيْنَ عَلَيْهِنَّ مِنْ جَلَابِيْبِهِنَّ ذٰلِكَ اَدْنٰى اَنْ يُّعْرَفْنَ فَلَا يُؤْذَيْنَ وَكَانَ اللّٰهُ غَفُوْرًا رَّحِيْمًا

ઉપરની આયતમાં પર્દાની હિકમત અને તેના ફાયદાનું બયાન છે કે તેનાથી એક નેક, શરીફ અને બાહ્ય ઔરત અને બેશરમ, બદ્કાર ઔરતના દરમ્યાન પહેચાન થશે. પર્દાથી સામાન્યતઃ ખબર પડે છે આ ખાનદાની ઔરત છે જેને છેડવાની કોઈની પણ હિંમત નહીં થાય, જ્યારે એના બદલામાં બેપર્દા ઔરત કે જે લોકોની બુરી નિગાહો અને બદ્કાર લોકોની છેડ઼છાડ઼ની શિકાર થશે.

થોડા ઘણા પ્રસંગો ટાંકી દઈને એવું યકીન કરાવવું કે પર્દાવાળી ઔરતો સૌથી વધારે ઝિનાની શિકાર થાય છે તે તદ્દન ખોટું છે, જ્યાં સુધી આપણને ખબર છે પર્દા વગરની ઔરતો સાથે છેડ઼છાડ઼ વધારે થાય છે.

હક઼ીક઼તમાં ગલતી તમારી નથી બલ્કે હક઼ીક઼ત એ છે કે મુસલમાનોના લાંબા આરામ અને એશ પસંદીના કારણે યૂરોપી ક઼ૌમોએ અઢારમી સદીના અંતમાં અને ઓગણીસમી સદીના શરૂમાં ‘મુલ્ક ફતહ કરવા’ની જંગ શરૂ કરી દીધી. અને ધીરે ધીરે ઘણા મુસ્લિમ દેશો પર આ સૈલાબ ઉમટી આવ્યો અને મુસલમાન ગુલામીની ઝંજીરમાં ફસાઈ ગયા, અને જે લોકો પર ગુલામીનો દાગ ન લાગ્યો એ પણ એટલા બધા ડરી ગયા કે તેનો સામનો તો એક તરફ પણ ખૂદ પોતાના હોશ અને હવાસને ખોઈ બેઠા. એવી જ રીતે તેઓ યૂરોપી ચાલ ચલનને તરક્ક઼ીનું રાઝ સમજી બેઠા અને ઈસ્લામનો દરેક હુકમ તેમને તરક્ક઼ીની રાહમાં પથ્થર મહસૂસ થવા લાગ્યો ! એવી જ રીતે પશ્ચિમી વિચારધારાના હાથથી ઈસ્લામી ચાલચલન, તલાક અને પર્દો કોઈ પણ શરઈ હુકમ ન બચી શક્યો. યૂરોપે પર્દાને સૌથી વધારે નફરતની નિગાહોથી જોયો અને પોતાના અખબારોમાં એની ઘણી જ તિરસ્કૃત છબી પેશ કરી ઈસ્લામના અયબો અને ખામીઓમાં ઔરતોના પર્દાના મસ્અલાને ઘણો ઉછાર્યો જેનું અનિવાર્ય પરિણામ એ નીકળ્યું કે મુસલમાનોને શરમ લાગવા માડી અને તેમણે આ ઐબને મિટાવવા માટે કિતાબ તથા સુન્નતથી ધ્યાન હટાવી લીધું, કેમ કે ક્યાંથી પણ યૂરોપના નક઼્શે ક઼દમ પર ચાલવાની ઈજાઝત મળી જાય અને શરીઅતે મુતહ્હરા યૂરોપની અપ્રાકૃતિક જીવનશૈલીથી સહમત થઈ જાય, એના માટે તેમણે કિતાબો અને સુન્નતની ગલત તાવીલાત (અર્થઘટનો) કરી.

પશ્ચિમી તાકાતને એનું યક઼ીન હતું કે જ્યાં સુધી મુસલમાનોમાં ઈમાન તથા અમલોની રૂહ બાકી હશે ત્યાં સુધી તેમને હરાવી નહીં શકીએ. એટલા માટે તેમણે ત્રાસવાદના આક્ષેપની સાથોસાથ ઔરતોની આઝાદી માટે પણ મુસલમાનોના ખિલાફ સાઝિશો રચી કે ઈસ્લામે ઔરતોને કૈદ કરી ‘નઊઝુબિલ્લાહ !’ જુલ્મ કર્યો છે.

## ઔરતોની આઝાદીનો ફરેબ

ઈસ્લામ પહેલાંની જાહિલિયતે ઔરતને જે ઊંડા ખાડામાં નાખી દીધી હતી અને વર્તમાનકાળની જાહિલિયતે ઔરતને સ્ત્રી આઝાદીની ઢોંગી ચાલ ચાલીને જે ઝિલ્લત અને બદ્કારીથી લાચાર કરી છે તે કોઈથી પણ છુપાયેલુ નથી.

ઔરતને ઘરની ચાર દિવારીમાંથી કાઢી અર્ધનગ્ન કરીને, દુકાનો, બજારો, શો રૂમો, ઓફિસો, સિનેમા હોલો, ફેશન પરેડના પ્લેટફોર્મો સુધી લઈ ગયા જેનાથી તે પોતાનો વક઼ાર ખોઈ બેઠી અને આઝાદીના નામ પર મર્દોની વાસના ભૂખ્યી બુરી નજરની શિકાર બની ગઈ. ખૂદ પશ્ચિમી ક઼ૌમ ઔરતની આ ગુલામી જેને તે પોતે આઝાદી કહે છે તેનાથી તંગ આવી ગઈ છે, કારણ કે આ ખોટી આઝાદીના નતીજાઓ ઝિનાકારી, બદ્કારી, બિભત્સતા અને બેહયાઈના રૂપમાં જાહેર થઈ રહી છે.

ઈતિહાસ ગવાહ છે કે જિંદગીના કોઈપણ દૌરમાં ઔરતની ઈજ્જત અને પાકદામનીને આ રીતે ચેલેંજનો સામનો કરવો નથી પડયો જેવી રીતે આજના દૌરમાં ભર બજારે ઝિલ્લત અને બેઈજ્જતીનો સામનો કરવો પડે છે. પોતે ઈસાઈ અને યહૂદી પણ તૌરાત અને ઈન્જીલમાંથી એક પણ દાખલો બયાન નથી કરી શકતા જેમાં ઔરતને બેપર્દગીની સાથે ઘરમાંથી બહાર નીકળવાની ઈજાઝત આપી હોય.

પર્દાનો હુકમ ઉલમાએ કિરામે નથી આપ્યો જેવી રીતે કે આજકાલના લોકો કહે છે, પરંતુ આ તો ખુદાવંદે કુદ્દુસનો હુકમ છે જે કુર્આન શરીફની આયતોથી સાબિત છે એનો ઈન્કાર અને એનાથી દૂર થવું અને બેપર્દગી માટે કહેવું મુસલમાનને તે કુફ્ર સુધી પહોંચાડી શકે છે.

આ બધી વિગતોથી આપણા માટે એ સમજવું બિલકુલ આસાન થઈ ગયું કે પર્દાનું કેટલું મહત્વ છે અને બેપર્દગીથી કેટલાં બધાં એવાં તબાહ અને બર્બાદ કરવાવાળાં પરિણામો ઉદ્ભવ પામે છે.

*(કન્ઝુલ ઈમાન, જાન્યુઆરી–૨૦૦૮)*

# ઈસ્લામમાં
# સ્ત્રી અધિકાર તથા માનવહક્કોનું મહત્વ
# અને વર્તમાન જગત !

✦ લેખ હરીફાઈમાં બીજા ક્રમે આવનાર લેખ ✦

અઝ : **મુનવ્વર ઈકબાલ પટેલ હલદરવી**, મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ ક઼ાદરિય્યહ ગરીબ નવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા

અલ્લાહ તબારક વ તઆલાના બનાવેલા ઈસ્લામી ક઼ાનૂન એ એવા અઝીમુશ્શાન વિ□વ્યાપી પાકીઝા ક઼ાનૂન છે જેણે આખી દુનિયા ઉપર ઊંડી અસરો છોડેલી છે. ઈસ્લામ જે જગાએ પહોંચ્યો શાંતિ અને ભાઈચારગીનો પયગામ અને દા'વત લઈને પહોંચ્યો.

**સ્ત્રીના તથા માનવ હક્કોની રક્ષાનો જામિન : ઈસ્લામ**

જ્યારે આખી દુનિયા જુલ્મ, સિતમ, અપ્રમાણિકતા, ચોરી, બેઈમાની, જૂગાર, વ્યાજ, વ્યભિચાર, ખયાનત, નગ્નતા, ગીબત, ચુગલી, બદ્‌ઝબાની, બદ્‌નિગાહી, જૂઠી ગવાહી, નાજાઈઝ સાથ સહકાર, હસદ, અપમાન જેવી બુરાઈઓ અને ખરાબ આદતોથી ભરાઈ ચૂકી હતી, જ્યારે આખી માનવતા આંસૂં વહાવી રહી હતી અને દુઃખના દર્દથી ઉંહકારા ભરી રહી હતી, જ્યારે એક બાપ પોતાની નાની બાળકીને પોતાના હાથે ધરતીમાં જીવતી દફનાવી દેતો હતો, જ્યારે સ્ત્રી પોતાના પતિના મૃત્યુ પછી વિધવા બનીને જીવતી સળગી જતી હતી, જ્યારે સ્ત્રીઓને ફક્ત અય્યાશીઓનો સામાન સમજવામાં આવતી હતી, જ્યારે આખી દુનિયા જુલ્મ તથા જંગલીપણાનો નગ્ન નાચ નાચી રહી હતી, ત્યારે ઈસ્લામ જ એક એવો સાચો ધર્મ સાબિત થયો જેણે માનવતા ઉપર ઉપકાર કર્યો અને માનવીઓને અંધકાર અને અભણતામાંથી બહાર કાઢીને તેમને રોશની, ઈલ્મ અને નૂર તરફ લાવ્યો. માનવીઓની ખરાબ અખ્લાક઼ી આદતોને દૂર કરીને વક઼ાર, ગંભીરતા, નમ્રતા, રહમદિલી, શરાફત, ઉમદાપણુ, હક્ક઼નું સમર્થન અને બાતિલને રદ કરવું, અમ્ર બિલ મઅ્‌રુફ વ નહિ અનીલ મુન્કર, તઅલીમો તઅલ્લુમ, સબ્રો શુક્ર, શર્મો હયા, તવક્કુલ વ ઈસ્તીગનાઅ, ઈખ્લાસ વ ઈસ્તિક઼ામત, હિલ્મો, સહનશીલતા, ઈબાદતો, રિયાઝત, દુનિયાથી બેપરવાઈ અને આખેરતની ફિક્ર જેવા ઉચ્ચ અને બુલંદ અખ્લાક઼ોથી શણગારીને માનવતાને ઉચ્ચતાના શિખર પર પહોંચાડી દીધી અને માનવતાને માણસ હોવાના નાતે એટલી મોટી બુલંદી અતા ફર્માવી કે એનું નાહક્ક઼ ખૂન ચાહે એ દુનિયાના કોઈપણ ખૂણે હોય આખી માનવતાના ખૂન બરાબર ઠરાવી દેવામાં આવ્યું.

**સાચા મુસલમાનની પહેચાન**

આજે જગતમાં ઈસ્લામની દૌલત લોકોના દિલોમાં પ્રસરી રહી છે એનું એક કારણ એ પણ છે કે ઈસ્લામે પોતાના અનુયાયીઓને 'ખયરે ઉમ્મત'નું ટાઈટલ આપીને થોડીક અગત્યની જિમ્મેદારીઓ પણ આપી છે. અને તે એ છે કે મુસલમાનો હક઼ીક઼તમાં સાચા મુસલમાન બનીને ઈસ્લામી ધાર્મિક નોલેજ અને ઈસ્લામી તઅલીમાતથી આખી ધરતીને ભરી દે અને ઈસ્લામી કાયદા ક઼ાનૂન લાગુ કરીને ગુમરાહી અને અંધકારમાંથી માનવતાને નૂર અને રોશની તરફ લઈ આવે જેથી માનવતા હક઼ીક઼ી લઝઝતોની મજા માણી શકે જેવું કે કુર્આને મજીદમાં અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવી રહ્યો છે :–

**સૌમાં બેહતર માણસ કોણ ?**

**તર્જુમો** : "તમો બેહતરીન ઉમ્મત છો, એ તમામ ઉમ્મતથી જે લોકોમાં જાહેર થઈ, ભલાઈનો હુકમ આપો છો અને બુરાઈઓથી રોકો છો અને અલ્લાહ ઉપર ઈમાન રાખો છો."

અને અલ્લાહના હબીબ ﷺની હદીષ પણ એની ખુલાસાવાર સમજ આપે છે. મુસ્નદે અહમદ અને નિસાઈ શરીફની રિવાયત છે કે એક માણસ

બારગાહે રસૂલ ﷺમાં હાજર થયા તે વેળા અલ્લાહના હબીબ ﷺ મિમ્બર પર બિરાજમાન હતા તે માણસે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ લોકોમાં બધાથી સારો અને બેહતર માણસ કોણ છે? સરકાર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે બધાથી સારું પઢવાવાળો હોય, બધાથી વધારે અલ્લાહ તઆલાથી ડરવાવાળો હોય, અને વધારે નેકીઓનો હુકમ આપનારો અને બુરાઈઓથી રોકનારો હોય અને બધાં સાથે નરમાશથી પેશ આવતો હોય."

કુર્આન મુક઼દ્દસ અને હદીષોની રોશનીમાં ખયરે ઉમ્મતનું માપદંડ સાફ અને શુદ્ધ આઈનાની જેમ બધા જ મુસલમાનોના સામે હાજર છે. અને એની સાથે જ એની અગત્યની જિમ્મેદારીઓ પણ સૂરજની જેમ રોશન છે. આ જ જિમ્મેદારીઓને નિભાવતાં કુરુને ઉલાના (સહાબાના યુગના) મુસલમાનોએ માનવતાના હક્કોની ખાતર અકલો ઝમીરની સોદાબાઝીનો બોયકોટ કર્યો, કાળા અને સફેદ રંગો તથા વંશોનો તફાવત મિટાવીને હમદર્દીના અને ભાઈચારગીના વર્તાવને અપનાવી લીધો, અને ભૂખ અને લાચારીથી મજબૂર થઈને જીવનો ભોગ આપવાવાળાઓના ગલત વિચારોને તોડી ફોડી નાખ્યા અને ચેનો સુકૂનથી જીવવાનો રસ્તો બતાવ્યો.

**માનવ અધિકાર સંબંધે ઈસ્લામ ધર્મની અનમોલ ખૂબીઓ**

ઈસ્લામ એ વાતનો તકાઝો કરે છે કે ક઼ાનૂનનું સન્માન અને અલ્લાહનો ડર લોકોના દિલોમાં જામી જાય કે દરેક માનવ બીજા માનવી જોડે એવો જ વર્તાવ કરે જે એ પોતાના માટે પસંદ કરે. ઈંટનો જવાબ પથ્થરથી આપવો એ દુનિયાએ કાયમ કર્યું છે, પરંતુ ઈસ્લામે જે મુકદ્દસ સમાજ રચ્યો છે એનું દ્દષ્ટાંત બીજા ધર્મોમાં મળવું મુશ્કેલ છે, બલ્કે એનું દ્દષ્ટાંત અન્ય ધર્મોમાં છે જ નથી. એક બીજાની ભૂલચૂક માફ કરવી, સગાઓ સાથે સદ્‌વર્તાવ, એકબીજામાં લડાઈ ઝઘડા થઈ જાય, બોલચાલ અંદરો અંદર બંધ થઈ જાય આવી અનેક સૂરતોમાં એને દૂર કરીને ઉચ્ચ અખ્લાકી કિરદારો પેશ કરવા, આ ફક્ત ઈસ્લામની જ ખાસિયતોમાંથી છે. ઈસ્લામે દરેક મોટાથી મોટા અને નાનાથી નાના મામલામાં દુ:ખી માનવતાને સાથ આપ્યો છે અને દરેક મામલામાં માનવીઓની રહનુમાઈ ફર્માવી છે. ખાવા પીવા, ઉઠવા, બેસવા, ખલવત (એકાંત) શેહવત, વાતચીતનો અંદાજ, એકબીજા સાથે બોલવા ચાલવાની રીત, સગા સંબંધીઓ, પાડોશીઓ, ગરીબો, અમીરો સાથેનું વર્તન બધી જ વસ્તુઓ અને બધા જ ક઼ાયદા ક઼ાનૂન તમને ઈસ્લામના જ ફેલાએલા દામનમાં જોવા મળશે. અને સૌથી અગત્યની વાત તો એ છે કે ઈસ્લામે અંધકાર અને અભણતાને લાત મારીને માનવીઓના દિલોમાં જ્ઞાન અને શીખવા શીખવાડવાનો જુસ્સો પૈદા કર્યો, ઈસ્લામ જ એ ધર્મ છે જેણે તેના અનુયાયીઓ એ સ્ત્રી હોય કે પુરૂષ બંનેવ પર જ્ઞાન (એજ્યુકેશન) મેળવવું ફર્ઝ કરી દીધું છે. હદીષે પાકમાં છે કે ઈલ્મનું શીખવું દરેક મુસલમાન મર્દ તથા ઔરત પર ફર્ઝ છે.

**જગતમાં ઈલ્મની રોશની ફેલાવનાર કોણ ?!!**

પરંતુ અફસોસ ! સદ્ અફસોસ ! કે આજે આ આધુનિક સાધનો, મશીનો અને Technolgyના યુગમાં મુસલમાનો ઘણા જ પાછળ પડી ગયા છે અને આધુનિક સાધનો, મશીનોના ઉપયોગ અને એના જ્ઞાનની બાબતમાં એકદમ કંગાળ છે. અને મોટામાં મોટી વાત તો એ છે કે મુસલમાન આપણા પોતાના ધર્મનું જ્ઞાન પણ ભૂલી ગયા છે, અને જેમની પાસે ધર્મનું થોડુ ઘણુ જ્ઞાન છે તો તેઓ અમલનામાં બિલકુલ ખાલી છે. આજે અત્યારે વિજ્ઞાન (Science) અને નવયુગના આધુનિક સાધનો, મશીનો નવી નવી શોધખોળો અને ટેક્નોલોજીથી આપણે હેરાન પરેશાન છીએ અને ઉત્સુકતા ભરી નજરોથી એને જોઈએ છીએ, જ્યારે કે વિજ્ઞાનની અસલી બુનિયાદો અને એની ફોર્મ્યુલાઓ ઈસ્લામ ધર્મના જ જ્ઞાનથી છે, અને આ ઈસ્લામની જ કરામત છે.

આજકાલના વૈજ્ઞાનિકો શોધખોળ

(Research)થી જે આકૃતિઓ પેશ કરી રહ્યા છે, ઈસ્લામે ૧૪૦૦ વર્ષ પહેલાં જ એનો નિર્દેશ કરી આપ્યો છે. એ જ કારણ છે કે આજે સાયન્સ જેમ જેમ તરક્કી કરી રહ્યું છે તેમ તેમ ઈસ્લામની હક્કાનિયત માનવીઓની આંખો સામે આવી રહી છે, અને માનવીઓને પોતાની આંખો સામે પડેલા અંધકાર અને અભણતાના પદડા પાછળ ઈસ્લામનું નૂર ચમકતું દેખાઈ રહ્યું છે. ઈતિહાસ (History) ગવાહ છે, એને પલટાવીને જોઈ લો ! રસૂલે આઝમ ﷺના જાંનિષારો અને ગુલામોએ દુનિયાના જે ભાગ અને જે જમીન પર તેમણે પોતાના નૂરાની કદમો રાખી દીધા છે, દુનિયાના એ ભાગને અને એ જમીનને જાહેરી અને બાતિની બંનેવ નેઅમતોથી માલમાલ કરી દીધી. વધારે ઊંડાણમાં ન જતાં કેવળ ઉન્દલુસ (Spain)ના ઈતિહાસને વાંચો, ઈતિહાસકારોનું કહેવું છે કે કુરુને વુસ્તા (મધ્ય યુગ)માં જ્યારે યૂરોપ (Europe) અજ્ઞાનતા તથા જંગલીપણાના અંધકારમાં ડૂબેલું હતું, સભ્યતા તથા સંસ્કારથી દૂર જંગલોમાં વસવાટ કરવું અને ઘાસચારાની ઝુપડીઓ એમનું રહેઠાણ હતું, સભ્યતા તથા સુસંસ્કારની હજુ હવા પણ તેમને લાગી ન હતી ત્યારે આવા અંધકાર અને ગુમરાહીના દૌરમાં મુસલમાનોએ કુર્આને મજીદની કંદીલો સંભાળીને ૯૦ (નેવું) વર્ષના ગાળામાં સમરકંદથી લઈને સ્પેન અને બહીરએ અસુદથી લઈને મુલ્તાન સુધી પહોંચીને ઈલ્મો, વિદ્યાઓ અને કલા કારીગરીનાં કેન્દ્રો કાયમ કર્યાં. વાદળોને ચૂમી લે તેવા શાનદાર મીનારાઓવાળી મસ્જિદો તામીર કરી, દારુલ ઉલૂમ, દારુલ કુતુબ, લાઈબ્રેરી, હોસ્પિટલ, ઈમારતો, મહોલ્લા, હવેલીઓ, બાગ બગીચાઓ, ઈદારાઓ, પુલો, તળાવો, રસ્તાઓ અને વિવિધ મુસાફરખાનાંઓ કાયમ કર્યાં. અને અભણ માનવીઓને નવી નવી શોધખોળો અને કારીગરી કરવાનું શીખવાડયું અને જેમના પાસે થોડુ ઘણુ જ્ઞાન અને બુદ્ધિ હતી તેમને વધારે આવાં કામો કરવા પ્રોત્સાહન, શોખ અને જુસ્સો અપાવ્યો. સ્પેનમાં મુસલમાનોએ કેટલાયે બંદરગાહો અને પ્રેસની પણ તેમણે શોધખોળ કરીને ત્યાં વસાવી હતી. દુનિયાને હેરતમાં નાંખી દે તેવી શોધખોળો કરી હતી, એટલે સુધી કે એક અંગ્રેજ ઈતિહાસકારે વિલડેવરાન (Wilderon)એ વાતનો સ્વીકાર કર્યો કે સ્પેનમાં એક મુસ્લિમ વૈજ્ઞાનિક જેનું નામ ઈબ્ને ફરનાસ હતું તેણે એવી ત્રણ વસ્તુઓ શોધ કરી કે જેનાથી આખી દુનિયા હેરત અને આશ્ચર્યમાં ડૂબી ગઈ : (૧) આંખોએ લગાડવાના ચશ્મા (૨) સમય બતાવવાવાળી ઘડિયાળ (૩) અને એક એવુ મશીન કે જે હવામાં ઉડતું હતું વિમાન (Aeroplane). (ઈચ ઓફ ફૈથ, પાના નં. ૨૯૮) આ એ સત્યતા છે કે જેને દુનિયા ઈતિહાસનાં પાનાંઓ પરથી મિટાવી શકતી નથી. આ આજકાલના વૈજ્ઞાનિકો જે કદી કાંઈ પણ વસ્તુની શોધ કરવા માંગે છે તેઓ એ વસ્તુને બનાવતા પહેલાં મુસલમાનોની ધાર્મિક કિતાબોનો સહારો લે છે. જેમ કે મુફક્કિરે ઈસ્લામ અલ્લામહ્ કમરુઝ્ઝમાં આઝમી સાહબે **Ladysimth South Africa, Darul Uloom Qadria Ghareeb Nawaz**ના વાર્ષિક જલ્સામાં ફર્માવ્યું હતું કે BBCના News પ્રમાણે મુસલમાનોની ૩૦,૦૦૦ કિતાબો ચોરી લેવામાં આવી હતી અને એ કિતાબો ગૈર મઝહબવાળાઓએ ચોરી હતી અને એના પર ખૂબ રિસર્ચ કરી શોધખોળો અને દિમાગો લગાડીને અવલોકનો કર્યાં અને મુસલમાનોની ચોરેલી કિતાબોના સહારે ટેક્નોલોજીમાં આગળ વધતા ગયા. આજે દુનિયાના વૈજ્ઞાનિકો જે પણ કાંઈ સંશોધનો કરી રહ્યા છે, એ મુસલમાનોની ધાર્મિક કિતાબ કુર્આન મજીદ અને બીજી વિવિધ કિતાબોના સહારે અને તેના સદકામાં જ કરી રહ્યા છે.

### દુશ્મને ઈલ્મી ખજાના પર જ હુમ્લા કરેલા

આપણે આપણા ઈતિહાસનું વાંચન કરીએ તો આપણને ખબર પડશે કે ઈસ્લામના દુશ્મનોએ ઈસ્લામને કેટલું નુકસાન પહોંચાડયું અને ઈસ્લામને નેસ્તો નાબૂદ કરવા માટે કેટલી નીચ અને નાપાક કોશિશ કરી છે. ઈસ્લામના દુશ્મનોએ ઈસ્લામના અનુયાયીઓના માલ, અસબાબ, કુટુંબ, દૌલત, શોહરત, મદરસાઓ, સ્કૂલો, ઈસ્લામી યાદગારો,

મસ્જિદો, મકબરાઓ, હોસ્ટેલો અને વિવિધ આમદનીઓ પર હુમલા કર્યા, મુસલમાનોની વરસો જૂની કિતાબો પર હુમલા કર્યા, એને સળગાવી દેવામાં આવી. મુસલમાનો એ જાલિમ તથા જાબિર તાતારી બાદશાહ ચંગેઝ અને એના પૌત્ર હલાકુને કોઈ પણ સંજાગોમાં ભૂલાવી નથી શકતા. ઈતિહાસ ગવાહ છે કે હલાકુએ ૧૦ મુહર્રમ હિ.સ. ૬૫૬માં બગદાદ પર હુમલો કર્યો તે વેળા ત્યાંનું શાસન મુસ્લિમ બાદશાહ 'મોઅતસીમ બિલ્લાહ'ના હેઠળ હતું. જાલિમ બાદશાહ હલાકુએ બગદાદમાં મુસલમાનોનું એટલું નુકસાન કર્યું હતું કે ૪૦ દિવસ સુધી બગદાદમાં કત્લે આમનું તોફાન રચાએલું રહ્યું, તે વેળા બગદાદની મોટામાં મોટી લાઈબ્રેરીમાં વરસો પૂરાણી ઐતિહાસિક કિતાબોના ખજાનાનો મુસલમાનોએ સંગ્રહ કરેલો હતો તેમાં હજારો લાખો કિતાબો વિવિધ ઉલૂમો ફુનૂનથી ભરેલી પડી હતી, જાલિમ અને ઈસ્લામ દુશ્મનોએ એ કિતાબોને સળગાવી દીધી અને હજારો કિતાબો બગદાદના દરિયામાં વહાવી દીધી. ઈતિહાસ લખવાવાળાઓનું કહેવું છે કે તે વેળા આખા દરિયાનું પાણી તે બધી કિતાબોની સિયાહીના કારણે કાળુ પડી ગયું હતું ! દરિયાનો રંગ કાળો લાગતો હતો જેને એમ કહી શકાય કે તે કાળો સમુદ્ર હતો. *(પેજ–૬૯૫, તારીખુલ ખુલ્ફા)*

**ઈલ્મનો દુરૂપયોગ કરી માનવ અધિકારોનું હનન!**

આ એ યુગ હતો જ્યારે મુસલમાનો બધાથી આગળ પડતા હતા, તમામ ઉલૂમો, વિદ્યાઓ, કલાઓ મુસલમાનોની રચેલી હતી, તે સમયે દુનિયામાં મુસ્લિમ હોય કે ગૈર મુસ્લિમ બધા જ સુખ અને શાંતિમય જિંદગી ગુઝારતા હતા. ચો તરફ અમન તથા શાંતિનું વાતાવરણ વિસ્તરેલુ હતું, ઈન્સાફ, ન્યાય, સદાકત, ઈમાનદારી, અમાનતદારી, દયાનતદારી જેવા વિવિધ અનમોલ અને પાકીઝા અખ્લાકવાળા માનવીઓથી ધરતી ભરાયેલી હતી. પરંતુ જ્યારથી આ જ્ઞાન રિસર્ચની ક્રિયા વહશી દરિંદાઓ પાસે ગઈ છે, ત્યારથી દુનિયામાં સુખ શાંતિ અને અમનનો ખાતમો થઈ ગયો, ન્યાય, સદાકત અને સુકૂનનો જનાઝો નીકળી ગયો, અમાનત ખયાનતમાં ફેરવાઈ ગઈ, જંગલીપણું આમ થઈ ગયું, માનવીઓની જિંદગીની કોઈ હેસિયત ન રહી અને આ જાલિમો આજે મુસલમાનો પાસેથી ચોરેલા જ્ઞાનનો ગલત ફાયદો ઉઠાવી રહ્યા છે. તહકીક (સંશોધન) અને રિસર્ચ કરીને દુનિયા તબાહ તથા બરબાદ કરી નાખે એવાં શસ્ત્રો બનાવ્યાં છે, આગના ગોળા વરસાવે તેવા મશીનો બનાવ્યાં અને માનવીઓનું જીવવુ મુશ્કેલ કરી નાખ્યું, ખાસ કરીને આ **આધુનિક અને જીવલેણ શસ્ત્રોનું અવલોકન મુસલમાનો પર કરવામાં આવ્યું. ઈરાક, અફઘાનિસ્તાન, બ્લુચિસ્તાન, ચેંચનિયા વગેરેમાં મુસલમાનો પર જે કાંઈ કયામત ગુજરી રહી છે એ આપણી આંખોથી છુપાયેલી નથી. મઝલૂમ મુસલમાનોની ચીસોથી ધરતી કંપી ઉઠે છે અને આકાશ લોહીનો વરસાદ વરસાવી રહ્યું છે. ત્યારે સઊદીના નામ માત્રના કિંગ અને નવાબો અને ઈસ્લામના નામ પર કાળા ધબ્બાઓની એ હાલત છે કે તેમને આ મઝલૂમો, બેકસો, બેબસોનો ખ્યાલ સુદ્ધાં નથી આવતો. તેઓ તેમની અય્યાશીઓમાં મગ્ન અને તલ્લીન છે, તેમને તેમના બાપદાદા અમેરિકા અને યૂરોપ પાસેથી તોહફામાં મળેલી હસીન સ્ત્રીઓના સુંવાળા રેશમી અને સોનેરી બાલોમાં પોતાનું ઈમાન સુદ્ધાં મૂકી દીધું છે. મઝલૂમો, યતીમો, ગરીબો, બેકસો અને બેબસોની કલેજુ ફાડી નાખે તેવી ચીસો, તેમની કરુણ આહો ફરિયાદો આ નામ માત્રના અરબ બાદશાહોની હસીનાઓના અટ્ટ હાસ્યો નીચે દબાઈ ગઈ છે.** તેઓ પોતાની મનમાની મહબૂબાઓના ગલી કૂચાની ખાક (માટી)ને પોતાનો સરમાયો (દૌલત) સમજે છે. પણ ખરેખર એવું નથી! બલ્કે મુસલમાનોનો અસલ સરમાયો ઈસ્લામી કાનૂનની પાસદારી અને પાબંદી છે. આપણા

બુઝુર્ગોએ ઈસ્લામી ક઼ાનૂન પર અમલ કરીને જ આ જગતમાં ઈજ્જત, ખ્યાતિ અને રસૂલુલ્લાહ ﷺની અનમોલ અને અઝીમ મહબ્બત કમાઈ હતી.

**મુસ્લિમોની તબાહીના જવાબદાર ઐયાશ હાકિમો**

હું એમ નથી કહેતો કે આપણે મુસલમાનો બિલકુલ કંગાળ છીએ, બલ્કે મુસલમાનો પાસે ઘણી જ દૌલત છે, સૌથી મોટી દૌલત ઈમાન છે અને જાહેરી તૌર પર જે છે તે એટલું બધું છે કે આપણી જરૂરતથી પણ વધારે છે. આખા જગતમાં ૨૬% દૌલત મુસલમાનોની છે, અને ૭૪% દૌલત બીજી બધી ક઼ૌમોની છે. અને ૨૬% દૌલતમાંથી આપણને ૨૫% દૌલતની જ જરૂરત છે. ૧% આપણી પાસે આપણી જરૂરિયાતથી વધારે છે, પરંતુ **અફસોસ કે ૨૬% દૌલતમાંથી ૩% દૌલત પર જ આપણો કબજો છે અને સદ્ અફસોસ કે એ ૩% પણ અમેરિકાની બેંકોમાં છે !** આ બધી દૌલત આપણા નામ માત્રના બાદશાહોની અય્યાશીના કારણે અને આપણી અભણતાના કારણે આપણા હાથમાંથી લુચ્ચા અને લૂટારાઓએ પડાવી લીધી અને આપણી એ જ દૌલત વડે આપણી ઉપર તેઓ હુકૂમત કરી રહ્યા છે અને આપણને કોડી કોડીના મોહતા જ બનાવી દીધા છે, અને હજુ વધારે મોહતાજ બનાવવાની સ્કીમો તૈયાર કરી રહ્યા છે. આજે પણ આપણે આપણી ગફલતમાં ખોએલી દૌલત પાછી મેળવી શકીએ છીએ અગર **આપણા મુસ્લિમ બાદશાહો સોનેરી અને રેશમીવાળોની જંઝીરોમાંથી પોતાનો પીછો છોડાવીને ઈસ્લામી ક઼ાનૂનની જંઝીરમાં કેદ થઈ જાય અને મુસ્લિમ બિરાદરો પણ ઈસ્લામી નિયમો પર અમલ કરવા માંડે તો હું યક઼ીનથી કહું છું કે એ દિવસો દૂર નથી કે આખી દુનિયાના ખૂણે ખૂણેથી અલ્લાહુ અકબરની સદાઓ બુલંદ થતી હશે અને આપણે આપણી ગફલતમાં ખોએલી દૌલત, શોહરત અને ઈજ્જત પર ફરીથી કબજાધારી થઈ જઈશું.**

**આજ ભી હો જો બરાહીમ સા ઈમાં પયદા**
**આગ કર સકતી હૈ અંદાઝે ગુલિસ્તાં પયદા**

## મુસ્લિમોની પ્રગતિનો અકસીર ઈલાજ

આજે અને આજના મોડર્ન યુગમાં એ વાતની જરૂરત છે અને આજનો નવો યુગ એ વાતનો તકાઝો કરે છે કે મુસલમાન તઅલીમ (જ્ઞાન) અને રિસર્ચના મેદાનમાં ખૂબ ખૂબ આગળ વધે, પોતાના ધર્મ અને ઈમાનને બચાવતાં સાયન્સ અને ટેક્નોલોજીના દરેક મેદાનમાં ક઼દમ આગળ વધારે, નિરાશા અને નાહિંમત થવું મુસલમાનોની પહેચાન નથી બલ્કે 'હિંમતે મર્દા તો મદદે ખુદા' પર અમલ કરવાની સાથે સાથે ખૂદ પણ આગળ વધે અને બીજા ગરીબ મુસલમાન ભાઈઓની તા'લીમ તથા અખ્લાકી અધોગતિ દૂર કરવા માટે દીની ઈલ્મી કેન્દ્રો તથા વર્તમાન દુનિયવી વિદ્યાથી વાકેફિયત માટે નર્સરી સ્કૂલ, ટેકનિક્લ કોલેજ અને બીજી વિવિધ વિદ્યાઓ તરફ ધ્યાન આપે, પોતાના માધ્યમો અને હલાલ કમાણીને ફુઝૂલ માર્ગે ખર્ચ કરવાના બદલે અલ્લાહ તઆલાની રાહમાં ખર્ચ કરે અને હોસ્પિટલમાં, મુસાફરખાનાં, મદરસા જેવા અનેક નેક કામોમાં હિસ્સો લે તો આપણી ક઼ૌમની હાલત સુધરી શકે છે.

આજે જ્યારે કે મુઠ્ઠીભર આતંકવાદી નફરત, ઈખ્તિલાફ અને ક઼ૌમવાદને હવા દઈ રહ્યા છે, અને ભોળા ભાળા માનવીઓમાં નફરત તથા ફિત્નો ફસાદ ફેલાવવામાં વ્યસ્ત છે, આવી હાલતોને આપણી આંખો સામે રાખીને જો આપણે આપણા ધર્મના સંપૂર્ણ નિયમો પર અમલ કરીએ અને આપણા ધર્મના સંપૂર્ણપણે Follower (અનુયાયી) બનીને ઉચ્ચ અખ્લાક઼, પાકીઝા કિરદાર અને માનવતાની દીની હમર્દદીના નિયમોનું ભરપૂર પ્રદર્શન કરવાની સાથે ઈલ્મે દીન અને અર્વાચીન ટેક્નોલોજીના મેદાનમાં આગળ વધીએ તો ઈન્શાઅલ્લાહ ! કોઈ ક઼ૌમ આપણને મિટાવી નથી શકતી.

**તૌહીદ કી અમાનત સીનોમેં હૈ હમારે**
**આસાં નહીં મિટાના નામો નિશાં હમારા**

# બરકાતે ખ્વાજાની ટપાલ...

કાર્યાલય

**દયાદરા** : ખાતે 'જશ્ને શહીદે કર્બલા' નિમિત્તે ૯ મુહર્રમ તથા ૧૦ મુહર્રમના રાત્રે મોટા ચકલા પર હઝરત મૌલાના શાહજહાં મિસ્બાહી (ખતીબો ઈમામ દયાદરા જામેઅ મસ્જિદ) તથા હઝરત મૌલાના સાદિક દહેગામી સાબરી સાહબે અનુક્રમે શાનદાર તકરીરો કરી હતી. ૧૦મીની સવારે મસ્જિદમાં થયેલ પ્રોગ્રામમાં હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી સાહબે 'પયગામે ઈમામ હુસૈન' પર જોરદાર બયાન કર્યું હતું. તે ઉપરાંત તા. ૨–૧–૦૮ના રોજ મસ્જિદમાં હઝરત મિરાંદાતાર رحمة الله عليهની શાનમાં તેમજ તા. ૬–૧–૦૮ના રોજ હઝરત સૈયદ મખ્દૂમ અશ્રફ જહાંગીર સમનાની رحمة الله عليهની શાનમાં શાનદાર પ્રોગ્રામ થયા જેમાં પણ હઝરત મૌલાના સાદિક દહેગામી સાહબે ઈમાન અફરોઝ બયાનો કર્યા હતાં.

**કેશોદમાં જશ્ને શહીદે આ'ઝમ વ મુફ્તીએ આ'ઝમ**

અહીં તા. ૨૪–૧–૦૮ જુમેરાત રાત્રે ઈશાની નમાઝ બાદ સબીલે હુસૈન કમિટી દ્વારા ઘાંચી સમાજ પાસે, મક્સૂદ ચોકમાં નવાસએ ઈમામુલ અંબિયા હુઝૂર સૈયદના સરકાર ઈમામે આલી મુકામ رضى الله عنه તેમજ તાજદારે અહલે સુન્નત શેહઝાદએ આ'લા હઝરત હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદ رحمة الله عليهની યાદમાં ગુલે ગુલઝારે રઝવિય્યત પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝાર બાપુ નૂરી બાબા (સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યા, નૂરિય્યા–જૂનાગઢ)ની ઝેરે સદારતમાં એક શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ. ઉત્તર પ્રદેશના મશ્હૂર આલિમ ખતીબે સાહેરુલ બયાન, હઝરત અલ્લામા અલ્હાજ કારી મોહીબ્બુલ હક્ક સાહબ (સદર દારુલ ઉલૂમ સરકારે આસી. –ગૌંડા, યુ.પી.) તથા મૌલાના હાફિઝ મુહમ્મદ સાબિર રઝા સાહબ–જૂનાગઢ, હાફિઝ મુહમ્મદ જાવિદ રઝા સાહબ, મૌલાના અબ્દુલ્લાહ સાહબ રઝવી, મૌલાના મુહમ્મદ ઈકબાલ રઝવી સાહબ, મૌલાના કારી શબ્બીરખાન સાહબ વગેરેએ ઈમામે આલી મુકામ તથા હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદની શાનમાં તકરીર ફર્માવી હતી.

**મોહસિને આ'ઝમે કોન્ફરન્સ**

**જૂનાગઢ** : સૌરાષ્ટ્રના સુન્ની વડા અને આ'લા હઝરતના સુપુત્ર હુઝૂર મુફ્તીએ આ'ઝમે હિંદના ખલીફા અમીરે અહલે સુન્નત તરીકે પંકાયેલા હઝરત પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની عليه الرحمة و الرضوان સ્થાપિત ખાનકાહે રઝવિય્યહ નૂરિય્યહ દ્વારા તા. ૨૩–૧–૦૮, બુધવારે રાત્રે ઈશાની નમાઝ બાદ ઈમામ અહમદ રઝા રોડ, મસ્જિદે રઝા પાસે હુઝૂર સૈયદના ઈમામે આલી મુકામ رضى الله عنه તથા શેહઝાદાએ આ'લા હઝરત કુત્બે આલમ હુઝૂર મુફ્તીએ આ'ઝમે આલમ رحمة الله عليهના વાર્ષિક (૨૭)માં ઉર્ષ શરીફ નિમિત્તે મોહસિને આ'ઝમ કોન્ફરન્સ ઉસ્તાઝુલ ઓલ્મા પીરે તરીકત હઝરત અલ્લામા મુફ્તી સૈયદ મુહમ્મદ આરિફ સાહબ રઝવી–બરેલી શરીફની ઝેરે સદારતમાં તથા જાનશીને હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીકત, હઝરત મૌલાના અશશાહ ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી સાહબ સજ્જાદા ખાનકાહે રઝવિય્યાની સરપરસ્તીમાં શાનો શૌકતથી મનાવવામાં આવેલ જેમાં હિંદુસ્તાનના મુમતાઝ મુકર્રિર ખતીબે સાહેરુલ બયાન હઝરત અલ્લામા કારી મોહિબ્બુલ હક્ક સાહબ (સદર દારુલ ઉલૂમ સરકારે આસી. –ગૌંડા, યુ.પી.) તથા અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના હાફિઝ મુહમ્મદ શાકિર રઝવી સાહબ–મુંબઈ, હઝરત મૌલાના મલીક આરિફુલ્લાહ સાહબ–જામનગર, હઝરત મુફ્તી હસીબુર્રહમાન સાહબ, હઝરત મૌલાના હાફિઝ સાબિર રઝા સાહબ, હઝરત મૌલાના નાઝિમ અખ્તર સાહબ તથા ગુજરાત સૌરાષ્ટ્રના નામી ગિરામી ઉલ્માએ કિરામ, સાદાતે કિરામ, પીરાને તરીકતે હાજરી આપી શાનદાર તકરીર ફર્માવી હતી.

*–ખાનકાહે રઝવિય્યા નૂરિય્યા વતી હાજી મુહમ્મદ હનીફ રઝવી નૂરી*

**સુન્નીઓ સમય સાથે ચાલે !**

તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) સલામ બાદ, ફેબ્રુ–૦૮નો અંક નિયમિત મળ્યો, ખૂબ ખૂબ શુક્રિયા. એક જ સીટીંગમાં બેસી વાંચી ગયો. સમય સાથે ચાલતા હોય તેવા લેખો વાંચીને થયું કે આપણે સુન્નિયતની

સાચવણી સારું સજ્જ થવું જોઈએ. માંસ ભોજન અને આયુર્વેદનો લેખ 'ગુજરાત સમાચાર'ને ઈંટનો જવાબ પથ્થરથી આપતો હોય તેમ ઉમેદખાન બેલીમ–ખેરાલુની ઈતિહાસ આધારિત રજૂઆત છે. વાંચકોએ પણ તસ્લીમા નસ્રીન ઝેરીલી નાગણ તેમજ બેનઝીર ભુટ્ટોની હત્યા, ઈસ્લામ પર થતા ગલત આક્ષેપો..... વગેરે પર મંતવ્યો રજૂ કરવાં જોઈએ. મીડિયાના દુષ્પ્રચાર સામે બરકાતે ખ્વાજા (માસિક) સત્ય હક઼ીક઼તો રજૂ કરે છે તે બદલ મુબારકબાદ !

*–ડો. ફરીદખાન યુસુફખાન પઠાણ (ભાવનગર)*

**ઝંઘાર** : જનાબ મુન્શી અ. રહીમ આદમભાઈ થકી રૂા. ૫૦૦૦/– પોતાનાં મર્હૂમા વાલિદાના સવાબ અર્થે અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરાને કિતાબો છપાવવા મળ્યા છે. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફેરત ફર્માવે. જન્નતમાં આ'લાથી આ'લા મકામ અતા કરે. (આમીન) *–તંત્રી :*

**મોટી દમણ** : જનાબ મુહમ્મદ ઉમર પારજાઈવાળા તરફથી બરકાતે ખ્વાજા (માસિક)ને રૂા. ૧૦૦૧/– લિલ્લાહ મર્હૂમ માં બાપના સવાબ અર્થે મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદ઼કામાં મર્હૂમોની મગફેરત ફર્માવે તથા ડોનેશન આપનારનો સૌ કુટુંબીઓનો ખાત્મો ઈમાન પર ફર્માવે, બંને જહાનમાં આબાદ આપે આમીન. *–તંત્રી :*

**★ ભૂલ સુધારો ★**

બરકાતે ખ્વાજા (માસિક) ૧–જાન્યુ–૨૦૦૫, પેજ નં. ૯ નીચેથી ૮ મી લીટીમાં **દસ્ત**ને **દશ્ત** સુધારીને વાંચશો. તેમજ તા. ૧–૨–૨૦૦૮ પેજ નં. ૧૪ માં. બ્લોકમાં લીટી નં. ૧ માં رضی اللہ عنہا અને લીટી નં. ૨માં ﷺ ઉલટ સુલટ કરી લેવું.

## મદરસાએ ગરીબ નવાઝ બાંધકામમાં સહાય કરો !

નડિયાદ ખાતે 'મદરસાએ ગરીબ નવાઝ'નું બાંધકામ ચાલે છે અંદાજિત ખર્ચ સાડા ત્રણ લાખ રૂા. છે. હજી રૂા. બે લાખની જરૂર છે. તો આપના મર્હૂમોના સવાબ અર્થે સહાય મોકલવા વિનંતિ. સંપર્ક કરો : મદરસાએ ગરીબ નવાઝ, મજૂરગામ, મિલ રોડ નડિયાદ–૩૮૭ ૦૦. ગુલામ મુસ્તફા (મો.) ૯૯૨૫૩ ૬૩૧૧૯, આરિફભાઈ (મો.) ૯૮૨૪૬ ૨૯૭૩૮, ફિરોઝખાન (મો.) ૯૭૨૩૩ ૯૪૬૦૪.

**BOB A/c. No. 16650 100001068**

### ઈન્તેકાલ પૂરમલાલ !

**દુણાદરા** : મુકામે (તા. ઠાસરા, જિ. ખેડા) મુહર્રમ ચાંદ–૨૯, હિ. ૧૪૨૯, તા. ૮–૨–૨૦૦૮ ઈ.સ. જુમ્આની અઝાન આપી જયારે પોતે નમાઝ પઢી ૧.૦૦ વાગે બેઠેલા ત્યાં જ તેમની રૂહ કબ્ઝ થઈ ગઈ તેવા આશિક઼ે રસૂલ, ઈમામ અહમદ રઝાના ચાહનાર મૌલાના શૈખ ઐયૂબમિયાં ગુલામનબીમિયાંની રબ તઆલા મગફેરત ફર્માવે. (આમીન)

*–રજૂકર્તા : સૈયદ મુહમ્મદ મુનાદીન હકીમ (હાડગુડ)*

**વડોદરા** : ખાતે ૯ ઝિલ હજ્જ હિ. ૧૪૨૮ જુમેરાત (તા. ૨૦–૧૨–૦૭)ના રોજ હાજી અબ્દુલક઼ાદિર કુરૈશી ઈન્તેકાલ કરી ગયા. મર્હૂમ આપણી સંસ્થાના તથા સુન્ની દા'વતે ઈસ્લામીના ખાસ સપોર્ટર હતા. મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં તેમની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *–રજૂ. મુબલ્લિગ ઉમ્માગની (વડોદરા)*

**એક જરૂરી એલાન !**

મોહસિને સુન્નિયત, પીરે તરીક઼ત, સૂફીએ બાસફા, અલ્હાજ **હઝરત સૈયદ મુહમ્મદ નૂરાનીબાવા (પેટલાદવાળા)** رحمۃ اللہ علیہના મુબારક જીવન ચરિત્ર પર એક દસ્તાવેજી કિતાબ તૈયાર થઈ રહી છે તો સર્વ સુન્ની ભાઈ બહેનો તથા અક઼ીદતમંદો, મુરીદોને વિનંતિ કે આપની પાસે હઝરત તથા આપના ખાનદાન સંબંધી જે માહિતી, સોહબતના અનુભવો કે કરામતો વગેરે વિશે જે સામગ્રી ઉપલબ્ધ હોય અથવા હઝરત વિશે આપનાં મંતવ્યો, ખયાલો રજૂ કરવા હોય તો નીચેના સરનામે સત્વરે મોકલી આપવા વિનંતિ છે :–

**૧. જનાબ હાફિઝ મૂસા ઝંઘારવી**
**159-Saint Pauls Rd. Preston PR1 ITU, England (U.K.), Ph. 01772-251109**

**૨. જનાબ માસ્તર ઈબ્રાહીમ ઝંઘારવાળા**
૪૪–સીરાજપાર્ક, શેરપુરા ડુંગરી રોડ, રેલ્વે ફાટક પાસે–ભરૂચ, ફોન : ૦૨૬૪૨–૨૫૧૨૭૮

## સરઝમીને દેહલીમેં અહલે સુન્નત કી અઝીમ કામયાબી !

હિંદુસ્તાન કે દારુસ્સલ્તનત દહેલીમેં મેહરોલી શરીફ મુખ્તલિફ સલાસિલ કે બુઝુર્ગાન ખુસૂસન હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી ઔર હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رضی اللہ عنہما કી ઝાતે બાબર્કાત કી નિસ્બતસે બળી અહમિયત કા હામિલ હૈ. ઉસી તારીખી જગહ પર શમ્સી તાલાબ કે કિનારે અહલે સુન્નત કા એક દીની ઈદારા કાઈમ હો ચૂકા હૈ. જહાં બદ્અકીદા ફિર્કેવાલોં કા દૌર દૌરા હૈ વહાં યે ઈદારા અહલે સુન્નત કી ખિદમત કર રહા હૈ. હિફઝ, કિ઼રાઅત ઔર આલિમ કલાસ શુરૂ હો ચૂકા હૈ. બળી મુશ્કિલોં કે બાદ કામ હુવા હૈ. આપ દહેલી આઓ તો ઝુરૂર શમ્સી તાલાબ, ઔલિયા મસ્જિદ કે કરીબ, મેહરોલી શરીફમેં ઈસ મર્કઝ કા મુઆઈના કરેં. અભી તામીરી કામ જારી હૈ. યે સબ અલ્લાહ કે કરમ સે નબીરએ આ'લા હઝરત, મુજાહિદે ઈસ્લામ, પીરે તરીક઼ત હઝરત મૌલાના મૌલાના મન્નાનરઝાખાં મન્નાનીમિયાં સાહબ مد ظلہ العالی (બરેલી શરીફ) કી કોશિશોં કા ષમરા હૈ.

આપકી સદારતમેં બરેલી શરીફમેં ભી એક અચ્છા સુન્ની ઈદારા ''જામિઆ નૂરિય્યહ રઝવિય્યહ'' ખિદમતે દીનમેં લગા હુવા હૈ. સભી સુન્ની હઝરાતસે ગુઝારિશ હૈ કે ઈસ નેક કામમેં ઝરૂર દિલ ખોલકાર તઆવુન કરેં.

**રાબતે કા પતા**

(૧) હઝરત મૌલાના મુહમ્મદ ઈમરાન રઝાખાં સમ્નાનીમિયાં (સાહબઝાદા મન્નાનીમિયાં) ૩૪–સૌદાગ્રાન, રઝા નગર, દરગાહે આ'લા હઝરત, બરેલી શરીફ (યુ.પી.) ફોન : ૦૫૮૧–૨૪૭૩૦૮૩

(૨) રઝા મસ્જિદ કે સામને, ગલી નં. ૧૮, ઝાકિર નગર ઔખા, નઈ દિલ્હી, ૧૧૦૦૨૫, મો. ૦૯૪૧૧૯૧૫૭૨૦

**આજીવન સભ્ય થયા** *(રજૂ. હાફેઝ ઈબ્રાહીમ કહાનવાળા)*

૧. આરિફ ઈકબાલ મેમણ–ઓખા
૨. યૂસુફભાઈ તાર મુહમ્મદ ચક્કીવાળા–અલીયાબાડા
૩. અ. રહમાનભાઈ મક્કી મરીન માંગરોલવાળા–ઓખા
૪. મુશ્તાક યાકૂબ ફટક કહાનવાળા–ભરૂચ

**નોંધ** : આપ પણ રૂા. ૩,૦૦૦ ભરી **આજીવન** સભ્ય બનો અથવા રૂા. ૧૩૦૦ ભરીને **પેટ્રન સભ્ય** (૧૧ વરસ માટે) બનો. *–તંત્રી :*

**ઘર બેઠાં વજન વધારો/ઘટાડો, વા-પગ, ગુથણ, કમરના દર્દ તથા હાડકાની કમજોરી, ચાલવામાં તકલીફ તથા પાઈલ્સ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ**

**ઈસ્માઈલ સાલેહ** મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ **ઈન્ડિયા ખાતે** ફોન : (૦૨૬૪૨) ૨૮૨૩૨૨, **લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮

★ ★ ★ *પોસ્ટ/કુરિયર દ્વારા ઉપલબ્ધ* ★ ★ ★

**ગુજરાત તેમજ વિશ્વભરમાં વસતા લગભગ ગુજરાતી સુધી બહોળો પ્રચાર ધરાવતા આપના**

**પ્યારા માસિક બરકાતે ખ્વાજા (માસિક)માં જાહેરાત આપો !**

**જાહેરાતના દર**

| | | |
|---|---|---|
| ટાઈટલ–૪ | ફુલ પેઈજ | રૂા. ૫૦૦૦/– |
| ટાઈટલ–૨, | ફુલ પેઈજ | રૂા. ૪૦૦૦/– |
| ટાઈટલ–૩, | ફુલ પેઈજ | રૂા. ૩૦૦૦/– |
| અંદરનું પેજ, | ફુલ પેઈજ | રૂા. ૨૦૦૦/– |

**આપના ધંધા કે બિઝનેસ તથા દીની પ્રોગ્રામોની જાહેરાત માટે અમારો સત્વરે સંપર્ક કરો :–**

*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક), મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

**નોંધ : ફુલ, અડધુ, ચોથાઈ પેજ આમ સાઈઝ પ્રમાણે ભાવ નક્કી થશે.**

**નોંધ : ઓર્ડર સાથે રકમ એડવાન્સમાં જ મોકલવાની રહેશે તો જ જાહેરાત થશે.**

# સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

★ **૧. સૈયદ યુવતી** : ઉમર : ૩૯ વર્ષ, ઊંચાઈ : ૫.૪', વજન : ૬૦ kgs, એજ્યુ. M.Com. B.Ed, કોમ્પ્યુટર કોર્સિસ *(આણંદ તરફ)* ★ **૨. સૈયદ યુવતી** : ઉમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫.૪', વજન : ૪૨ kgs, રંગ ગોરો, એજ્યુ. B.Com. કોમ્પ્યુટર લીટરેસી, ભરતકામ, રસોઈકામ, હાલ–નર્મદા નિગમમાં કોમ્પ્યુટર ઓપરેટર *(સૌરાષ્ટ્ર તરફનાં અમદાવાદ સ્થિત)* ★ **૩. સૈયદ યુવતી** : ઉમર : ૨૦ વર્ષ, ઊંચાઈ : ૫.૨', વજન : ૪૫ kgs, રંગ ઉજળો, B.A., મેંહદી ડિઝાઈન, ડ્રોઈંગમાં નિપૂણ, હાલ : ઈસ્લામિક પ્રા. સ્કૂલમાં ટીચર *(સૌરાષ્ટ તરફનાં અમદાવાદ સ્થિત)* ★ **૪.પટેલ યુવતી** : ઉમર : ૨૦ વર્ષ, એન્જ઼ુ. ડિપ્લોમા મેકેનિકલ એંજીનિયર (5TH સેમિસ્ટર રનિંગ), *(ભરૂચ સાઈડના)* ★ **૫. પટેલ યુવતી** : ઉમર : ૨૧ વર્ષ, ઊંચાઈ : ૫.૬', એજ્યુ. F.Y.B.A રનિંગ *(ભરૂચ સાઈડના)* ★ **૬. સૈયદ યુવતી** : ઉમર : ૩૭ વર્ષ, એજ્યુ. M.A. સંસ્કૃત, દીનદાર, મહેંદી કળા જાણનાર, હાલ : ટયૂશન. *(પાટણ તરફ)* ★ **૭. સૈયદ યુવતી** : ઉમર : ૨૫ વર્ષ, એજ્યુ. B.A. *(કરજણ સાઈડ)* ★ **૮. મો'મિન યુવતી** : ઉમર : ૨૦ વર્ષ, ધો. ૧૦ પાસ, ઘરકામ, હાલ કારખાનમાં નોકરી *(કરજણ સાઈડ)* ★ **૯. સૈયદ યુવતી** : ઉમર : ૨૪ વર્ષ, એજ્યુ. M.A. B.Ed, (સંસ્કૃત–ગુજરાતી) હાલ સરકાર માન્ય સ્કૂલમાં નોકરી, સંસ્કૃત, ગુજરાતી, હિંદી, અંગ્રેજી જાણનાર ★ **૧૦. પટેલ યુવતી** : ઉમર : ૨૯ વર્ષ, એજ્યુ. ૧૦ પાસ, લેડીઝ ટેલર *(આમોદ તાલુકો)* ★ **૧૧. સૈયદ યુવતી** : ઉમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫.૬', S.S.C. પાસ, સિવર–મહેંદી કલાસ, ઉર્દૂ અરબી જાણનાર *(અંકલેશ્વર તાલુકો)* ★ **૧૨. સૈયદ યુવતી** : ઉમર : ૨૪ વર્ષ, S.S.C. પાસ, સિવણ કામ, મહેંદી કામ જાણકાર, ભરતકામ જાણનાર *(અંકલેશ્વર તાલુકો)* **૧૩. સૈયદ યુવતી** : ઉમર : ૨૦ વર્ષ, ઊંચાઈ ૪.૬', એજ્યુ. T.Y.B.A., રંગ : ઘંઉવર્ણો *(અમદાવાદા તરફ)* ★ **૧૪. મો'મિન યવતી** : ઉમર : ૨૦ વર્ષ, ૧૦ પાસ, ઉંચાઈ : ૫.૨', હાલ ફેકટરીમાં કામ કરે છે *(અમદાવાદ)* ★ **૧૫. શેખ યુવતી** : ઉમર : ૨૩ વર્ષ, S.S.C. ફેલ અંગ્રેજી મિડિયમ, ઊંચાઈ : ૫.૫', વજન : 45 kgs. ગુજરાતી, હિંદી, અંગ્રેજી જાણનાર, નમાઝી, દીનદાર, ગોરોવાન, દેખાવડી, ઘરકામ, કુકીંગ, મહેંદી, યુ.કે. ટુરિસ્ટ વિઝા ધરાવે છે. *(વલસાડ તરફ)* ★ **૧૬. કાઝી યુવાન** : ઉમર : ૨૪ વર્ષ, ૧૨ પાસ (અંગ્રેજી મિડિયમ), કિન્સાસામાં જોબ કરે છે *(પોરબંદર સાઈડ)* ★ **૧૭. મિર્ઝા યુવાન** : ઉમર : ૩૪ વર્ષ, ઊંચાઈ : ૫.૪', ૧૦ નાપાસ, ફૂલનો ધંધો, આવક : રૂા. ૬ થી ૭ હજાર માસિક, દાઢી, સુન્નતોના પાબંદ *(પોરબંદર તરફ)* ★ **૧૮. ફકીર યુવાન** : ઉમર : ૩૫ વર્ષ, ૯ પાસ, પ્રિ. પ્રેસમાં સર્વિસ, ઘરનું મકાન, આવક માસિક રૂા. ૩૦૦૦ *(જામખંભાલિયા સાઈડ)* ★ **૧૯. મલિક યુવાન** : ઉમર : ૩૫ વરસ, ઊંચાઈ ૫.૨', દસ પાસ, ટ્રાવેલ્સનો બિઝનેસ, હચટેલી શોપ (ભાવનગર સાઈડ) ★ **૨૦. બ્લોચ યુવાન** : ઉમર : ૩૦ વરસ, એજ્યુ. S.Y.B.Com, સર્વિસ–એ.જી. ઓફીસ, આવમ માસિક રૂા. ૮૦૦૦ થી ૧૦૦૦૦ *(રાજકોટ)* ★ **૨૧ મેમણ યુવાન** : ઉમર : ૩૧ વર્ષ એજ્યુ. ૧૦ પાસ, સોની કામ, પગાર : ૪ થી ૫ હજાર, ઘરનું મકાન, ડાયવોર્સ્ડ *(ધોરાજી)* ★ **૨૨. પઠાણ યુવાન** : ઉમર : ૩૪ વર્ષ, અભ્યાસ : ડિપ્લોમા, સર્વિસ રેલ્વે સુપ્રિન્ટેન્ડન્ટ, પગાર : ૧૫ થી ૧૬ હજાર *(વેરાવળ)* ★ **૨૩. સૈયદ યુવતી** : ઉમર : ૩૦ વરસ, એજ્યુ. L.L.B. પાસ (ગોંડલ સાઈડ) ★ **૨૪. પઠાણ યુવતી** : ઉમર : ૩૦ વરસ, ઊંચાઈ : ૫.૩', એજ્યુ. B.Com (અંગ્રેજી મિડિયમ), ઘરે ટયૂશન કલાસ *(વેરાવળ સાઈડ)*

**ચેતવણી** ***સુન્ની બરેલ્વી સિવાય કોઈ બાતિલ ફિર્કાવાળાનો બાયોડેટા મોકલવો નહીં, કેમ કે બાતિલ ફિર્કા સાથે કોઈનો પણ છોકરો કે છોકરીના નિકાહ થતા નથી, જે થશે તે હરામકારી થશે.***

**સંપર્ક સ્થળ** : બરકાતે ખ્વાજા મંથલી (કાર્યાલય) C/o. ઈસ્લામિક વેલ્ફેર મિશન, **સુન્ની મેરેજ બ્યૂરો સેકશન,** મુા. દયાદરા, તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૩૩, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email :** anjuman2006@hotmail.com



## ઉજાલા જિસ કા હૈ દો જહાં મેં

*અઝ : **આલે રસૂલ હસ્નૈનમિયાં નઝમી–મારહરવી***

★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★ ★

*ઉન્હી કા ચર્ચા હૈ આસ્માં પર–ઝમીં પે ભી ઝિક્ર હૈ ઉન્હી કા*
*હર એક ગુલ મેં હર એક કલી મેં મહક ઉન્હી કી બસી હૂઈ હૈ*

*યે ચાંદ સૂરજ સિતારે સારે ઉન્હી કે જલ્વોં કા ફયૂઝ પાએ*
*શફક઼ કે ગાલોં પે હૈ જો સુર્ખી યે ઉનકે તલ્વોં કી રોશની હૈ*

*જો વો ન હોતે તો કુછ ન હોતા હૈ ઉન્કે હોને સે સબ કા હોના*
*વો હૈં તો સબ હૈં વો હોં તો સબ હોં જો વો ન હો હર તરફ નફી હૈ*

*નહીં હૈ દુન્યા મેં શહર ઐસા મદીને જૈસા મદીને જૈસા*
*હૈ ફખ્રે જન્નત ઝમીં કા ટુકળા જહાં પે લેહદે નબી બની હૈ*

*વો ક્યારી જન્નત કી પ્યારી પ્યારી વો ઉનકી મેહરાબ ઉનકા મિમ્બર*
*ન ક્યૂં મુનવ્વર હો ઝર્રા ઝર્રા યે રબ કે મહબૂબ કી ગલી હૈ*

*વો સબ્ઝ ગુંબદ વો ઉન કા રોઝા વો ઉનકી મસ્જિદ કા ગોશા ગોશા*
*ક઼દમ ક઼દમ પર લગે હૈ ઐસા ફલક સે જન્નત ઉતર પળી હૈ*

*યે સબ તુમ્હારા કરમ હૈ આક઼ા કે બાત અબ તક બની હૂઈ હૈ*
*કોઈ સલીક઼ા હૈ આરઝૂ કા ન બંદગી મેરી બંદગી હૈ*

પયામે મુસ્તફા **'બરકાતે ખ્વાજા'**
લિયે ઘર ઘર ચલા **'બરકાતે ખ્વાજા'**

જલાલો રો'બે ફારૂક઼ી કા મઝહર
હૈ તેગે બરહના **'બરકાતે ખ્વાજા'**

હુસૈનિયત હૈ ઈસકે હર સફે મેં
હુસૈની રંગ કા **'બરકાતે ખ્વાજા'**

કભી પરવા ન કી ઈસને કિસી કી
ખિલાફે ઝુલ્મ ઉઠા **'બરકાતે ખ્વાજા'**

ઈસે કેહતે હૈં ખિદમત સુન્નિયત કી
મુબલ્લિગ દીન કા **'બરકાતે ખ્વાજા'**

પરેશાં સુલેહકુલ્લી હો ગયે હૈં
કે જબસે આ ગયા **'બરકાતે ખ્વાજા'**

વહાબિયત કા રદ જિસમેં મુદલ્લલ
ચલા રાહે રઝા **'બરકાતે ખ્વાજા'**

ચલા યૂંહી ક઼લમ 'શબ્બીર રઝવી'
તુઝે હો ઔર અતા **'બરકાતે ખ્વાજા'**

દિખાતા હૈ યે અસ્લી ચેહરા **'આક઼િબ'**
હૈ સફ્ફાક આઈના **'બરકાતે ખ્વાજા'**

અઝ : ***જનાબ 'આક઼િબ'***
***બરકાતી–પેટલાદ***

### ★ સરકાર કી મીલાદ આઈ ★

હમ જશ્ને ઈદ મનાએં સરકાર કી મીલાદ આઈ
ખુશીયોં કે દીપ જલાએં સરકાર કી મીલાદ આઈ

મુશ્તાક થે જિન કે મૂસા ઔર જિન કે મુબશ્શિર ઈસા
ફૈઝ ઉનસે હમ સબ પાએં સરકાર કી મીલાદ આઈ

ઐ માહે રબીઉલ અવ્વલ તેરી બારહવીં તારીખ અફઝલ
સબ દૂર હૂઈ હૈં બલાએં સરકાર કી મીલાદ આઈ

વો વજહે વુજૂદે આલમ ઔર ફખ્રે જનાબે આદમ
મુમતાઝ હૈં ઉનકી અદાએં સરકાર કી મીલાદ આઈ

કુર્આન મેં હક઼્ક઼ને અકસર યાસીનો તાહા કેહકર
કી પ્યારી પ્યારી નિદાએં સરકાર કી મીલાદ આઈ

એહસાન હૈ હમ પર હક઼્ક઼ કા વો રસૂલે અમીન બખ્શા
ક્યૂં દિલ સે ન સદક઼ે જાએં સરકાર કી મીલાદ આઈ

આલમ મેં હુકૂમત ઉન કી સબ કરતે હૈં તાઅત ઉનકી
ખુર્શિદો ક઼મર લૌટ આએં સરકાર કી મીલાદ આઈ

મીલાદ કે સદક઼ે પાયા જિસને ભી હૈ જો કુછ માંગા
**'યૂનુસ'** ભી અબ ન ગભરાએં સરકાર કી મીલાદ આઈ

### જશ્ને મીલાદ હમ મનાએંગે...

જશ્ને મીલાદ હમ મનાએંગે
રબસે સદકા નબીકા પાએંગે

દૂર દિલકી સિયાહી કરનેકો
મેહફિલે નઅત હમ સજાએંગે

આજકી શબ હૈ રહમતોંકી શબ
રબકી રહમતમેં હમ નહાએંગે

માંગના હૈ તો મદીના માંગો
સદકએ મીલાદ વો બુલાએંગે

દેખકર કબ્રમેં હુઝૂરકો હમ
નઅતે સલ્લિઅલા સુનાએંગે

મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ
મેરે આકા મુઝે બચાએંગે

અપની આંખોંકી હિફાઝત કરના
અપના જલ્વા તુમ્હેં દિખાએંગે

અપને કાનોંકી હિફાઝત કરના
મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે

અપને હાથોંકી હિફાઝત કરના
જામ કૌષરકે વો પિલાએંગે

કાશ ! ફર્માં દે હશરમેં આકા
આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

**અઝ** : અતાએ મુફતીએ આ'ઝમ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી
હઝરત **મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી-મુંબઈ**